**5. નીચેના પ્રશ્નોના માતૃભાષામાં બે કે ત્રણ વાક્યોમાં જવાબ આપો :**

(1) ભીમસેનને માર્ગમાં રહેલ વાનર અભૂતપૂર્વ કેમ લાગે છે ?

(2) હનુમાન ભીમને શા માટે રોકે છે ?

(3) હનુમાન ભીમને પરિચય પૂછે છે ત્યારે ભીમ શું કહે છે ?

(4) ભીમસેન યુધિષ્ઠિર વિશેની કઈ વાત સાંભળીને દુઃખ અનુભવે છે ?

(5) હનુમાનને પૂંછડું ખસેડી લેવા ભીમસેન કહે છે ત્યારે તેઓ શું કરે છે ?

**6. વિવરણાત્મક નોંધ લખો :**

(1) अजातशत्रुः

(2) पौरवपारिजातः

**7. સમીક્ષાત્મક નોંધ લખો :**

(1) ભીમનું પાત્રાલેખન

(2) હનુમાનના પાત્રની વિશેષતાઓ

**8. નીચેનાં વાક્યો કોણ બોલે છે તે કૌંસમાં આપેલાં પાત્રોમાંથી શોધીને લખો :**

(हनूमान्, भीमः)

(1) अये, शाखामृगः कोऽपि पन्थानमधितिष्ठिति।

(2) अहो, धार्ष्ट्र्यं वानरस्य।

(3) ननु भोः क्षत्रियोऽहम्।

(4) भद्र, व्यपदेशतोऽवगन्तुं भवन्तमुत्कण्ठते मे चेतः।

(5) विकृष्यतां पुच्छः।

•

# 14. चतस्रो विद्याः

[**પ્રસ્તાવના :** સંસ્કૃતના પ્રાચીન સાહિત્યને જોતાં જણાય છે કે ત્યાં ધર્મનીતિની વિચારણા કરનાર ગ્રંથો-શાસ્ત્રોને ધર્મશાસ્ત્રની અંતર્ગત અને રાજનીતિની વિચારણા કરનારા ગ્રંથો-શાસ્ત્રોને અર્થશાસ્ત્રની અંતર્ગત મૂકવામાં આવે છે. આ પ્રકારના અર્થશાસ્ત્રમાં અત્યારે સૌથી વધારે પ્રસિદ્ધ આચાર્ય ચાણક્ય દ્વારા વિરચિત કૌટિલ્ય અર્થશાસ્ત્ર છે. ઈ.સ. પૂર્વે લગભગ ત્રણસો વર્ષ પહેલાં રચાયેલા મનાતા આ રાજનીતિશાસ્ત્રના ગ્રંથે પોતાની અનેક વિશેષતાઓને કારણે અર્થશાસ્ત્રના પર્યાયનું રૂપ લઈ લીધું છે. અત્યારે અર્થશાસ્ત્ર એમ કહેતાં આ કૌટિલ્ય-અર્થશાસ્ત્ર એમ સમજાય છે. પ્રસ્તુત પાઠ આ કૌટિલ્ય અર્થશાસ્ત્રના પ્રથમ અધિકરણમાંથી લેવામાં આવ્યો છે.

આ ગ્રંથની શૈલી વિશિષ્ટ છે. આમાં અમુક બાબતની ચર્ચામાં પ્રથમ તો પૂર્વ આચાર્યોના તે તે વિષયના મતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને છેલ્લે આચાર્ય કૌટિલ્ય પોતાના મતને રજૂ કરે છે. પ્રસ્તુત ગદ્યાંશમાં વિદ્યાઓની વિચારણા કરવામાં આવી છે. આ પ્રસંગે પ્રથમ માનવ, બાર્હસ્પત્ય અને ઔશનસ - એ ત્રણ મતોને નોંધીને તે પછી કૌટિલ્યે પોતાનો મત રજૂ કર્યો છે. આ રીતે આ ગ્રંથમાં કૌટિલ્યની પૂર્વેના રાજનીતિ-શાસ્ત્રના નિષ્ણાતોના મત પણ સુરક્ષિત રહી શક્યા છે.

રાજા પોતાની નૈસર્ગિક પ્રતિભાથી રાજકાર્યમાં સફળ થતો હોય છે. પણ જો તેને વધારે પ્રમાણમાં અને કાયમી ધોરણે સફળ થવું હોય, તો તેણે વિદ્યાનો આશ્રય લેવો જોઈએ. આ વિદ્યાઓ કઈ કઈ છે અને તેમનો ક્યારે, કેવી રીતે અને શા માટે ઉપયોગ કરવાનો છે, તેની સૂક્ષ્મ વિચારણા સૂત્રાત્મક રીતે અહીં થવા પામી છે. ]

---

त्रयी वार्त्ता दण्डनीतिश्चेति मानवाः। वार्ता दण्डनीतिश्चेति बार्हस्पत्याः। दण्डनीतिरेका विद्या इति औशनसाः। चतस्र एव विद्या इति कौटिल्यः। ताः च – आन्वीक्षिकी त्रयी वार्त्ता दण्डनीतिश्च। साङ्ख्यं योगो लोकायतं चेत्यान्वीक्षिकी। धर्माधर्मौ त्रय्याम्। अर्थानर्थौ वार्त्तायाम्। नयापनयौ दण्डनीत्याम्।

बलाबले चैतासां हेतुभिः अन्वीक्षमाणा आन्वीक्षिकी। सा आन्वीक्षिकी लोकस्योपकरोति, व्यसनेऽभ्युदये च बुद्धिमवस्थापयति। प्रज्ञावाक्यक्रियावैशारद्यं च करोति।

सामर्ग्यजुर्वेदास्त्रयस्त्रयी। त्रय्या हि रक्षितो लोकः प्रसीदति न सीदति।

कृषिपाशुपाल्ये वणिज्या च वार्ता। धान्यपशुहिरण्यकुप्यविष्टिप्रदानादौपकारिकी।

आन्वीक्षिकीत्रयीवार्त्तानां योगक्षेमसाधनो दण्डः। तस्य नीतिर्दण्डनीतिः।

सा च अलब्धलाभार्था, लब्धपरिरक्षणी, रक्षितविवर्धनी, वृद्धस्य तीर्थेषु प्रतिपादनी च। तस्यामायत्ता लोकयात्रा। तस्माल्लोकयात्रार्थी राजा नित्यमुद्यतदण्डः स्यात्।

राजा वार्त्तया प्राप्तेन कोशेन, प्रजायां प्रस्थापितेन दण्डेन च स्वपक्षं परपक्षं च वशीकरोति।

आन्वीक्षिकीं त्रयीं च विद्यां शिष्टेभ्य उपयुञ्जीत। वार्ताम् अध्यक्षेभ्य उपयुञ्जीत। दण्डनीतिं वक्तृप्रयोक्तृभ्यः च उपयुञ्जीत॥

### ટિપ્પણી

**त्रयी ( त्रयाणां समूहः – त्रयी, ( त.प्र. ) )**ત્રણ વેદ – ઋગ્વેદ-યજુર્વેદ-સામવેદ **वार्त्ता** કૃષિ, પશુપાલન તથા વ્યાપાર-વાણિજ્ય વગેરેનું જ્ઞાન આપતી વિદ્યા **दण्डनीतिः ( दण्डस्य नीतिः – ष.त.** અથવા **दण्डः प्रधानः यस्याम् सा नीतिः – म.प.लो. बहु. )** અપરાધીને દંડ-સજા આપવાની નીતિ (દંડ છે પ્રધાન જેમાં એવી નીતિ) **मानवाः ( मनोः इमे शिष्याः, त.प्र. )** મનુના શિષ્યો, મનુના મતનો સ્વીકાર કરનાર સહુ કોઈ **बार्हस्पत्याः ( बृहस्पतेः इमे शिष्याः, त.प्र. )** બૃહસ્પતિના શિષ્યો, બૃહસ્પતિના મતનો સ્વીકાર કરનાર સહુ કોઈ **औशनसाः ( उशनसः इमे शिष्याः, त.प्र. )** ઉશનસના શિષ્યો, ઉશનસના મતનો સ્વીકાર કરનાર સહુ કોઈ **चतस्रः ( चतुर् ( स्त्री. ) प्र.ब.व. )** ચાર **ताः ( तत् ( स्त्री. ) प्र.ब.व. )** તે **आन्वीक्षिकी** યોગ્ય પરીક્ષણ દ્વારા

સત્યદર્શન કરાવતી વિદ્યા, તર્ક કે હેતુવિદ્યા **साङ्ख्यम्** પ્રકૃતિ-પુરુષનું વિવેચન દર્શાવતું કપિલ મુનિએ રચેલું એક દર્શનશાસ્ત્ર **योगः** અષ્ટ અંગ ધરાવતું પતંજલિ ઋષિએ રચેલું એક દર્શનશાસ્ત્ર **लोकायतम्** ન્યાયશાસ્ત્ર **धर्माधर्मौ ( धर्मः च अधर्मः च - इ.द्व. )** ધર્મ અને અધર્મ, કર્તવ્ય અને અકર્તવ્ય **त्रय्याम् ( त्रयी स्त्री. स.ए.व. )** ત્રણેય વેદમાં **अर्थानर्थौ ( अर्थः च अनर्थः च - इ.द्व. )** અર્થ અને અનર્થ, કૃષિ વગેરે દ્વારા પ્રાપ્ત થતું યોગ્ય અને અયોગ્ય એવું ફળ-ધન **वार्त्तायाम्** વાર્તા નામની વિદ્યામાં **नयापनयौ ( नयः च अपनयः च - इ.द्व. )** ન્યાય અને અન્યાય **दण्डनीत्याम् ( दण्डनीति स.ए.व. )** દંડનીતિમાં, દંડનીતિની અંદર **बलाबले ( बलम् अबलम् च - इ.द्व. )** સબળ અને નિર્બળ **एतासाम् ( एतत् सर्व. स्त्री. ष.ब.व. )** આમનું **हेतुभिः** ન્યાયથી, તર્કથી **अन्वीक्षमाणा** પરીક્ષણ કરાતી, તપાસ કરાતી **लोकस्य** પ્રજાનું, સમાજનું **उपकरोति ( उप + कृ.** ઉપકાર કરવો **व. अ. ए.व. )** ઉપકાર કરે છે. **व्यसने** આપત્તિમાં, મુશ્કેલીમાં **अभ्युदये** ઉન્નતિમાં, પ્રગતિમાં, સુખાકારીની સ્થિતિમાં **बुद्धिम्** નિર્ણયને, વિચારને **अवस्थापयति ( अव + स्था प्रे. व. अ. ए.व. )** સહજ રીતે સ્થાપિત કરે છે **प्रज्ञावाक्यक्रियावैशारद्यम् ( प्रज्ञा च वाक्यम् च क्रिया च ( इ.द्व. ) - तासु वैशारद्यम् - स.त. )** વિચાર, વચન અને કર્મમાં રહેલી નિપુણતા-કુશળતાને **करोति ( कृ** કરવું **व. अ.ए.व. )** કરે છે, સંપન્ન બનાવે છે. **सामर्ग्यजुर्वेदाः ( साम च ऋक् च यजुर्वेदः च - इ.द्वं. )** સામવેદ, ઋગ્વેદ અને યજુર્વેદ **त्रयः ( त्रि ( पुं. ) प्र.ब.व. )** ત્રણ **त्रय्या ( त्रयी स्त्री. तृ.ए.व. )** ત્રણ વેદોથી **लोकः** પ્રજા, સમાજ **प्रसीदति ( प्र + सीद्** પ્રસન્ન થવું **व. अ.ए.व. )** પ્રસન્ન રહે છે. ખુશ રહે છે. **सीदति ( सीद्** દુઃખી થવું **व. अ.ए.व. )** દુઃખી થાય છે. નાશ પામે છે. **कृषिपाशुपाल्ये ( कृषिः च पाशुपाल्यं च - इ.द्व. )** કૃષિકાર્ય અને પશુપાલન **वणिज्या** વ્યાપાર, વણજ **धान्य...विष्टिप्रदानात् ( धान्यं च पशुः च हिरण्यं च कुप्यं च विष्टिः च ( इ.द्व. ) धान्य...विष्टीनां प्रदानम्, तस्मात् - ष.त. )** અનાજ, પશુ, સોનું, તાંબુ અને વિષ્ટિ-ઉદ્યોગ આપતી હોવાથી-હોવાને કારણે **औपकारिकी** ઉપકાર કરનારી **योगक्षेमसाधनः ( योगः च क्षेमः च ( इ.द्व. ), योगक्षेमौ साधनं यस्य सः - बहु. )** યોગ અને ક્ષેમના સાધનવાળો **अलब्धलाभार्था ( न लब्धम्, अलब्धम्, ( नञ् त. ), अलब्धस्य लाभः, अलब्धलाभः ( ष.त. ), अलब्धलाभः अर्थः यस्याः सा - बहु. )** અપ્રાપ્ત લાભ કે વસ્તુને મેળવી આપનાર **लब्धपरिरक्षणी ( लब्धस्य परिरक्षणी - ष.त. )** પ્રાપ્ત લાભ કે વસ્તુનું રક્ષણ કરનારી **रक्षितविवर्धनी ( रक्षितस्य विवर्धनी - ष.त. )** રક્ષાયેલા લાભ કે વસ્તુને વધારનારી **वृद्धस्य** વૃદ્ધિ પામેલાનું **तीर्थेषु** તીર્થરૂપ પવિત્ર સ્થળોમાં **प्रतिपादनी** યોગ્ય રીતે પ્રસ્થાપિત કરી આપનારી **तस्याम् ( तत् स्त्री. स.ए.व. )** તેમાં **आयत्ता** રહેલી છે, અધીન છે **लोकयात्रा** લોકવ્યવહાર **लोकयात्रार्थी** પ્રજાના હિતનો વિચાર કરનાર (રાજાનું વિશેષણ) **उद्यतदण्डः ( उद्यतः दण्डः येन सः - बहु. )** દંડ આપવામાં તત્પર, શિક્ષા આપવામાં સતત ઉદ્યત-તૈયાર રહેનાર **स्यात् ( अस्** હોવું **विधि. अ. ए.व. )** હોવું જોઈએ, રહેવું જોઈએ **वार्त्तया ( वार्त्ता तृ.ए.व. )** વાર્તા દ્વારા **कोशेन** ધનરાશિ દ્વારા **प्रस्थापितेन** નિયત રૂપે સ્થાપેલા (ધન)થી, નિયત કરેલા ધનરાશિથી **स्वपक्षम्** પોતાના સમુદાયને, પોતાના પક્ષમાં રહેલા સ્વજનને **परपक्षम्** પારકા સમુદાયને, પારકા પક્ષમાં રહેલા શત્રુને **वशीकरोति** વશ કરે છે, કાબૂમાં રાખે છે **शिष्टेभ्यः** શિષ્ટ-પ્રબુદ્ધ લોકો પાસેથી, જેમણે વિવિધ વિદ્યાઓને યોગ્ય રીતે મેળવી છે, તેવા લોકો પાસેથી **उपयुञ्जीत ( उप + युज् विधि. अ.ए.व. )** પ્રાપ્ત કરવી જોઈએ. મેળવવી જોઈએ. **अध्यक्षेभ्यः** (કૃષિ વગેરે વાણિજ્ય વિદ્યામાં) અગ્રેસર, આગળ પડતા લોકો પાસેથી **वक्तृप्रयोक्तृभ्यः ( वक्ता च प्रयोक्ता च, तेभ्यः, इ.द्व. )** પ્રવચન અને પ્રયોગમાં કુશળ એવા લોકો પાસેથી, ઉપદેશ કરનાર અને તે ઉપદેશને વ્યવહારમાં લેનારની પાસેથી.

## સન્ધિ

दण्डनीतिश्चेति (दण्डनीतिः च इति)। दण्डनीतिरेका (दण्डनीतिः एका)। चतस्र एव विद्या इति (चतस्रः एव विद्याः इति)। चेत्यान्वीक्षिकी (च इति आन्वीक्षिकी)। चैतासाम् (च एतासाम्)। लोकस्योपकरोति (लोकस्य उपकरोति)। व्यसनेऽभ्युदये (व्यसने अभ्युदये)। सामर्ग्यजुर्वेदास्त्रयस्त्रयी (सामर्ग्यजुर्वेदाः त्रयः त्रयी)। रक्षितो लोकः (रक्षितः लोकः)। धान्य..प्रदानादौपकारिकी (धान्य..प्रदानात् औपकारिकी)। योगक्षेमसाधनो दण्डः (योगक्षेमसाधनः दण्डः)। नीतिर्दण्डनीतिः (नीतिः दण्डनीतिः)। तस्माल्लोकयात्रार्थी (तस्मात् लोकयात्रार्थी)। शिष्टेभ्य उपयुञ्जीत (शिष्टेभ्यः उपयुञ्जीत)।

## વિશેષ

**1. आन्वीक्षिकी** – ધર્મ-અધર્મ-ન્યાય-અન્યાય-સબળ-નિર્બળ વગેરે પાસાનું બરાબર પરીક્ષણ કર્યા પછી સત્ય સિદ્ધ કરી આપતી એક પ્રકારની વિદ્યા.

**2. अर्थानर्थौ वार्त्तायाम्** – વાર્તા નામની વિદ્યામાં કૃષિ, વાણિજ્ય વગેરેના સંદર્ભે ક્યારે શું નિર્ણય કરીએ તો જે તે નિર્ણયનું શુભ-અશુભ ફળ આવે તે બાબતોનો સમાવેશ થાય છે.

**3. नयापनयौ दण्डनीत्याम्** – માણસના યોગ એટલે કે સંપત્તિની પ્રાપ્તિ અને ક્ષેમ એટલે કે, પ્રાપ્ત સમ્પત્તિની રક્ષા માટે જે હિત કરે છે તે નય અને અહિત કરે છે તે અપનય. આ નય અને અપનય બંનેની દંડનીતિમાં જોગવાઈ હોય છે. યોગ-ક્ષેમ માટે હિત-અહિત દર્શાવતી વિદ્યા એટલે દંડનીતિ, જેમાં દંડની જોગવાઈ હોય છે.

**4. त्रय्या हि रक्षितो लोकः प्रसीदति न सीदति।** – ત્રણેય વેદોમાં નિર્દિષ્ટ કર્તવ્ય-અકર્તવ્ય, વિધિનિષેધ પ્રમાણે વર્તન-વ્યવહારયુક્ત સમાજ કે પ્રજા હંમેશાં પ્રસન્ન રહે છે. તેનો ક્યારેય અકાળે વિનાશ થતો નથી કે આપત્તિ આવતી નથી. અહીં સમાજ કે પ્રજાના રક્ષણ માટે વેદોની અનિવાર્યતા દર્શાવી છે અને વેદત્રયીનું મહત્ત્વ પ્રતિપાદિત કરેલું છે.

**5. राजा स्वपक्षं परपक्षं च वशीकरोति।** – રાજા વાર્તા નામની વિદ્યાના ઉપયોગથી ધન મેળવે છે અને એ ધન દ્વારા આત્મીય લોકો કે પોતાની પ્રજા અથવા સ્વપક્ષને વશમાં રાખે છે. જ્યારે દંડનીતિ નામની વિદ્યાના ઉપયોગથી શત્રુઓના સમુદાયને અર્થાત્ પરપક્ષને વશમાં રાખે છે. આમ, અહીં રાજાને માટે વાર્તા અને દંડનીતિ બંને મહત્ત્વનાં છે, એમ જણાવવામાં આવ્યું છે.

**6. त्रयीं विद्यां शिष्टेभ्य उपयुञ्जीत।** – ત્રણેય વેદો ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદનું શિક્ષણ શિષ્ટ એટલે કે વેદને જાણનારા સજ્જન તથા પ્રબુદ્ધ લોકો પાસેથી લેવું જોઈએ.

**7. वार्त्ताम् अध्यक्षेभ्यः उपयुञ्जीत।** – કૃષિ-વાણિજ્ય વગેરેથી યુક્ત વાર્તાવિદ્યા કૃષિજ્ઞ લોકોમાં અગ્રેસર હોય, તેવી વ્યક્તિઓ પાસેથી ગ્રહણ કરવી જોઈએ.

**8. दण्डनीतिं वक्तृप्रयोक्तृभ्यः उपयुञ्जीत।** – શિક્ષાપ્રધાન દંડનીતિ વિદ્યાના પ્રવચનમાં અને એ વિદ્યાના પ્રયોગમાં કુશળ હોય, એવા લોકો પાસેથી દંડનીતિ શીખવી જોઈએ.

## સ્વાધ્યાય

**1. अधोलिखितप्रश्नानां संस्कृतभाषया उत्तराणि यच्छत ।**

(1) त्रय्यां के वेदा: समाविष्टा: सन्ति ?

(2) का विद्या लोकस्य उपकरोति ?

(3) कीदृश: लोक: प्रसीदति ?

(4) दण्ड: कीदृश: प्रोक्त: ?

(5) वार्त्तां केभ्य: उपयुञ्जीत ?

**2. योग्यं विकल्पं चित्वा उत्तरं लिखत ।**

(1) मानवा: इत्यस्य कोऽर्थ: ?

(क) मनुशिष्या: (ख) जना: (ग) लोका: (घ) प्रजा:

(2) कौटिल्यो नाम क: ?

(क) कुटिल: (ख) चाणक्य: (ग) कुशल: (घ) कर्मकर:

(3) उद्यतदण्ड: कस्य विशेषणम् अस्ति ?

(क) नृपस्य (ख) लोकस्य (ग) आचार्यस्य (घ) शिष्यस्य

(4) राजा किं वशीकरोति ?

(क) स्वपक्षम् (ख) परपक्षम् (ग) स्वपक्षं परपक्षं च (घ) लोकम्

(5) आन्वीक्षिकीं त्रयीं च केभ्य: उपयुञ्जीत ?

(क) शिष्टेभ्य: (ख) अध्यक्षेभ्य: (ग) वक्तृभ्य: (घ) प्रयोक्तृभ्य:

**3. યોગ્ય પદ પસંદ કરીને ખાલી જગ્યા પૂરો :**

(1) ............... प्रसीदति न सीदति। (लोक:, जन:, प्रजा:)

(2) कृषिपाशुपाल्ये वाणिज्या च ............... । (आन्वीक्षिकी, वार्त्ता, नीति:)

(3) तस्यामायत्ता ............... । (तीर्थयात्रा, धर्मयात्रा, लोकयात्रा)

**4. માતૃભાષામાં ઉત્તર આપો :**

(1) બાર્હસ્પત્યોના મતે વિદ્યાઓ કેટલી છે ? તેમનાં નામ લખો.

(2) ઔશનસ તરીકે કોણ ઓળખાય છે ?

(3) વાર્ત્તા એટલે શું ?

(4) દંડ દ્વારા કોનું રક્ષણ થાય છે ?

(5) રાજા કેવો હોવો જોઈએ ?

(6) આન્વીક્ષિકી કોની પાસેથી શીખવી જોઈએ ?

**5. વિવરણાત્મક નોંધ લખો :**

(1) आन्वीक्षिकी

(2) स्वपक्षपरपक्षौ

(3) चतस्रो विद्या:

**6. સસંદર્ભ સમજૂતી આપો :**

(1) चतस्र एव विद्या इति कौटिल्य:।

(2) त्रय्या हि रक्षितो लोक: प्रसीदति न सीदति।

(3) राजा नित्यमुद्यतदण्ड: स्यात्।

•

# 15. ननु वर्णितोऽसि

[**પ્રસ્તાવના :** સંસ્કૃત કવિ અને સમ્રાટ હર્ષવર્ધન ઈ.સ.ની સાતમી સદીમાં થઈ ગયા છે. સમ્રાટ તરીકે તેમણે પોતાના દરબારમાં અનેક કવિઓને આશ્રય આપ્યો હતો. તેમાં બાણ અને મયૂર એ બે સુપ્રસિદ્ધ કવિઓ હતા. હર્ષવર્ધને સંસ્કૃતજગતને नागानन्दम्, रत्नावली અને प्रियदर्शिका - એ ત્રણ અનુપમ નાટ્યકૃતિઓની ભેટ આપી છે. એમ મનાય છે કે હર્ષવર્ધને પોતાના જમાનામાં બે મોટી ધર્મપરિષદો બોલાવી હતી. એક પ્રયાગમાં અને બીજી કનૌજ (સંસ્કૃત નામ કાન્યકુબ્જ)માં. આ ધર્મપરિષદ્‌ના પ્રસંગે नागानन्दम् અને प्रियदर्शिका એ બંને નાટ્યકૃતિઓ રંગમંચ ઉપર ભજવાઈ હતી.

પ્રસ્તુત પાઠનો નાટ્યાંશ 'नागानन्दम्'ના ત્રીજા અંકમાંથી સંપાદિત કરીને લેવામાં આવ્યો છે. આ એક હાસ્યયુક્ત પ્રસંગ છે. અહીં શ્લેષનો ચમત્કાર હાસ્ય જન્માવે છે. કથાવસ્તુ કંઈક આ પ્રમાણે છે - નાટકનો નાયક જીમૂતવાહન છે અને તે વિદ્યાધરોનો રાજા છે. નાયિકા મલયવતી છે અને તે સિદ્ધ જાતિની છે. બંને વચ્ચે પ્રેમ પાંગર્યો છે. એક વાર નાયક, તેનો મિત્ર વિદૂષક તથા નાયિકા પોતાની સખી ચેટી સાથે તમાલવીથિકામાં બેઠાં હોય છે. આ પ્રસંગે શરદઋતુના તાપથી ખિન્ન બનેલી નાયિકાના મુખનું નાયક વર્ણન કરે છે. તે જોઈને વિદૂષક 'પોતે પણ જોવા લાયક રૂપાળો છે, પણ અદેખાઈને લીધે કોઈ એનું વર્ણન કરતું નથી' એવો ટોણો મારે છે. આના ઉત્તરમાં નાયિકાની સખી ચેટી 'હું આપનું વર્ણન કરીશ' એમ કહીને વિદૂષકનું વર્ણન કરવા તત્પર બને છે.

ચેટીના કથનમાં શ્લેષ છે. वर्णयामिનો એક અર્થ 'વર્ણન કરું છું' અને બીજો અર્થ 'રંગું છું' એમ છે. વિદૂષક પહેલો અર્થ સમજીને ખુશ થઈ રહ્યો છે, પણ ચેટી બીજા અર્થ પ્રમાણે તમાલના રસથી વિદૂષકનું મુખ રંગીને કાળું કરી દે છે. આમ, આ ઘટના હાસ્યનું કારણ બની રહે છે. આખો પ્રસંગ ખૂબ જ સરળ અને નિર્દોષ હાસ્યને જન્માવનારો છે.]

---

(कुसुमाकरोद्याने जीमूतवाहनः मलयवती चेटी चेति त्रयः जनाः उपस्थिताः सन्ति। विदूषकः आत्रेयः इदानीं तत्र प्रविशति।)

**विदूषकः** – (उपसृत्य) जयतु भवान्। स्वस्ति भवत्यै।

**नायकः** – वयस्य, चिरादायातः।

**विदूषकः** – भो वयस्य, शीघ्रम् आगतः अस्मि। किन्तु विवाहमङ्गलमहोत्सवे मिलितानां विद्याधराणाम् आपानकदर्शनकौतूहलेन परिभ्रमन्नेतावतीं वेलां विलम्बितोऽस्मि। तत्प्रियवयस्योऽपि तावदेतत् प्रेक्षताम्।

**नायकः** – यथाह भवान्। (समन्तात् अवलोक्य) वयस्य, पश्य पश्य। एते विद्याधराः चन्दनतरुच्छायासु सिद्धजनैः सार्धं मधूनि पिबन्ति। तदेहि। वयमपि तमालवीथिकां गच्छामः।

(सर्वे परिक्रामन्ति।)

**विदूषकः** – एषा खलु तमालवीथिका। एतच्च शरत्सन्तापखेदितमत्रभवत्याः वदनं लक्ष्यते। तदिह स्फटिकशिलातले उपविशतु।

**नायकः** – वयस्य, सम्यगुपलक्षितम्।

एतन्मुखं प्रियायाः शशिनं जित्वा कपोलयोः कान्त्या।

तापानुरक्तमधुना कमलं ध्रुवमीहते जेतुम्॥

(मलयवतीं हस्ते गृहीत्वा) प्रिये, इहोपविशामः। (सर्वे उपविशन्ति।)

**नायकः** – (नायिकायाः मुखं पश्यन्) प्रिये, वृथैव त्वमस्माभिः परिखेदिता। एतत्ते मुखं नन्दनोद्यानम्, अन्यत् केवलं वनम्।

**चेटी** – (सस्मितं विदूषकं निर्दिश्य) श्रुतं त्वया भर्तृदारिका कथं वर्ण्यते।

**विदूषकः** – चतुरिके, मैवं गर्वमुद्वह। अस्माकमपि मध्ये दर्शनीयो जनोऽस्त्येव। केवलं मत्सरेण कोऽपि न वर्णयति।

**चेटी** – (सस्मितम्) आर्य, अहं त्वां वर्णयामि।

**विदूषकः** – (सहर्षम्) जीवापितोऽस्मि। तत्करोतु भवती प्रसादम्। येनैष मां पुनरपि न भणति यथा त्वमीदृशः तादृशः कपिलमर्कटाकार इति।

**चेटी** – आर्य, त्वं मया विवाहजागरणेन निद्रायमाणो निमीलिताक्षः शोभनो दृष्टः। तत्तथैव तिष्ठ येन वर्णयामि।

**विदूषकः** – (तथा करोति।)

**चेटी** – (स्वगतम्) यावत् एषः निमीलिताक्षः तिष्ठति तावत् नीलरसतुल्येन तमालपल्लवरसेन मुखमस्य कालीकरिष्यामि। (उत्थाय तमालपल्लवग्रहणं तन्निष्पीडनं च नाटयति। नायको नायिका च विदूषकं पश्यतः।)

**नायकः** – वयस्य, धन्यः खलु असि। अस्मासु तिष्ठत्सु त्वमेवं वर्ण्यसे।

**चेटी** – (तमालरसेन विदूषकस्य मुखं कालीकरोति।)

**नायिका** – (नायकस्य मुखं दृष्ट्वा स्मितं करोति।)

**विदूषकः** – चेटी, किं त्वया कृतम्।

**चेटी** – ननु वर्णितोऽसि।

**विदूषकः** – (हस्तेन मुखं प्रमृज्य, हस्तं दृष्ट्वा सरोषं दण्डकाष्ठम् उद्यम्य) आहा दास्याः पुत्रि, राजकुलं खलु एतत्। किं ते करिष्ये ? (नायकं निर्दिश्य) भोः युवयोः पुरत एवाहं दास्याः पुत्र्या खलीकृतः। तत्किं मम इह स्थितेन। अन्यतो गमिष्यामि तावत्। (निष्क्रामति।)

**चेटी** – सत्यं खलु कुपितो मे आर्यः आत्रेयः। यावदनुगम्य प्रसादयिष्यामि। (गन्तुमिच्छति।)

**नायिका** – हञ्जे चतुरिके, कथं मामेकाकिनीमुज्झित्वा गच्छसि।

**चेटी** – (नायकमुद्दिश्य सस्मितम्) एवमेकाकिनी चिरं भव। (इति निष्क्रान्ता।)

## ટિપ્પણી

**उपसृत्य ( उप + सृ + क्त्वा > य सं.भू.कृ. )** પાસે જઈને **स्वस्ति भवत्यै ( भवती ( स्त्री. ) च. ए.व. )** આપ શ્રીમતીનું કલ્યાણ થાઓ. (અહીં स्वस्ति અવ્યયનો પ્રયોગ થયો હોઈને भवत्यैમાં ચતુર્થી વિભક્તિ થઈ છે.) **वयस्य** હે મિત્ર **विवाहमङ्गलमहोत्सवे ( विवाहमङ्गलस्य महोत्सवः - ष.त. )** વિવાહરૂપી મંગળ મહોત્સવમાં **विद्याधराणाम्** વિદ્યાધરોનું (વિદ્યાધર એક પ્રકારની અર્ધદિવ્ય જાતિ છે.) **आपानकदर्शनकौतूहलेन ( आपानकस्य दर्शनम् ( ष.त. ), आपानकदर्शनात् कौतुहलम् - पं.त. )** મદ્યપાનની ગોષ્ઠી જોવાના કુતૂહલથી **एतावतीं वेलाम्** આટલો સમય **प्रेक्षताम् ( प्र + ईक्ष् आज्ञा. अ. ए.व. )** જુઓ. **समन्तात् ( अ. )** ચારે બાજુએ **चन्दनतरुच्छायासु ( चन्दनतरोः छाया - तासु - ष.त. )** ચન્દનવૃક્ષની છાયામાં **सिद्धजनैः** સિદ્ધજનોથી (સિદ્ધ એક પ્રકારની અર્ધદિવ્ય જાતિ છે.) **मधूनि ( मधु ( नपुं. ) प्र. ब.व.** મદિરા **तदेहि ( तत् एहि - आ + इ आज्ञा. म. ए.व. )** તો ચાલ. **तमालवीथिका** તમાલ વૃક્ષોની બે હરોળ વચ્ચેનો રસ્તો **शरत्सन्तापखेदितम् ( शरदः सन्तापः ( ष.त. ), शरत्सन्तापेन खेदितम् - तृ.त. )** શરદઋતુના તાપથી ખેદ પામેલું **लक्ष्यते ( लक्ष् व. अ. ए.व. )** જણાય છે. **सम्यक् उपलक्षितम्** બરાબર જોયું. **शशिनम् ( शशिन् द्वि.ए.व. )** ચન્દ્રને **कपोलयोः** બંને ગાલોની **तापानुरक्तम् ( तापेन अनुरक्तम् - तृ. त. )** તાપથી લાલ બનેલા **ईहते ( ईह् व. अ. ए.व. )** ઇચ્છે છે **परिखेदिता ( परि + खिद् + ( प्रे. ) + क्त> त ( स्त्री. ) क. भू.कृ. )** અત્યંત દુઃખી થયેલી **नन्दनोद्यानम्** ઇન્દ્રનું ઉપવન, ઉદ્યાન **निर्दिश्य ( निर् + दिश् + क्त्वा > य सं.भू.कृ. )** બતાવીને, નિર્દેશ કરીને **भर्तृदारिका** રાજકુમારી **उद्वह ( उत् + वह् आज्ञा. म. ए.व. )** તું ધારણ કર. **मत्सरेण** અદેખાઈથી **वर्णयति ( वर्ण व. अ. ए.व. )** વર્ણન કરે છે. (બીજો અર્થ છે) રંગે છે. વર્ણવાળું બનાવે છે. **जीवापितः ( जीव् प्रे. + क्त> त, क. भू.कृ. )** જીવનદાન અપાયું **कपिलमर्कटाकारः ( कपिलश्चासौ मर्कटः ( कर्म. ), कपिलमर्कटस्य आकारः इव आकारः यस्य सः - बहु. )** લાલ રંગના માંકડા જેવા આકારવાળો **निद्रायमाणः ( निद्रा** નામ પરથી બનેલા **निद्राय**

નામધાતુનું **व.कृ.)** ઊંઘતો **निमीलिताक्षः ( निमीलिते अक्षिणी यस्य सः - बहु. )** મીંચેલી આંખોવાળો **नीलरसतुल्येन ( नीलरसेन तुल्यः, तेन-तृ.त. )** ઘેરા કાળા રસ જેવા **तमालपल्लवरसेन ( तमाल-पल्लवानां रसः तेन - ष.त. )** તમાલવૃક્ષની કૂંપળોના રસથી **कालीकरिष्यामि ( काल + च्वी + कृ. भ. अ. ए.व. )** કાળો કરીશ **निष्पीडनम्** મસળવું તે **नाटयति ( नट् व. अ. ए.व. )** અભિનય કરે છે. **अस्मासु तिष्ठत्सु** મારી હાજરીમાં **( सति सप्तमी ) कालीकरोति ( काल + च्वी + कृ व. अ. ए.व. )** કાળું કરે છે. **वर्णितः असि ( वर्ण् + क्त > त क.भू.कृ. )** તું વર્ણવાયો છે. તું રંગાઈ ગયો છે. **प्रमृज्य ( प्र + मृष् + क्त्वा > य, सं.भू.कृ. )** ઘસીને **दण्डकाष्ठम्** લાકડાના દંડૂકાને **उद्यम्य ( उत् + यम् + क्त्वा > य, सं.भू.कृ. )** ઉગામીને **दास्याः पुत्रि** હે દુષ્ટ છોકરી (સંસ્કૃત નાટકોમાં આ શબ્દ સ્ત્રીપાત્ર તરફ પોતાનો ગુસ્સો પ્રકટ કરી તિરસ્કાર કરવા માટે પ્રયોજાય છે.) **खलीकृतः ( खल + च्वी + कृ + क्त> त क.भू.कृ. )** મૂર્ખ બનાવ્યો. અપમાનિત કર્યો. **हञ्जे** હે સખી, અલી (સંબોધન) **उज्झित्वा ( उज्झ् + क्त्वा सं भू.कृ. )** છોડીને **उद्दिश्य ( उद् + दिश् + क्त्वा > य सं.भू.कृ. )** ઉદ્દેશીને.

## સન્ધિ

चिरादायातः (चिरात् आयातः)। परिभ्रमन्नेतावतीम् (परिभ्रमन् एतावतीम्)। तत्प्रियवयस्योऽपि (तत् प्रियवयस्यः अपि)। तदेहि (तत् एहि)। एतच्च (एतत् च)। इहोपविशामः (इह उपविशामः)। मैवम् (मा एवम्)। दर्शनीयो जनोऽस्त्येव (दर्शनीयः जनः अस्ति एव)। येनैष माम् (येन एषः माम्)। तन्निष्पीडनम् (तत् निष्पीडनम्)॥

## સ્વાધ્યાય

**1. अधोलिखितेभ्यः विकल्पेभ्यः समुचितम् उत्तरं चिनुत ।**

(1) चेटी कस्य मुखं कालीकरोति ?

(क) नायकस्य (ख) नायिकायाः (ग) विदूषकस्य (घ) मर्कटस्य

(2) कस्य वृक्षस्य पल्लवरसेन चेटी विदूषकस्य मुखं वर्णयति ?

(क) चन्दनस्य (ख) तमालस्य (ग) पिप्पलस्य (घ) कुरबकस्य

(3) विदूषकः आत्मानं कीदृशं मन्यते ?

(क) चतुरम् (ख) दर्शनीयम् (ग) मूढम् (घ) चपलम्

(4) यदा चेटी विदूषकं वर्णयति तदा स कीदृशः तिष्ठति ?

(क) प्रसन्नः (ख) कुपितः (ग) निमीलिताक्षः (घ) सन्तप्तः

**2. સસંદર્ભ સમજૂતી આપો :**

(1) एतत्ते मुखं नन्दनोद्यानम्, अन्यत् केवलं वनम्।

(2) अस्माकमपि मध्ये दर्शनीयो जनोऽस्त्येव।

(3) आर्य, अहं त्वां वर्णयामि।

(4) एवमेकाकिनी चिरं भव।

**3. નીચેના પ્રશ્નોના માતૃભાષામાં જવાબ આપો :**

(1) વિદૂષક મોડા આવવાનું શું કારણ આપે છે ?

(2) જીમૂતવાહન મલયવતીના મુખની કઈ રીતે પ્રશંસા કરે છે ?

(3) વિદૂષકના મુખનું વર્ણન કરતી વખતે દાસી તેને કેવી રીતે બેસી રહેવા કહે છે ?

(4) દાસી વિદૂષકના મુખનું વર્ણન શી રીતે કરે છે ?

(5) પોતાનું મુખ કાળું છે, એમ જાણીને વિદૂષક શું કહે છે ?

**4. નીચે આપેલી ઉક્તિઓ કોણ બોલે છે તે કૌંસમાં આપેલાં પાત્રોનાં નામ પસંદ કરીને લખો :**

(विदूषकः, जीमूतवाहनः, चेटी)

(1) जयतु भवान्। स्वस्ति भवत्यै।

(2) प्रिये, इह उपविशावः।

(3) एतत्ते मुखं नन्दनोद्यानम्, अन्यत् केवलं वनम्।

(4) आर्य, अहं त्वां वर्णयामि।

(5) सत्यं खलु कुपितो मे आर्यः आत्रेयः।

(6) एवमेकाकिनी चिरं भव।

**5. સમીક્ષાત્મક નોંધ લખો :**

(1) પાઠમાં વ્યક્ત થતો હાસ્યરસ

(2) ચેટીએ કરેલી વિદૂષકની છેતરપિંડી

•

# 16. रज्जुः भस्म भवत्विति

[**પ્રસ્તાવના :** સંસ્કૃત સાહિત્યમાં પ્રાણીઓને પાત્ર બનાવીને અનેક નીતિકથાઓ રચવામાં આવી છે. આ નીતિકથાઓ ક્યારેક કોઈ ગ્રંથના રૂપમાં સંગૃહીત થઈ છે, તો ક્યારેક લોકમુખે રહીને સુરક્ષિત રહી છે. આવી કથાઓ કર્ણોપકર્ણ આપણા સુધી પહોંચી છે. આ પ્રકારની કથાઓએ એક બાજુ માનવસમાજના ઘડતરનું કાર્ય કર્યું છે, તો બીજી બાજુ શિષ્યોપદેશ માટે વિદ્વત્સમુદાયને નવી નવી કથાઓ વિચારવાની પ્રેરણા કરવાનું કાર્ય પણ કર્યું છે. આ કારણે આજેય નવી નવી ઉપદેશાત્મક કથાઓ સંસ્કૃતમાં રચવામાં આવી રહી છે.

કથા-સંરચનાની આ પ્રવૃત્તિમાં જેમ વિવિધ પ્રાણીઓની પસંદગી કરવામાં આવી છે, તેવી રીતે ભોજ અને કાલિદાસ - એ બે પાત્રોના કાલ્પનિક સંવાદોને કેન્દ્રમાં રાખીને પણ કેટલીક કથાઓ રચાઇ છે. સંસ્કૃતની આવી કેટલીક કથાઓ મહાકવિ बल्लालकृत भोजप्रबन्धमां સંગૃહીત છે. આ કથાસંગ્રહ પણ નવી કથાઓને રચવામાં પ્રેરણા આપતો રહે છે. આવી પ્રેરણાના ફળસ્વરૂપે પ્રસ્તુત કથાની સંરચના કરવામાં આવી છે.

કોઈક વસ્તુનું નિર્માણ કરવાનું હોય, ત્યારે મોટા ભાગે લોકો પરંપરાપ્રાપ્ત પદાર્થો અને પદ્ધતિને ધ્યાનમાં રાખીને પ્રવૃત્ત થાય છે; પરંતુ આ રીતે સર્વત્ર સફળતા મળે જ, એ શક્ય નથી. આવી સ્થિતિમાં પરંપરાથી વિપરીત પદ્ધતિનો પણ ક્યારેક આશ્રય લેવાનો રહે છે. આ વિચારને કેન્દ્રમાં રાખીને ભોજ-કાલિદાસની આ સંવાદાત્મક કથાનું ગ્રથન કર્યું છે. રાજા ભોજ ભસ્મમાંથી રજ્જુ બનાવવાનું કહે છે. પરંપરાગત પદ્ધતિનો આશ્રય લઈને બધાં ભસ્મ ભેગી કરીને રજ્જુને બનાવવાનો ઉપક્રમ કરે છે, પણ તેમને સફળતા મળતી નથી. છેવટે કાલિદાસ આ કાર્ય કરી બતાવે છે. તે ભસ્મમાંથી રજ્જુ બનાવવાને બદલે રજ્જુને જ ભસ્મ બનાવે છે. આ રીતે ભોજની ઇચ્છાને સંતોષે છે અને પુરસ્કાર મેળવે છે. માણસે સતત યાદ રાખવાનું છે કે પુરુષાર્થી અને બુદ્ધિમાન માણસને માટે સંસારમાં કોઈ વસ્તુ અસંભવ નથી.]

---

एकदा जनसभायां भोजेन उद्घोषितम् – यदि कश्चित् जनः भस्मना रज्जुं निर्माय मह्यं दास्यति, तर्हि अहं तस्मै रूप्यकाणां सहस्रं प्रदास्यामीति।

राज्ञः उद्घोषं श्रुत्वा सर्वे नागरिकाः जनाः भस्मना रज्जुं निर्मातुं प्रयत्नरताः सञ्जाताः।

प्रायः सर्वेषां जनानामयम् अनुभवः वर्तते, यत् कस्यचित् पदार्थस्य निर्माणाय पदार्थाः, पद्धतिज्ञानं, पुरुषार्थश्चेति वस्तुत्रयम् अपेक्षितं भवति। यदि कारणभूताः पदार्थाः न सन्ति, कस्यापि नवीनस्य पदार्थस्य निर्माणं कर्तुं न शक्यते। सत्सु कारणभूतेषु पदार्थेषु अपि यदि निर्माणस्य पद्धतिः नावगता, तदापि पदार्थस्य निर्माणं कर्तुं न पारयामः। पदार्थाः उपस्थिताः स्युः, निर्माणरीतिः अपि अवगता स्यात्तथापि यावत्पर्यन्तं जनः पुरुषार्थं न करोति, तावत्पर्यन्तं सः नवीनस्य पदार्थस्य निर्माणं कर्तुं समर्थो न भवतीति।

नगरस्य प्रत्येकं जनः स्वकीयेन उपर्युक्तेनानुभवेन प्रथमं रज्जुनिर्माणे आवश्यकानां भस्मजलादीनां पदार्थानाम् एकत्रीकरणे प्रवृत्तः। ततो गोधूमचूर्णेन रोटिकायाः निर्माणस्य यादृशी पद्धतिः तेनावगता आसीत् तया पद्धत्या रज्जुनिर्माणे प्रचण्डेन पुरुषार्थेन उद्यतः जातः। कृतेनापि बहुना प्रयत्नेन भस्म रज्जुरूपतां न प्राप्तम्। यतो हि जलार्द्रं भस्म रज्जुरूपताप्रदानकाले विशीर्णं सत् रज्जुरूपं न साधयति स्म। निखिलो दिवस एवमेव व्यर्थः व्यतीतः। परिणामतः भस्मना प्रणीतां रज्जुम् अवलोकयितुकामः राजा नैराश्यमभजत।।

अपरस्मिन् दिवसे राजसभायां राजा कालिदासाय न्यवेदयत्, भवानेव साधयतु भस्मना रज्जुः इति।

कालिदासः सद्यः एव रज्जुं साधयितुं प्रयत्नपरोऽभवत्। तेन पूर्वं रज्जुः समानीता। ततः तेन सा रज्जुः स्थालिकायां स्थापिता। स्थालिकायां स्थापितायां रज्जौ कालिदासः अग्निं प्राक्षिपत्। स्थालिकायां स्थिता रज्जुः यथा यथा अग्निमयी जाता तथा तथा भस्मत्वेन परिणमिता। एवं कालिदासेन भस्मना रज्जुः निर्मिता। प्रशान्ते अग्नौ स्थालिकास्थितां भस्मभूतां रज्जुं कालिदासः राज्ञे भोजाय अदर्शयत्। राजा प्रसन्नो भूत्वा कालिदासाय रूप्यकाणां सहस्रं ददौ। पुरस्कारेण प्रसन्नवदनः कालिदासः उपस्थितान् जनान् प्रत्यवोचत् –

प्रवाहपतितो लोकः प्रवाहमनुसेवते। सेवमानः प्रवाहं तं कार्यं साधयते मुदा॥

वैचित्र्यादस्य विश्वस्य प्रवाहे सेवितेऽपि वा। कार्यसाधनवेलायां मानवः निष्फलो भवेत्॥

मामिवानुसरन्प्राज्ञो विरुद्धं मन्त्रयेत् क्वचित्। भस्म भवतु नो रज्जुः रज्जुर्भस्म भवत्विति॥

**रज्जुः** (સ્ત્રી.) દોરડું **भस्म ( भस्मन् ( नपुं )प्र.ए.व. )** રાખ **कश्चित्** કોઈક એક **भस्मना ( भस्मन् तृ.ए.व. )** રાખ વડે, રાખથી **निर्माय ( निर् + मा + क्त्वा > य सं.भू.कृ. )** બનાવીને **मह्यम् ( अस्मद् च.ए.व. )** મને **दास्यति ( दा** આપવું **भ. अ.ए.व. )** આપશે. **तर्हि** તો **तस्मै ( तत् ( पुं. ) च.ए.व. )** તેને, તેને માટે **रूप्यकाणां सहस्रम्** હજાર રૂપિયા **प्रदास्यामि ( प्र + दा. भ.उ.ए.व. )** હું આપીશ. **उद्घोषम्** જાહેરાતને **श्रुत्वा ( श्रु + क्त्वा > त्वा सं.भू.कृ. )** સાંભળીને **निर्मातुम् ( निर् + मा + तुम् हे.कृ. )** બનાવવા માટે **प्रयत्नरताः ( प्रयत्ने रताः, स.त. )** પ્રયત્નશીલ **सञ्जाताः ( सम् + जन् + क्त> त क.भू.कृ. )** બન્યા. **प्रायः** મોટે ભાગે, ઘણું કરીને **कस्यचित्** કોઈકનું **निर्माणाय** નિર્માણ માટે, બનાવવા કાજે **वस्तुत्रयम्** ત્રણ વસ્તુઓ **अपेक्षितम्** જરૂરી **कारणभूताः** કારણરૂપ બનેલાઓ **शक्यते ( शक्** (શકવું) **भावे व.का. अ. ए.व. )** શક્ય છે, થઈ શકે છે **सत्सु** હોવા છતાં **कारणभूतेषु** કારણરૂપ બનેલાઓમાં **न अवगता ( अव + गम् + क्त> त ( स्त्री. ) क.भू.कृ. )** જાણી ન હોય, આવડતી ન હોય, જાણમાં ન હોય **तदापि** ત્યારે પણ **न पारयामः ( पार् + प्रे. व.अ.ए.व. )** આપણે સફળ થતા નથી, કાર્યને પાર પાડી શકતા નથી **निर्माणरीतिः ( निर्माणस्य रीतिः - ष.त. )** બનાવવાની રીત **अवगता** જાણી, જાણેલી **यावत्पर्यन्तम्** જ્યાં સુધી **तावत्पर्यन्तम्** ત્યાં સુધી **स्वकीयेन** પોતાના વડે **उपर्युक्तेन** ઉપર કહ્યા મુજબના **रज्जुनिर्माणे ( रज्ज्वाः निर्माणम्, तस्मिन् - ष.त. )** દોરડાના નિર્માણમાં **आवश्यकानाम्** જરૂરી હોય એવાઓના **भस्म-जलादीनाम् ( भस्म च जलम् च - ( इ.द्व. ), भस्मजले आदिः येषां ते - बहु. )** રાખ-પાણી વગેરેનું **एकत्रीकरणे** એકઠા કરવામાં આવતાં **प्रवृत्तः ( प्र + वृत् . क्त > त क.भू.कृ. )** લાગી ગયેલો, પ્રવૃત્ત થયો **गोधूमचूर्णेन ( गोधूमस्य चूर्णम्, तेन - ष.त. )** ઘઉંના લોટથી **रोटिकायाः** રોટલીના **यादृशी** જેવી **उद्यतः ( उत् + यम् + त क.भू.कृ. )** પ્રયત્નશીલ **जलार्द्रम् ( जलेन आर्द्रम्, तृ.त. )** પાણીથી ભીનું થયેલું **रज्जुरूपताप्रदानकाले ( रज्ज्वाः रूपता - ( ष.त. ), रज्जुरूपतायाः प्रदानम् - ( ष.त. ), रज्जुरूपताप्रदानस्य कालः, तस्मिन् - ष.त. )** દોરડાનું રૂપ આપતી વખતે, દોરડું બનાવતી વખતે **विशीर्णम् ( वि + शृ + क्त > त क.भू.कृ. )** વેરવિખેર **सत्** હોતું **रज्जुरूपम् ( रज्ज्वाः रूपम् - ष.त. )** દોરડાનું સ્વરૂપ **न साधयति स्म** સધાતું ન હતું, બનતું ન હતું **व्यतीतः ( वि + अति + इ + क्त > त क.भू.कृ. )** પસાર થયો, વીતી ગયો **परिणामतः** ફળસ્વરૂપે **प्रणीताम् ( प्र + नी + क्त > त + ( स्त्री. ) क.भू.कृ. )** બનાવવામાં આવેલી **अवलोकयितुकामः** જોવાની ઇચ્છાવાળો **नैराश्यम्** નિરાશાના ભાવને, નિરાશાને **अभजत ( भज् ह्य.भू. अ. ए.व. )** પામ્યો. **अपरस्मिन् दिवसे** બીજા દિવસે **न्यवेदयत् ( नि + विद् ह्य.भू. अ. ए.व. )** નિવેદન કર્યું, જણાવ્યું **साधयतु ( साध् प्रे. आज्ञा. अ. ए.व. )** બનાવી આપો. બનાવો. **सद्यः एव** તરત જ **पूर्वम्** પહેલાં **समानीता** લાવવામાં આવી. **स्थालिकायाम्** થાળીમાં **स्थापिता** મૂકવામાં આવી **प्राक्षिपत् ( प्र-क्षिप् ह्य. अ. ए.व. )** નાખ્યો. મૂક્યો. **अग्निमयी जाता** સળગવા લાગી **भस्मत्वेन** રાખના સ્વરૂપે **परिणमिता ( परि + नम् + क्त > त, ( स्त्री. ) क.भू.कृ. )** બદલાઈ ગઈ **प्रशान्ते अग्नौ** અગ્નિ ઓલવાઈ ગયો ત્યારે (આ સતી સપ્તમીનો પ્રયોગ છે.) **स्थालिकास्थिताम् ( स्थालिकायां स्थिता, ताम् - स.त. )** થાળીમાં રહેલી **भस्मभूताम्** ભસ્મ બની ગયેલી **अदर्शयत् ( दृश् ह्य.भू. अ.ए.व. )** બતાવી. દેખાડી. **भूत्वा ( भू + क्त्वा > त्वा सं.भू.कृ. )** થઈને **ददौ ( दा. प.भू. अ. ए.व. )** આપ્યું. **प्रसन्नवदनः ( प्रसन्नं वदनं यस्य सः - बहु. )** પ્રસન્ન મુખવાળા **प्रत्यवोचत् ( प्रति + वच् ह्य.भू. अ. ए.व. )** કહ્યું, બોલ્યો **प्रवाहपतितः ( प्रवाहे पतितः, स.त. )** પ્રવાહમાં પડેલો **लोकः** સમાજ, લોકો **अनुसेवते ( अनु + सेव् व.अ.ए.व. )** અનુસરે છે. **सेवमानः ( सेव् + आन व.कृ. )** આચરતો, સેવતો **साधयति ( साध् व.अ.ए.व. )** સિદ્ધ કરે છે. **वैचित्र्यात्** વિચિત્રતાને લીધે **कार्यसाधनवेलायाम् ( कार्यस्य साधनम् - ( ष.त. ), कार्यसाधनस्य वेला, तस्याम् - ष.त. )** કાર્યને સિદ્ધ કરવાના સમયે **अनुसरन् ( अनु + सृ + अत् व.कृ. )** અનુસરતો **मन्त्रयेत् ( मन्त्र् विधि. अ. ए.व. )** મંત્રણા કરવી જોઈએ. વિચાર કરવો જોઈએ. **नो ( अ. )** નહિ.

## સન્ધિ

भवत्विति ( भवतु इति)। पुरुषार्थश्चेति (पुरुषार्थः च इति)। समर्थो न भवतीति (समर्थः न भवति इति)। उपर्युक्तेनानुभवेन (उपरि उक्तेन अनुभवेन)। कृतेनापि (कृतेन अपि)। प्रयत्नपरोऽभवत् (प्रयत्नपरः अभवत्)।

## સ્વાધ્યાય

**1. अधोलिखितेभ्यः विकल्पेभ्यः समुचितम् उत्तरं चिनुत ।**

(1) अहं .......... रूप्यकाणां सहस्रं दास्यामि।

(क) तस्य (ख) त्वाम् (ग) त्वम् (घ) तस्मै

(2) मनुष्यः यावत् पुरुषार्थं न करोति तावत् पदार्थस्य निर्माणे .......... समर्थो न भवति।

(क) कृतम् (ख) कृत्वा (ग) कर्तुम् (घ) करणीयम्

(3) स्थालिकायां स्थापितायां रज्जौ कालिदासः किं प्राक्षिपत् ?

(क) जलम् (ख) अग्निम् (ग) भस्म (घ) गोधूमचूर्णम्

(4) प्रशान्ते .......... कालिदासः भोजं स्थालिकास्थितां रज्जुम् अदर्शयत।

(क) अग्निम् (ख) अग्नौ (ग) अग्निः (घ) अग्निना

**2. संस्कृतभाषया उत्तरत ।**

(1) भोजेन भस्मना रज्जुनिर्माणाय कः पुरस्कारः उद्घोषितः ?

(2) भोजः कालिदासाय किं न्यवेदयत् ?

(3) कालिदासेन रज्जुः कुत्र स्थापिता ?

(4) अग्निमयी रज्जुः केन रूपेण परिणमिता ?

**3. માતૃભાષામાં ઉત્તર આપો :**

(1) એકવાર ભોજે જનસભામાં શી જાહેરાત કરી ?

(2) કોઈ પદાર્થના નિર્માણ માટે કઈ કઈ ત્રણ વસ્તુઓની જરૂર પડે છે ?

(3) લોકોએ રાખનું દોરડું બનાવવામાં કયા પદાર્થો એકઠા કર્યા ?

(4) દિવસના અંતે રાજા ભોજ નિરાશ કેમ થયા ?

(5) કાલિદાસે કઈ રીતે રાખનું દોરડું બનાવ્યું ?

**4. સમીક્ષાત્મક નોંધ લખો :**

(1) રાખનું દોરડું બનાવવાના લોકોના પ્રયત્નો

(3) રાખનું દોરડું બનાવવાની કાલિદાસે પ્રયોજેલી યુક્તિ

(3) આ પાઠમાંથી મળતો બોધ

•

# 17. शकुन्तलाप्रत्याख्यानम्

[**પ્રસ્તાવના :** મહાકવિ કાલિદાસ સંસ્કૃતના સુપ્રસિદ્ધ કવિ છે. તેમની ખ્યાતિ દેશ-દેશાન્તરમાં છે. તેમણે ત્રણ નાટકો, બે મહાકાવ્યો અને બે ખંડકાવ્યો - એમ કુલ સાત કૃતિઓ રચી છે. ત્રણ નાટકોનો રચનાક્રમ આ રીતે છે - પહેલું मालविकाग्निमित्रम्, બીજું विक्रमोर्वशीयम् અને ત્રીજું अभिज्ञानशाकुन्तलम्. આ નાટકોનો જે રચનાક્રમ છે, તે તેમની ઉત્તમતાનો પણ ક્રમ બની રહ્યો છે. કાલિદાસની નાટ્યકલા ઉત્તરોત્તર વધારે સુંદર થતી રહી છે. આ રીતે અભિજ્ઞાનશાકુન્તલ કાલિદાસની સૌથી વધારે સુંદર કૃતિ છે.

પ્રસ્તુત નાટ્યાંશ અભિજ્ઞાનશાકુન્તલના પાંચમા અંકમાંથી લેવામાં આવ્યો છે. ચોથા અંકમાં શકુન્તલાને કણ્વના આશ્રમમાંથી પતિગૃહે જવા માટે વિદાય આપવામાં આવી છે. એ પછી પાંચમા અંકમાં શકુન્તલા દુષ્યન્ત રાજાને ત્યાં પહોંચે છે. શકુન્તલાને મૂકવા માટે તાપસવૃદ્ધા ગૌતમી અને ગુરુકુળના અન્ય બે ઋષિકુમારો - શાર્ઙ્ગરવ અને શારદ્વત - સાથે ગયા છે. ગૌતમી શકુન્તલાની ઓળખ આપીને રાજા દુષ્યન્તને તેનો સ્વીકાર કરવા કહે છે. દુર્વાસાના શાપના પ્રભાવે દુષ્યન્તને શકુન્તલા સાથે કરેલા ગાંધર્વવિવાહનું સ્મરણ થતું નથી અને તે શકુન્તલાને એ રૂપમાં ઓળખી પણ શકતો નથી. તેથી તેને સ્વીકારવાની મક્કમતાપૂર્વક ના પાડે છે. આ પ્રસંગે રાજા, શકુન્તલા અને શકુન્તલાને મૂકવા આવેલ ગૌતમી તથા ઋષિકુમારો - એમ પાંચની વચ્ચે જે સંવાદ-વિવાદ થાય છે, તે શકુન્તલાપ્રત્યાખ્યાન તરીકે અહીં સંપાદિત કરીને મૂકવામાં આવેલ છે.]

**राजा** – किम् आज्ञापयति भगवान् कण्वः।

**शार्ङ्गरवः** – यन्मिथःसमयादिमां मदीयां दुहितरं भवानुपायंस्त तन्मया प्रीतिमता युवयोः अनुज्ञातम्। तदिदानीम् आपन्नसत्त्वा इयं प्रतिगृह्यतां सहधर्मचरणाय इति।

**गौतमी** – आर्य किमपि वक्तुकामा अस्मि। न मे वचनावसरोऽस्ति। कथम् इति –

नापेक्षितो गुरुजनोऽनया त्वया पृष्टो न बन्धुजनः।

एकैकस्मिन्नेव चरिते भणामि किम् एकैकम्॥

**शकुन्तला** – (आत्मगतम्) किं नु खल्वार्यपुत्रो भणति।

**राजा** – किम् इदम् उपन्यस्तम्।

**शकुन्तला** – (आत्मगतम्) पावकः खलु वचनोपन्यासः।

**शार्ङ्गरवः** – कथम् इदं नाम। भवन्तः एव सुतरां लोकवृत्तान्तनिष्णाताः।

**राजा** – किम् अत्रभवती मया परिणीतपूर्वा।

**शकुन्तलाः** – (सविषादम्) हृदय, साम्प्रतं ते आशङ्का।

**शार्ङ्गरवः** – किं कृतकार्यद्वेषो धर्मं प्रति विमुखता कृतावज्ञा।

**राजा** – कुतोऽयम् असत्कल्पनाप्रश्नः।

**शार्ङ्गरवः** – मूर्च्छन्त्यमी विकाराः प्रायेणैश्वर्यमत्तेषु।

**राजा** – विशेषेणाधिक्षिप्तोऽस्मि।

**गौतमी** – जाते मुहूर्तं मा लज्जस्व। अपनेष्यामि तावत्तेऽवगुण्ठनम्। ततस्त्वां भर्ताभिज्ञास्यति।

**राजा** – (विचारयन्स्थितः।)

**शार्ङ्गरवः** – भो राजन्किम् इति जोषम् आस्यते।

**राजा** – भोः तपोधनाः चिन्तयन्नपि न खलु स्वीकरणम् अत्रभवत्याः स्मरामि।

**शकुन्तला** – (अपवार्य) आर्यस्य परिणय एव सन्देहः। कुत इदानीं मे दूराधिरोहिण्याशा।

**शारद्वतः** – शकुन्तले वक्तव्यम् उक्तम् अस्माभिः। सोऽयम् अत्रभवानेवम् आह। दीयताम् अस्मै प्रत्ययप्रतिवचनम्।

**शकुन्तला** – (अपवार्य) इदम् अवस्थान्तरं गते तादृशेऽनुरागे किं वा स्मारितेन। (प्रकाशम्) पौरव युक्तं नाम ते इमं जनं समयपूर्वं प्रतार्य साम्प्रतम् ईदृशैरक्षरैः प्रत्याख्यातुम्।

**राजा** – (कर्णौ पिधाय) शान्तं पापम्। किं मां पातयितुमीहसे।

**शकुन्तला** – भवतु। यद्येवं तद् अभिज्ञानेनानेन तवाशङ्काम् अपनेष्यामि।

**राजा** – उदारः कल्पः।

**शकुन्तला** – (मुद्रास्थानं परामृश्य) हा धिग्। अङ्गुलीयकशून्या मेऽङ्गुलिः।

(इति सविषादं गौतमीम् अवेक्षते।)

**गौतमी** – नूनं ते शक्रावताराभ्यन्तरे शचीतीर्थसलिलं वन्दमानायाः प्रभ्रष्टम् अङ्गुलीयकम्।

**राजा** – (सस्मितम्) इदं तत्प्रत्युत्पन्नमति स्त्रैणम्।

**शकुन्तला** – अत्र तावद्विधिना दर्शितं प्रभुत्वम्।

**राजा** – श्रोतव्यम् इदानीं संवृत्तम्।

**शकुन्तला** – नन्वेकस्मिन्दिवसे नवमालिकामण्डपे नलिनीपत्रभाजनगतम् उदकं तव हस्ते सन्निहितम् आसीत्।

**राजा** – शृणुमस्तावत्।

**शकुन्तला** – तत्क्षणे स मे पुत्रकृतको दीर्घापाङ्गो नाम मृगपोतक उपस्थितः। त्वयायं तावत्प्रथमं पिबत्वित्यनुकम्पिना उपच्छन्दित उदकेन। न पुनस्तेऽपरिचयात् हस्ताभ्याशम् उपगतः। पश्चात्तस्मिन्नेव मया गृहीते सलिलेऽनेन कृतः प्रणयः। तदा त्वम् इत्थं प्रहसितोऽसि – सर्वः सगन्धेषु विश्वसिति। द्वावप्यत्रारण्यकाविति।

**राजा** – एवम् अनृतमयवाङ्मधुभिराकृष्यन्ते विषयिणः।

**गौतमी** – महाभाग नार्हस्येवं मन्त्रयितुम्। तपोवनसंवर्धितोऽनभिज्ञोऽयं जनः कैतवस्य।

**राजा** – तापसवृद्धे!

स्त्रीणामशिक्षितपटुत्वमानुषीषु

संदृश्यते किमुत याः प्रतिबोधवत्यः।

प्रागन्तरिक्षगमनात्स्वमपत्यजातम्

अन्यैर्द्विजैः परभृताः खलु पोषयन्ति ॥

**शकुन्तला** – (सरोषम्) अनार्य! आत्मनो हृदयानुमानेन पश्यसि। क इदानीम् अन्यो धर्मकञ्चुकप्रवेशिनः तृणच्छन्नकूपोपमस्य तवानुकृतिं प्रतिपत्स्यते।

**राजा** – भद्रे! प्रथितं दुष्यन्तस्य चरितम्। तथापीदं न दृश्यते।

**शकुन्तला** – सुष्ठु तावदत्र स्वच्छन्दचारिणी कृतास्मि। (इति पटान्तेन मुखमावृत्य रोदीति।)

## ટિપ્પણી

**शकुन्तलाप्रत्याख्यानम् ( शकुन्तलायाः प्रत्याख्यानम् – ष.त. )** શકુન્તલાનું પ્રત્યાખ્યાન, શકુન્તલાનો અસ્વીકાર **आज्ञापयति ( आ + ज्ञा** આજ્ઞા કરવી **प्रे. व. अ. ए.व. )** આજ્ઞા આપે છે **मिथःसमयात्** પરસ્પરની સંમતિથી **मदीयाम्** મારી **दुहितरम् ( दुहितृ ( स्त्री. ) द्वि. ए.व. )** પુત્રીને **(** પર્યાય - **पुत्री, आत्मजा, सुता ) उपायंस्त ( उप + यम्** પરણવું, વિવાહ કરવો **अ.भू. अ.ए.व. )** પરણ્યો, ... ની સાથે વિવાહ કર્યો **प्रीतिमता ( प्रीतिमत् ( पुं. ) तृ. ए.व. )** પ્રેમવાળા, લાગણીવાળા **अनुज्ञातम् ( अनु + ज्ञा** આજ્ઞા કરવી **+ क्त > त, कर्म.भू.कृ. )** આજ્ઞા-અનુમતિ આપી **आपन्नसत्त्वा ( आपन्नं सत्त्वं यस्याः सा, बहु. )** સગર્ભા **प्रतिगृह्यताम् ( प्रति + ग्रह्** સ્વીકાર કરવો **क.प्र. आज्ञा. अ. ए.व. )** સ્વીકાર કરો. **सहधर्मचरणाय** સહધર્માચરણ માટે (કેટલાંક ધર્મ-કાર્યો એવાં છે કે જે પતિએ પત્નીને સાથે રાખીને જ કરવાં પડે છે. આવાં ધર્મકાર્યોને આચરવા માટે) **वक्तुकामा ( वक्तुं कामः यस्याः सा – बहु. )** કહેવાની ઇચ્છા રાખનાર **वचनावसरः ( वचनस्य अवसरः – ष.त. )** કહેવાનો અવસર **पृष्टः ( पृच्छ्** પૂછવું **+ क्त > त, कर्म.भू.कृ. )** પૂછાયો, પૂછવામાં આવેલ **बन्धुजनः** સગું-વહાલું **चरिते** આચરણને વિશે **भणामि ( भण्** કહેવું **व. उ. ए.व. )** કહું છું **एकैकम्** દરેકને, એક એકને **आत्मगतम् ( आत्मनि गतम् – स.त. )** મનમાં **आर्यपुत्रः** આર્યપુત્ર (પતિને સંબોધવા માટે વપરાતો પરંપરાગત શબ્દ) **उपन्यस्तम् ( उप + नि + अस् + क्त> त कर्म. भू.कृ. )** આવી પડેલું, લાવી મૂકેલું **पावकः** અગ્નિ ( પર્યાય - **अनलः, वह्निः कृशानुः ) वचनोपन्यासः ( वचनानाम् उपन्यासः – ष.त. )** બોલાયેલ વચન **सुतराम्** (અ.) નિતાંત, ખૂબ જ **लोकवृत्तान्तनिष्णाताः ( लोकानाम् वृत्तान्तः ( ष.त. ), लोकवृत्तान्तेषु निष्णाताः –स.त. )** લોક્ના વૃત્તાન્ત-વ્યવહારમાં હોંશિયાર **अत्रभवती** આપ, શ્રીમતી **परिणीतपूर्वा** પૂર્વે વિવાહિત, અગાઉ પરણેલાં **सविषादम् ( विषादेन सहितम् – अ.भा. )** દુઃખ સાથે **सांप्रतम्** અત્યારે, હાલમાં **आशङ्का** સંશય, શંકા **कृतकार्यद्वेषः** કરેલાં કાર્ય પ્રત્યેનો દ્વેષ **विमुखता** પરાઙ્મુખતા, મોઢું ફેરવી લેવું તે **कृतावज्ञा ( कृता चासौ अवज्ञा–कर्म. )** અવગણના, ઉપેક્ષા **असत्कल्पनाप्रश्नः ( न सत् ( नञ् त. ), असतः कल्पना ( ष.त. ), असत्कल्पनायाः प्रश्नः – ष.त. )** મિથ્યા એવો કાલ્પનિક પ્રશ્ન, ઉપજાવી કાઢેલો ખોટો પ્રશ્ન **मूर्च्छन्ति ( मूर्च्छ्** વધવું **व. अ. ब.व. )** વધી જાય છે, જોર કરે છે **अमी ( अदस् ( सर्वनाम ) प्र. ब.व. )** આ બધા **ऐश्वर्यमत्तेषु** ઐશ્વર્યના કારણે નશામાં રહેલાઓમાં, સત્તાના અહંકારવાળાઓમાં **विशेषेणाधिक्षिप्तः** વધારે પડતો આક્ષેપ **जाते ( जाता ( स्त्री. ) सम्बो. ए.व. )** હે પુત્રી (સંસ્કૃતમાં હે पुत्रि એમ હ્રસ્વ રહે છે.) **महूर्तम्** થોડીક જ વાર **मा लज्जस्व** શરમાઇશ નહિ **अपनेष्यामि ( अप + नी** દૂર કરવું **सा.भ. उ. ए.व. )** દૂર કરીશ. **अवगुण्ठनम्** ઘુંઘટ, માથા ઉપર ઓઢેલું વસ્ત્ર **अभिज्ञास्यति ( अभि + ज्ञा** જાણવું **भवि. अ. ए.व. )** જાણી લેશે. ઓળખશે. **विचारयन् ( वि + चर्** વિચારવું **( प्रे. ) व.कृ. )** વિચાર કરતો **जोषम्** મૌન, ચૂપચાપ **आस्यते ( आस्** રહેવું, બેસવું **भावे. व. अ. ए.व. )** રહે છે **तपोधनाः ( तपः एव धनं येषां तेः – बहु. )** તપસ્વીઓ **चिन्तयन् ( वि + चिन्त्** વિચાર કરવો **( प्रे. ) शतृ अत् व. कृ.प्र.ए. )** વિચારતો **स्वीकरणम्** સ્વીકાર કરવો તે (પરંતુ અહીં વિવાહ કરીને પત્નીના રૂપમાં સ્વીકાર કરવો - એ અર્થ લેવાનો છે.) **अत्रभवत्याः** આપને **अपवार्य ( अप + वार् + क्त्वा > य सं.भू.कृ. )** એક બાજુએ વળીને **परिणये** વિવાહમાં, લગ્નમાં **दूराधिरोहिण्याशा ( अधिरोहिणी चासौ आशा ( कर्म. ), दूरे अधिरोहिण्याशा – स.त. )** ઊંચે ઊડનારી આશા **अत्रभवान्** આપ શ્રીમાન **दीयताम् ( दा** આપવું **क.प्र. आज्ञा. अ. ए.व. )** આપો **प्रत्ययप्रतिवचनम् ( प्रत्ययस्य प्रतिवचनम् – ष.त. )** વિશ્વાસ જન્માવે તેવો ઉત્તર **अवस्थान्तरम्** વિપરીત સ્થિતિને, બીજી દશાને **गते** પ્રાપ્ત થાય ત્યારે **तादृशे**

तेवा **अनुरागे** અનુરાગ-પ્રેમમાં **( पर्याय - प्रणयः, स्नेहः, प्रीतिः ) स्मारितेन** યાદ કરાવવાથી **प्रकाशम्** મોટેથી (નાટ્યકારે મૂકેલી એક પ્રકારની રંગસૂચના, નાટક ભજવતી વખતે જેને નટે અનુસરવાનું રહે છે.) **पौरव** હે પૌરવ (પુરુવંશમાં જન્મેલ હોવાથી દુષ્યંતનું એક નામ) **युक्तम् नाम** યોગ્ય છે ? **समयपूर्वम्** પહેલાં વાયદો કરીને **प्रतार्य ( प्र + तृ + क्त्वा > य सं.भू.कृ. )** છેતરીને **ईदृशैः अक्षरैः** આવાં વચનોથી **प्रत्याख्यातुम् ( प्रति + आ + ख्या** પ્રત્યાખ્યાન કરવું, ખંડન કરવું **तुमुन् > तुम् )** જાકારો દેવા **पिधाय** ઢાંકીને **शान्तं पापम्** અરે ! નહિ (આ પદાવલિ સંસ્કૃત નાટકોમાં આ રીતે ક્યારેક આશ્ચર્ય અને ક્યારેક અફસોસ વ્યક્ત કરવા માટે પ્રયોજાય છે.) **पातयितुम् ( पत्** પડવું **+ प्रे. तुमुन् > तुम् हे.कृ. )** પાડી નાખવા માટે **ईहसे ( ईह्** ચાહવું **व. म. ए.व. )** ઇચ્છે છે.

**भवतु ( भू आज्ञा. अ.ए.व. )** રહેવા દો **अभिज्ञानेन** ઓળખ ચિહ્નથી દૂર કરીશ **उदारः कल्पः** ઉત્તમ પ્રસ્તાવ **मुद्रास्थानम्** વીંટીં પહેરવાના સ્થાનને **परामृश्य ( परा + मृश्** પરામર્શ કરવો, વિમર્શ કરવો **+ क्त्वा > य, सं.भू.कृ. )** પરામર્શ કરીને (અહીં સ્પર્શ કરીને તપાસીને - એવો અર્થ લેવાનો છે.) **अङ्गुलीयकशून्या ( अङ्गुलीयकेन शून्या-तृ.त. )** વીંટી વગરની **अवेक्षते ( अव + ईक्ष्** જોવું **व. अ. ए.व. )** જુએ છે. **शक्रावताराभ्यन्तरे ( शक्रावतारस्य अभ्यन्तरे - ष.त. )** શક્રાવતાર (એ નામનું એક તીર્થ સ્થળ)ની અંદર **शचीतीर्थसलिलम् ( शची चासौ तीर्थः ( कर्म. ), शचीतीर्थस्य सलिलम् - ष.त. )** શચીતીર્થના જળનું **वन्दमानायाः ( वन्द् + शतृ वर्त.कृ. )** વંદન કરી રહેલી (શકુન્તલા)ની **प्रभ्रष्टम् ( प्र + भ्रस्ज् + क्त > त कर्म.भू.कृ. )** પડી ગઈ હશે. સરકી ગઈ હશે. **प्रत्युत्पन्नमति ( प्रत्युपन्ना मतिः यस्य तत् - बहु. )** હાજરજવાબી **स्त्रैणम् ( स्त्रियः इदम् - त.प्र. )** સ્ત્રીત્વ **विधिना** ભાગ્યથી, ભાગ્યને કારણે(પર્યાય - **दैवम्, प्रारब्धम्, नियतिः**) **दर्शितम् ( दृश् ( प्रे. ) + क्त > त, कर्म.भू.कृ. )** દેખાડ્યું. બતાવ્યું. **श्रोतव्यम् ( श्रु + तव्य, विधि. कृ. )** સાંભળવા યોગ્ય **इदानीम्** અત્યારે **संवृत्तम्** થઈ રહ્યું **नवमालिकामण्डपे ( नवमालिकायाः मण्डपः - तस्मिन्, ष.त. )** નવમાલિકાના કુંજ-મંડપમાં **नलिनीपत्रभाजनगतम् ( नलिन्याः पत्रम् ( ष.त. ), नलिनीपत्रस्य भाजनम् ( ष.त. ), नलिनीपत्रभाजने गतम् - स.त. )** કમળપત્રનાં પડિયામાં રહેલ **उदकम्** જળ **( पर्याय - जलम्, नीरम्, सलिलम् ) संनिहितम्** રાખેલું, મૂકેલું **शृणुमः ( श्रु** સાંભળવું **व. उ. ब.व. )** સાંભળીએ છીએ. **पुत्रकृतकः** પુત્રની જેમ ઉછેરેલ **दीर्घापाङ्गः नाम** દીર્ઘાપાંગ નામનું **मृगपोतकः** હરણબાળ **उपस्थितः ( उप + स्था + क्त > त, क. भू.कृ. )** હાજર થયું **अनुकम्पिना ( अनुकम्पिन् ( पुं. ) तृ.ए.व. )** દયાળુ એવાથી **उपच्छन्दितः** પુચકારીને બોલાવેલું **उपगतः** પાસે આવ્યું **गृहीते सलिले** જ્યારે પાણી લીધું ત્યારે (સતિ સપ્તમી) **प्रणयः** સ્નેહ **इत्थम्** આ રીતે, આમ **प्रहसितः ( प्र + हस् + क्त > त, क. भू.कृ. )** હસ્યા હતા **सगन्धेषु** પોતાની જાતવાળામાં **विश्वसिति ( वि + श्वस् व.अ.ए.व. )** વિશ્વાસ કરે છે. **आरण्यकौ** વનવાસીઓ **अनृतमयवाङ्मधुभिः ( अनृतमयं च तत् वाङ्मधु - तैः, कर्म. )** જુઠ્ઠાણાથી ભરપૂર એવા વાણીરૂપ મધથી **आकृष्यन्ते ( आ + कृष् व. अ. ब.व. )** આકર્ષાય છે, ખેંચાય છે **विषयिणः ( विषयिन् ( पुं. ) प्र.ब.व. )** વિષયલોલુપો.

**महाभाग** મહોદય (એક પ્રકારનું પરંપરાગત સંબોધન) **अर्हसि ( अर्ह् वर्त. अ. ए.व. )** યોગ્ય છો. **मन्त्रयितुम् ( मन्त्र् + तुम् हे.कृ. )** કહેવા માટે **तपोवनसंवर्धितः ( तपोवने संवर्धितः - स.त. )** તપોવનમાં ઉછરેલ **अनभिज्ञः ( न अभिज्ञः - नञ्त. )** અજાણ **कैतवस्य** કપટથી **( पर्याय - कपटम्, छलम् ) तापसवृद्धे ( तापसी चासौ वृद्धा - तापसवृद्धा, कर्म. ( स्त्री. ) सम्बोधने रूपम् )** હે વૃદ્ધ તાપસી ! **अशिक्षितपटुत्वम् ( अशिक्षितस्य पटुत्वम् - ष.त. )** શીખવ્યા વગરની સહજ ચતુરાઈ **अमानुषीषु ( न मानुषी - तासु, नञ्त. )** માનવેતર-માનવ સિવાયની (વ્યક્તિ)માં **संदृश्यते ( सम् + दृश् क.प्र. व. अ. ए.व. )** દેખાય છે. જોઈ શકાય છે. **किम् उत** તો શું **प्रतिबोधवत्यः ( प्रतिबोधवती ( स्त्री. ) प्र. ब.व. )** બુદ્ધિસંપન્ન **अपत्यजातम्** સંતાનોને **परभृताः** કોયલો (પર્યાય - **कोकिलः, पिकः**) **पोषयन्ति ( पुष् व. अ. ए.व. )** પોષણ કરાવે છે. **अनार्य ( न आर्यः - नञ्त. )** અનાર્ય, અપૂજ્ય (સંબોધન છે) **आत्मनः हृदयानुमानेन ( हृदयस्य अनुमानम्, तेन - ष.त. )** પોતાના હૃદયના અનુમાનથી, પોતાના હૃદયમાં જેવું થાય છે, તેવા અનુમાનથી **धर्मकञ्चुकप्रवेशिनः** ધર્મની આંચળી પહેરનાર (તમારા) **तृणछन्नकूपोपमस्य ( तृणेन छन्नम् ( तृ.त. ), तृणछन्नः चासौ कूपः ( कर्म. ), तृणच्छन्नकूपः उपमा यस्य सः, तस्य - बहु. )** તણખલાથી ઢંકાયેલા કૂવા જેવા (તમારા) **अनुकृतिम्** અનુકરણને **प्रतिपत्स्यते ( प्रति + पद् सा.भवि. अ. ए.व. )** કરી શકશે. **प्रथितम् ( प्रथ् + क्त > त कर्म. भू.कृ. )** પ્રસિદ્ધ, ફેલાયેલા.

## સન્ધિ

यन्मिथः समयादिमाम् (यत् मिथः समयात् इमाम्)। आपन्नसत्त्वेयम् (आपन्नसत्त्वा इयम्)। खल्वार्यपुत्रो भणति (खलु आर्यपुत्रः भणति)। मूर्छन्त्यमी (मूर्छन्ति अमी)। प्रायेणैश्वर्यमत्तेषु (प्रायेण ऐश्वर्यमत्तेषु)। विशेषेणाधिक्षिप्तोऽस्मि (विशेषेण अधिक्षिप्तः अस्मि)। तावत्तेवगुण्ठनम् (तावत् ते अवगुण्ठनम्)। ततस्त्वां भर्ताभिज्ञास्यति (ततः त्वाम् भर्ता अभिज्ञास्यति)। दूराधिरोहिण्याशा (दूराधिरोहिणी आशा)। यद्येवम् (यदि एवम्)। अभिज्ञानेनानेन (अभिज्ञानेन अनेन)। तावद्विधिना (तावत् विधिना)। नन्वेकस्मिन्दिवसे (ननु एकस्मिन् दिवसे)। त्वयायं तावत्प्रथमम् (त्वया अयं तावत् प्रथमम्)। पिबत्वित्यनुकम्पिना (पिबतु इति अनुकम्पिना)। पश्चात्तस्मिन्नेव (पश्चात् तस्मिन् एव)। प्रहसितोऽसि (प्रहसितः असि)। द्वावप्यत्रारण्यकाविति (द्वौ अपि अत्र आरण्यकौ इति)। अनृतमयवाङ्मधुभिराकृष्यन्ते (अनृतमयवाङ्मधुभिः आकृष्यन्ते)। नार्हस्येवम् (न अर्हसि एवम्)।

## વિશેષ

**1. प्रतिगृह्यताम् सहधर्मचरणायेति।**

વક્તા - शाङ्‌र्गरवः।

અર્થ - (હે રાજન ! તમે) સાથે મળીને ધર્મનું આચરણ કરવા માટે આ શકુન્તલાનો સ્વીકાર કરો.

સંદર્ભ - ગૌતમી અને બે ઋષિકુમારો કણ્વના આશ્રમમાંથી શકુન્તલાને લઈને રાજા દુષ્યંતના રાજમહેલમાં મૂકવા માટે આવી પહોંચે છે. દુષ્યંત સાથે તેમનો સાક્ષાત્કાર થાય છે. ક્ષેમ-કુશળના સમાચાર પૂછવાની ઔપચારિકતા પછી રાજા દુષ્યંત જ્યારે પૂછે છે કે किम् आज्ञापयति भगवान् ? અર્થાત્ ભગવાન કણ્વે શી આજ્ઞા આપી છે ? ત્યારે તેના ઉત્તરમાં શાર્ઙ્ગરવ આ વાક્ય બોલે છે.

**2. पावकः खलु वचनोपन्यासः।**

વક્તા - **शकुन्तला ।**

અર્થ - બોલાયેલું આ વચન ખરેખર પાવક = અગ્નિ જ છે !

સંદર્ભ - ઋષિકુમારો અને ગૌતમી દુષ્યંતને જણાવે છે કે શકુન્તલા સાથે તમારો જે વિવાહ થયો છે, તેનો મહર્ષિ કણ્વે સ્વીકાર કર્યો છે અને હવે તમે શકુન્તલાનો સહધર્માચરણ માટે સ્વીકાર કરો. આ પ્રસ્તાવના પ્રત્યુત્તરમાં દુષ્યંતે किम् इदम् उपन्यस्तम् આ શું માંડ્યું છે ? - એમ જણાવે છે. તે સાંભળીને શકુન્તલા આ વાક્ય બોલે છે.

## સ્વાધ્યાય

**1. योग्यं विकल्पं चित्वा उत्तरं लिखत ।**

(1) नापेक्षितो गुरुजनः इति कः वदति ?

(क) शकुन्तला (ख) गौतमी (ग) राजा (घ) शारद्वतः

(2) प्रायेण कुत्र विकाराः मूर्छन्ति ?

(क) ऐश्वर्यमत्तेषु (ख) पदोन्मत्तेषु (ग) मदोन्मत्तेषु (घ) क्रुद्धेषु

(3) जाते ! मा लज्जस्व – इत्यत्र जाता शब्दस्य कः अर्थः ?

(क) भगिनी (ख) जननी (ग) पुत्री (घ) वधूः

(4) शक्रावताराभ्यन्तरे शकुन्तलायाः किं प्रभ्रष्टम् ?

(क) नूपुरम् (ख) पुष्पमाला (ग) अङ्गुलीयकम् (घ) भुजबन्धः

(5) दीर्घापाङ्गः कः वर्तते ?

(क) मृगः (ख) खगः (ग) गजः (घ) मयूरः

**2. निम्नलिखितानां प्रश्नानाम् उत्तरं संस्कृतभाषायां लिखत ।**

(1) शकुन्तलायाः अवगुण्ठनं का अपनयति ?

(2) दुष्यन्तः चिन्तयन्नपि किं न स्मरति ?

(3) शकुन्तलायाः अङ्गुलिः कीदृशी आसीत् ?

(4) सर्वः कुत्र विश्वसिति ?

(5) परभृताः स्वम् अपत्यजातं कथं पोषयन्ति ?

**3. નીચેનાં વાક્યો કોણ બોલે છે, તે કૌંસમાં આપેલાં પાત્રોમાંથી શોધીને લખો :**

(गौतमी, शकुन्तला, राजा, शार्ङ्गरवः)

(1) किम् अत्रभवती मया परिणीतपूर्वा। ( )

(2) मूर्च्छन्त्यमी विकाराः प्रायेणैश्वर्यमत्तेषु। ( )

(3) तपोवनसंवर्धितोऽनभिज्ञोऽयं जनः कैतवस्य। ( )

(4) पावकः खलु वचनोपन्यासः। ( )

(5) श्रोतव्यम् इदानीं संवृतम्। ( )

(6) अनार्य, आत्मनो हृदयानुमानेन पश्यसि। ( )

**4. पर्यायपदानि लिखत :**

(1) अनुरागः

(2) पावकः

(3) उदकम्

(4) परभृतः

**5. સંદર્ભ સહિત સમજાવો :**

(1) मूर्च्छन्त्यमी विकाराः प्रायेणैश्वर्यमत्तेषु।

(2) सर्वः सगन्धेषु विश्वसिति।

(3) अनृतमयवाङ्मधुभिराकृष्यन्ते विषयिणः।

**6. સમીક્ષાત્મક નોંધ લખો :**

(1) શકુન્તલાની મનઃસ્થિતિ

(2) ઋષિકુમારો - શાર્ઙ્ગરવ અને શારદ્વતની દલીલો

(3) શકુન્તલાને ઓળખવામાં દુષ્યંતને થયેલી દ્વિધા

**7. વિવરણાત્મક નોંધ લખો :**

(1) आर्यपुत्रः

(2) आत्मगतम्

(3) अभिज्ञानम्

●

# 18. किं नाम व्यक्तित्वम्

[**પ્રસ્તાવના :** સંસ્કૃતસાહિત્યમાં ભર્તૃહરિ અનેક રીતે પ્રસિદ્ધ છે. કેટલાક લોકો ભર્તૃહરિ એક નહિ, અનેક થયા હોવાનું સ્વીકારે છે. તે પૈકી એક ભર્તૃહરિ વૈયાકરણ છે, બીજા વૈરાગી છે. વૈયાકરણ ભર્તૃહરિની પ્રસિદ્ધિ વાક્યપદીય નામના ગ્રંથને કારણે અને વૈરાગી ભર્તૃહરિની પ્રસિદ્ધિ ત્રણ શતકો (નીતિશતક, વૈરાગ્યશતક અને શૃંગારશતક)ના કારણે છે. ગમે તે હોય, પણ એ નક્કી છે કે વૈયાકરણ ભર્તૃહરિ કરતાં શતકત્રયના રચયિતા ભર્તૃહરિ વધારે લોકભોગ્ય રહ્યા છે.

પ્રસ્તુત પાઠનો આધાર નીતિશતકનો એક શ્લોક છે. આ શ્લોકમાં ભર્તૃહરિએ જે વિચાર રજૂ કર્યો છે, તેના આધારે માનવીય વ્યક્તિત્વનું એક સુંદર રેખાચિત્ર દોરવાનો અહીં ઉપક્રમ છે.

પ્રત્યેક માનવના જીવનમાં ક્યારેક ને ક્યારેક છ અવસર આવતા જ હોય છે. જો કે વ્યક્તિની પોતાની પદ-પ્રતિષ્ઠાના સંદર્ભે આ છ પ્રસંગોનો વ્યાપ લાંબો ટૂંકો હોઈ શકે છે, પણ તે આવતા તો હોય જ છે, એ નક્કી છે. આ છ અવસર છે - विपत् तथा अभ्युदय, सदस् કે युध्માં સ્થિતિ અને यशस् કે श्रुतिનો વિચાર. આ અવસરમાં માણસ ક્રમશઃ धैर्य અને क्षमा ભાવ રાખે, वाक्पटुता અને विक्रम નું પ્રદર્શન કરે, यशस्માં રતિ અને श्रुतिમાં વ્યસન રાખે, તો તેનું વ્યક્તિત્વ મહાન બને છે. જેનું વ્યક્તિત્વ મહાન છે, તે જ મહાત્મા છે. આ રીતે અહીં માનવીય વ્યક્તિત્વના વિકાસનું રેખાચિત્ર દોરીને પ્રત્યેક માનવને મહાત્મા બની રહેવા પ્રેરણા કરવામાં આવી છે. પાઠગત પદ્યનો છંદ દ્રુતવિલમ્બિત છે.]

सर्वेषां जनानामियं कामना भवति यदस्मदीयं व्यक्तित्वं महत् स्यात्। साम्प्रतिके समाजे तु व्यक्तित्वस्य निर्माणाय जनाः विशेषतः प्रयत्नरताः सन्ति। विविधेन उपायेन विविधया च क्रियया ते स्वकीयं व्यक्तित्वं विकासयितुं प्रयतन्ते। परन्त्वत्र किमिदं व्यक्तित्वम् - इत्येकः महान् प्रश्नः। अस्य प्रश्नस्य सर्वसम्मतम् उत्तरं न सम्भाव्यते। वस्तुतः मानवीयस्य व्यक्तित्वस्य स्वरूपं विभिन्नमस्ति। तथापि यावत्पर्यन्तं व्यक्तित्वस्य स्वरूपमेव नावगच्छामः, तावत्पर्यन्तं कथं नाम व्यक्तित्वस्य निर्माणाय प्रयत्नः सम्भवति।

संस्कृतसाहित्ये भर्तृहरिनाम्ना सुप्रसिद्धेन कविरत्नेन नीतिशतकं वैराग्यशतकं शृङ्गारशतकं चेति शतकत्रयं विरचितमस्ति। तत्र नीतिशतके एकः सुप्रसिद्धः श्लोकः वर्तते। तद्यथा -

विपदि धैर्यमथाभ्युदये क्षमा,<br>
सदसि वाक्पटुता युधि विक्रमः।<br>
यशसि चाभिरुचिर्व्यसनं श्रुतौ,<br>
प्रकृतिसिद्धमिदं हि महात्मनाम्॥

अस्मिन् श्लोके कविना महात्मनां प्रकृतिसिद्धं व्यक्तित्वं वर्णितमस्ति। तच्चेत्थम् अवगन्तव्यम् - जीवने प्रत्येकं जनेन विपदः अभ्युदयस्य च साक्षात्कारः करणीयो भवति। तत्र विपदि धैर्यं धरणीयं भवति अभ्युदये च क्षमा करणीया भवति।

कर्तव्यमाचरता जनेन कदाचित् सदसि युद्धे वा स्थितिः करणीया भवति। तत्र सदसि वाक्पटुता आचरणीया भवति युद्धे च विक्रमः प्रदर्शनीयो भवति।

मनसा विचारयता जनेन यशः श्रुतिः चेति गुणद्वयम् वरणीयं भवति। तत्र यशसि अभिरूचिः करणीया, श्रुतौ च व्यसनं करणीयम्।

प्रत्येकं जनस्य जीवने यथावसरम् उपर्युक्तं प्रसङ्गषट्कमेतदायाति एव। एषु षट्सु प्रसङ्गेषु आगतेषु मानवः यादृशं प्रयत्नमाचरति तादृशं तस्य व्यक्तित्वमाकारितं भवति। यः जनः महता प्रयत्नेन विपत्त्यादिषु अवसरेषु धैर्यादिधारणरूपं व्यवहारमाचरति, तस्य व्यक्तित्वं महत् भवति। यस्य व्यक्तित्वं महदस्ति, स एव महात्मा भवति। एवमस्मिन् श्लोके मानवीयस्य व्यक्तित्वस्य रेखाङ्कनं करोति राजर्षिः भर्तृहरिः। वयमपि यथावसरं करणीयं व्यवहारमाचरन्तः महात्मानः स्याम इति दिक्।

## ટિપ્પણી

**इयम् ( इदम् ( सर्व. स्त्री. ) प्र. ए.व. )** આ **व्यक्तित्वम्** વ્યક્તિત્વ, માણસના વ્યવહારથી ઊભી થતી છાપ, માણસનું ચરિત **प्रकृतिसिद्धम् ( प्रकृत्या सिद्धम् - तृ.त. )** સ્વભાવથી સિદ્ધ, સ્વાભાવિક, કુદરતી **महत्** (નપું.) મોટું **साम्प्रतिके** અત્યારના સમયમાં **प्रयत्नरताः** પ્રયત્ન કરવામાં લાગેલા **विविधया ( विविधा ( स्त्री. ) तृ. ए.व. )** જુદી જુદી, વિવિધ **विकासयितुम् ( वि + कास् ( प्रेरक-णिच्-कासय ) तुमुन् > तुम् हे.कृ. )** વિકાસ કરવા માટે **प्रयतन्ते ( प्र + यत् + व.का. अ.ब.व. )** પ્રયત્ન કરે છે **सम्भाव्यते ( सम् + भू प्रेरक - व., अ.ए.व. क.प्र. )** સંભવે છે, શક્ય બને છે **वस्तुतः** હકીકતમાં **अवगच्छामः ( अव + गम् व. उ.ब.व. )** જાણીએ. સમજીએ. **कथं नाम** કેવી રીતે **शतकत्रयम् ( शतकानां त्रयम् - ष.त. )** ત્રણ શતકો (સો સ્વતંત્ર શ્લોકો ધરાવતા કાવ્યને શતકકાવ્ય કહેવામાં આવે છે.) **विपदि ( विपत् ( स्त्री. ) स.ए. )** વિપત્તિમાં, મુશ્કેલીમાં, પરેશાનીમાં ( પર્યાય - **आपद्, विपत्तिः, आपत्तिः** ) **अभ्युदये** ઉન્નતિની સ્થિતિમાં, ઉદયકાળમાં **सदसि ( सदस् ( नपुं. ) स.ए. )** સભામાં **वाक्पटुता ( वाचि पटुः - स.त., वाक्पटोः भावः - वाक्पटुता )** વાણીનું ચાતુર્ય, બોલવામાં હોશિયારી **युधि ( युध् ( स्त्री. ) स.ए. )** યુદ્ધમાં, સંઘર્ષમાં **यशसि ( यशस् ( नपुं. ) स.ए. )** યશમાં, કીર્તિની બાબતમાં **अभिरूचिः** લગાવ, પ્રેમ **व्यसनम्** આદત, ટેવ **श्रुतौ** જ્ઞાનપ્રાપ્તિમાં **इत्थम्** આ રીતે, આમ **अवगन्तव्यम् ( अव + गम् तव्य विधि.कृ. )** જાણવું જોઈએ, સમજવું જોઈએ **विपदः ( विपद् ( स्त्री. ) ष.ए. )** આપત્તિનો **अभ्युदयस्य** ઉન્નતિનો, આગળ વધવાનો **साक्षात्कारः** સામનો **करणीयः ( कृ + अनीय विधि.कृ. )** કરવાનો રહે છે. કરવો જોઈએ. **धरणीयम् ( धृ + अनीय व.कृ. )** ધારણ કરવું જોઈએ **कर्तव्यम् ( कृ + तव्य विधि.कृ. )** કરવા યોગ્ય કાર્યને **आचरता ( आ + चर् + शतृ व.कृ. ( आचरत् ( पुं. ) तृ.ए. )** આચરણ કરતા **प्रदर्शनीयः ( प्र + दृश् ( प्रे. ) + अनीय विध्यर्थ. कृ. )** દેખાડવું જોઈએ **विचारयता ( वि + चर् + शतृ व.कृ., ( विचारयत् ( पुं. ) तृ.ए. )** વિચાર કરતા **गुणद्वयम् ( गुणानाम् द्वयम् - ष.त. )** બે ગુણો **वरणीयम् ( वृ + अनीय वि.कृ. )** પસંદ કરવું જોઈએ **अभिरुचिः** લગાવ, પ્રેમ **यथावसरम् ( अवसरम् अनतिक्रम्य - अ.भा. )** અવસર મુજબ, પ્રસંગ ઊભો થાય ત્યારે **उक्तम् ( वच् + क्त क.भू.कृ. )** કહેલું, બોલેલું **प्रसङ्गषट्कम्** છ પ્રસંગોનો સમૂહ **आयाति ( आ + या + व. अ.पु.ए.व. )** આવે છે **आकारितम् ( आ + कृ कारि + क्त - त भू.कृ. )** ઉપસી આવેલું, આકારેલું **रेखाङ्कनम् ( रेखायाः अङ्कनम् - ष.त. )** રેખાંકન, રેખાચિત્ર **नीतिज्ञः ( नीतिं जानाति असौ - उ.त. )** નીતિને જાણનાર, નીતિશાસ્ત્રી **इति दिक्** (આ પદાવલિનો પ્રયોગ કરીને કોઈ લેખ કે પ્રસંગની પૂર્ણાહુતિ કરવાની સંસ્કૃતમાં પરંપરા છે. તેનો અર્થ થાય છે - આટલું દિશા સૂચન પૂરતું છે.

## સન્ધિ

यदस्मदीयम् (यत् अस्मदीयम्)। परन्त्वत्र (परन्तु अत्र)। इत्येकः (इति एकः)। धैर्यमथाभ्युदये (धैर्यम् अथ अभ्युदये)। चाभिरुचिर्व्यसनम् (च अभिरुचिः व्यसनम्)। तच्चेत्थम् ((तत् च इत्थम्)। चेति (च इति)। प्रसङ्गषट्कमेतदायाति (प्रसङ्गषट्कम् एतत् आयाति)। महदस्ति (महत् अस्ति)। स एव (सः एव)॥

## વિશેષ

**1. प्रकृतिसिद्धं हि महात्मनाम्।** સમાજમાં કેટલાક લોકો પોતાને મહાત્મા તરીકે પ્રસ્થાપિત કરતા હોય છે. એ માટે કેટલાક લોકો વસ્ત્રનો, તો કેટલાક જ્ઞાનનો, તો કેટલાક વળી વાક્છટાનો અને દંભનો આશ્રય લેતા હોય છે; પરંતુ એ યાદ રાખવા જેવું છે કે આ પ્રકારનું વ્યક્તિત્વ ધરાવતો માણસ કદી મહાત્મા હોઈ શકે નહિ. તમારે જો મહાત્મા માણસની પરીક્ષા કરવી હોય, તો તેના જીવનમાં આવતા વિપત્તિના અને અભ્યુદયના સમયમાં તેના દ્વારા કરવામાં આવતો વ્યવહાર તપાસી લેજો. જો તે વિપત્તિમાં ધૈર્ય બતાવે અને અભ્યુદયમાં ક્ષમા આચરે, તો સમજવું કે આ સાચો મહાત્મા છે. એવી જ રીતે જ્યારે એ માણસ સભામાં ઉપસ્થિત હોય અને પોતાના વાક્ચાતુર્યથી સત્યનો પક્ષ પ્રબળ બનાવી શકે અને સંઘર્ષ કે યુદ્ધનો અવસર આવતાં વિક્રમ દર્શાવી શકે, તો સમજવું એ માણસ મહાત્મા છે અને છેલ્લે જો તેની રુચિ યશ કમાવવામાં હોય અને શ્રુતિ અર્થાત્ (સજ્જનોને, વિદ્વાનોને) સાંભળવાનું વ્યસન હોય, તો સમજી લેવું કે એ મહાત્મા છે.

કેટલાક મહાન આત્માઓ છે, જે આ બધા ગુણો પોતાની સાથે લઈને જન્મે છે. પણ જે આ ગુણોને લઈને ન જન્મ્યું હોય અને છતાં પણ તે આ બધા ગુણો કેળવવા ઇચ્છતું હોય, તો તેણે આ માટે પ્રયત્ન કરવો ઘટે. જે પ્રકૃતિસિદ્ધ મહાત્મા નથી, તે સ્વપ્રયત્નથી મહાત્મા બની શકે છે. શરત એટલી કે તેનું વ્યક્તિત્વ ઉપર્યુક્ત રીતનું હોય.

## સ્વાધ્યાય

**1. संस्कृतभाषायाम् एकवाक्येन उत्तरं लिखत ।**

(1) सर्वेषां जनानां का कामना भवति ?

(2) अभ्युदये किं करणीयं भवति ?

(3) वाक्पटुता कुत्र अपेक्षिता भवति ?

(4) धैर्यं कदा धरणीयं भवति ?

**2. નીચેના પ્રશ્નોના માતૃભાષામાં ઉત્તર આપો :**

(1) સાંપ્રત સમયમાં લોકો કઈ બાબતમાં વધુ પ્રયત્નરત થઈ રહ્યા છે ?

(2) વ્યક્તિત્વના નિર્માણનો પ્રયત્ન ક્યારે સંભવિત બની શકે છે ?

(3) રાજર્ષિ ભર્તૃહરિરચિત શતકો કેટલાં છે અને કયાં કયાં ?

(4) મહાત્માઓની પ્રકૃતિસિદ્ધ બાબતો કઈ કઈ છે ?

**3. સવિસ્તર સમજાવો :**

(1) પ્રસંગષટ્ક

**4. સસંદર્ભ વિવરણ કરો :**

(1) श्रुतौ च व्यसनं करणीयं भवति।

(2) प्रकृतिसिद्धमिदं हि महात्मनाम्।

**5. વિવરણાત્મક નોંધ લખો :**

(1) शतकत्रयम्

(2) नीतिशतकम्

(3) श्रुतिः

(4) गुणद्वयम्

●

# 19. होलिकोत्सवः

[**પ્રસ્તાવના :** ઉત્સવ એટલે આનંદનો અવસર. અખૂટ સાધનસામગ્રી ધરાવતા માનવીના જીવનમાં તો કદાચ પ્રતિદિન ઉત્સવનું વાતાવરણ હોય છે, પણ જીવનના સામાન્ય દિવસોમાં સાધનોના અભાવે સંઘર્ષમય જીવન જીવતા માનવી માટે ઉત્સવનો દિવસ વિશેષ દિવસ બની રહે છે. કેમકે આ ઉત્સવના દિવસે તે પોતાના સામાન્ય જીવનને વિસરીને વિશેષ આનંદ અનુભવતો હોય છે. આમ, માનવમાત્રને માટે ઉત્સવ આનંદ આપનારો બની રહે છે.

ઉત્સવને મનાવવા માટેના નિર્ધારિત આચાર-વિચારો છે. પ્રત્યેક ઉત્સવના પ્રસંગે માત્ર વ્યક્તિગત રીતે આનંદપ્રાપ્તિનો ઉપક્રમ કરવાને બદલે, સામૂહિકરૂપે આનંદની પ્રાપ્તિ થાય તેવી વ્યવસ્થા ગોઠવવાની ફરજ પાડવામાં આવે છે. આ કારણે સાધનાભાવથી પીડિત વ્યક્તિ પણ ઉત્સવના આનંદની ભાગીદાર બની શકતી હોય છે. આ પ્રકારની વ્યવસ્થા હોલિકોત્સવની ઉજવણીમાં પણ વણી લેવામાં આવી છે. પ્રસ્તુત સંપાદિત પાઠમાં ગુરુ-શિષ્યનો સંવાદ છે. તે સંવાદમાં હોલિકોત્સવ અને તેના પારંપરિક ઇતિહાસનો પરિચય કેન્દ્રસ્થાને છે.

ઉત્સવની ઉજવણીમાં માત્ર વ્યક્તિગત આનંદની પ્રાપ્તિનું જ લક્ષ્ય હોતું નથી, પરંતુ આનંદની ઉજવણી સાથે દાન અને તપનો અવસર પણ પ્રાપ્ત થાય છે. આ રીતે ઉત્સવની ઉજવણીને માનવીય જીવનનો ઉત્કર્ષ સાધવાના સાધન તરીકે પણ જોવી જોઈએ.]

---

**शिष्यः** – कोऽयं नाम होलिकोत्सवः। कदा चायमायाति।

**गुरुः** – होलिकायाः उत्सवः – होलिकोत्सवः। सः फाल्गुनमासस्य पूर्णिमायां तिथौ आयाति।

**शिष्यः** – केयं होलिका ?

**गुरुः** – होलिका नाम एका स्त्री। सा च हिरण्यकशिपोः असुरराजस्य भगिनी।

**शिष्यः** – किं कृतं होलिकया, येन तस्याः नामतः उत्सवोऽयं प्रवर्तते ?

**गुरुः** – एवं हि श्रूयते – हिरण्यकशिपुनामकस्य दैत्यस्य प्रह्लादनामकः एकः पुत्रः आसीत्। सः नित्यं परमेश्वरं ध्यायन् भक्तिमयं व्यवहारं करोति स्म। भक्तिशत्रवे दैत्यराजाय सः व्यवहारः न रोचते स्म। अतः सः स्वकीयं भक्तं पुत्रं मारयितुम् अनेकधा प्रयत्नं कृतवान्। परन्तु परमेश्वररक्षितः प्रह्लादः कथमपि मरणं न गतः। अन्ते तं दाहेन मारयितुं मायाविनीं होलिकानाम्नीं स्वकीयां भगिनीं हिरण्यकशिपुः प्रैरयत्।

**शिष्यः** – कथं होलिकामेव हिरण्यकशिपुः प्रैरयत्।

**गुरुः** – यतो हि सा मायाविनी होलिका अग्निरक्षिता आसीत्।

**शिष्यः** – ततः किं सञ्जातम् ?

**गुरुः** – हिरण्यकशिपुप्रेरिता होलिका एकदा फाल्गुनमासस्य पूर्णिमायां तिथौ प्रह्लादम् अङ्के स्थापयित्वा अग्नौ प्राविशत्। परमेश्वरकृपया होलिका दग्धा न तु प्रह्लादः। प्रह्लादस्तु तथैव सुरक्षितः एवातिष्ठत्। होलिकायाः दाहेन भक्तशिरोमणेः प्रह्लादस्य च सुरक्षया प्रसन्नाः परमेश्वरभक्ताः जनाः ततः प्रभृति प्रतिवर्षं होलिकोत्सवम् अनुभावयन्ति।

**शिष्यः** – अस्मै कार्याय होलिकया कथं फाल्गुनमासस्य पूर्णिमा तिथिः सङ्कल्पिता ?

**गुरुः** – प्राचीनकालादेव फाल्गुनमासस्य पूर्णिमायां तिथौ जनाः नवसस्येष्टिं कुर्वन्ति स्म। तस्यां नवसस्येष्टौ होलिका प्रह्लादमादाय अग्नौ उपाविशत्।

**शिष्यः** – किं नाम नवसस्येष्टिः ?

**गुरुः** – नवैः सस्यैः क्रियमाणा इष्टिः नवसस्येष्टिः कथ्यते। अस्माकं देशः कृषिप्रधानः वर्तते। अत्रत्याः जनाः प्रायः द्विवारं कृषिं कुर्वन्ति। वर्षायां शरदि तथा। शरदि कृतायाः कृषेः फलं प्रायः फाल्गुनमासे प्राप्यते। तत् सस्यरूपं फलं जनाः प्रथमम् अग्निदेवाय समर्पयन्ति। ततः परस्परं वितीर्य स्वोपभोगाय कल्पयन्ति।

**शिष्यः** – यद्येवं तर्हि अस्य उत्सवस्य होलिकोत्सवः नाम कथं सार्थकं भवेत्।

**गुरुः** – वस्तुतः होलकः नाम तृणाग्निभृष्टम् अर्धपक्वं शमीधान्यं भवति। तं होलकं जनाः अग्निदेवाय समर्पयन्ति। अद्यत्वेऽपि एषा परम्परा अविच्छिन्ना प्रवर्तते।

**शिष्यः** – होलकोऽयं स्वास्थ्यायापि उपकारको भवतीति श्रुतं मया। किं तत् सत्यमस्ति।

**गुरुः** – आम्, भवता श्रुतं सत्यमेवास्ति। भावप्रकाशनामके सुप्रसिद्धे आयुर्वेदग्रन्थे कथितमस्ति – होलकोऽल्पानलो मेद-कफ-दोषश्रमापहः। अर्थात् होलकः मेदं कफदोषं श्रमं च अपहन्ति।

**शिष्यः** – अयि गुरुचरणाः ! बहवो धन्यवादाः। अनेन बोधेन अहमनुगृहीतोऽस्मि॥

## ટિપ્પણી

**आयाति ( आ + या व. अ. ए.व. )** આવે છે. **भगिनी** બહેન ( પર્યાય - **सहोदरा, स्वसा** ) **कृतम् ( कृ + क्त > त कर्म.भू.कृ. )** કર્યું **नामतः ( अव्यय )** નામથી **श्रूयते ( श्रु ( कर्म. ) व. अ. ए.व. )** (એવું) સાંભળવામાં આવે છે **आसीत् ( अस् ह्य.भू. अ. ए.व. )** હતું **ध्यायन् ( ध्यै > ध्या + शतृ व.कृ. )** ધ્યાન કરતો **भक्तिमयम्** ભક્તિપૂર્ણ (અહીં भक्ति શબ્દને પૂર્ણ-ભરેલું એ અર્થમાં मय પ્રત્યય થયો છે. કેટલાંક સ્થળે આ मय પ્રત્યય થી બનેલું. - એવા અર્થમાં પણ થાય છે. જેમકે - हिरण्यमय સોનાથી બનેલું.) **भक्तिशत्रवे ( भक्तेः शत्रुः - ष.वि. )** ભક્તિના દુશ્મનો માટે **रोचते स्म ( रुच् + लट् अ. ए.व. + स्म )** ગમતું હતું **अनेकधा ( अव्यय )** અનેકવાર **परमेश्वररक्षितः ( परमेश्वरेण रक्षितः - तृ.त. )** પરમેશ્વરથી રક્ષાયેલા **गतः ( गम् + क्त > त, कर्त.भू.कृ. )** પ્રાપ્ત થયો **अन्ते** છેવટે **दाहेन** અગ્નિથી, બાળવા થકી **मायाविनीम्** માયાવી એવીને **स्वकीयाम्** પોતાની **प्रैरयत् ( प्र + इर् ह्य.भू. अ. ए.व. )** પ્રેરણા કરી. પ્રેરી. **यतो हि ( अ. )** કેમકે **अग्निरक्षिता ( अग्निना रक्षिता - तृ.त. )** અગ્નિથી રક્ષા પામેલી **सञ्जातम् ( सम् + जन् + क्त> त कर्म. भू.कृ. )** થયું, બન્યું **एकदा ( अ. )** એકવાર **अङ्के** ખોળામાં **स्थापयित्वा ( स्था + प्रेरक + क्त्वा > त्वा सं.भू.कृ. )** બેસાડીને **प्राविशत् ( प्र + विश् ह्य.भू. अ. ए.व. )** પ્રવેશી ગઈ, પ્રવેશી **दग्धा ( दह् + क्त > त + आ कर्म.भू.कृ. )** બળી, બળી ગઈ **अतिष्ठत् ( स्था > तिष्ठ् ह्य.भू. अ. ए.व. )** ઊભો રહ્યો **ततः प्रभृति ( अव्यय )** ત્યારથી માંડીને **अनुभावयन्ति ( अनु + भू + प्रेरक > अनुभावि व. अ. ब.व. )** મનાવે છે, ઉજવે છે **सङ्कल्पिता** સંકલ્પેલી, વિચારેલી **नवसस्येष्टिम् ( नवं च तत् सस्यम् ( कर्म. ), नवसस्येन इष्टिः - तृ.त. )** નવા સસ્ય-અન્ન દ્વારા કરાતા યજ્ઞને **उपाविशत् ( उप + विश् ह्य.भू. अ. ए.व. )** બેઠો **क्रियमाणा ( कृ + आन आ.व.कृ. )** કરવામાં આવતી **अत्रत्याः** અહીં રહેનાર, અહીં થનારા **द्विवारम्** બે વાર, બે વખત **शरदि ( शरद् ( स्त्री. ) स. ए.व. )** શરદઋતુમાં **प्रायः ( अव्यय )** ઘણું કરીને, મોટે ભાગે **प्राप्यते ( प्र + आप् ( कर्मणि ) व. अ. ए.व. )** પ્રાપ્ત થાય છે. **प्रथमम्** પહેલાં **वितीर्य ( वि + तृ + क्त्वा > य सं.भू.कृ. )** વહેંચીને, વિતરણ કરીને **स्वोपभोगाय ( स्वस्य उपभोगः, तस्मै - ष.त. )** પોતાના વપરાશને માટે **कलपयन्ति ( कलृप् व. अ. ब.व. )** વિચારે છે **तृणाग्निभृष्टम् ( तृणानाम् अग्निः ( ष.त. ), तृणाग्निना भृष्टम् - तृ.त. )** તણખલાથી બળતા અગ્નિમાં શેકેલા **अर्धपक्वम्** અડધું રંધાયેલું **शमीधान्यम्** શમી-ડૂંડાવાળા અન્નને **अद्यत्वे** આજકાલ ( પર્યાય - **सम्प्रति, इदानीम्** ) **अविच्छिन्ना** અખંડિત, તૂટી ન હોય તે રીતની **श्रुतम् ( श्रु + क्त> त कर्म.भू.कृ. )** સાંભળ્યું છે **आम्** હા (સંસ્કૃત ભાષામાં આ અવ્યય સ્વીકારોક્તિ માટે વપરાય છે.) **अल्पानलः ( अल्पः चासौ अनलः - कर्म. )** ઓછો અગ્નિ, ધીમી આગ **मेदकफदोषश्रमापहः ( मेदः च कफः च ( इ.द्व. ) मेदकफयोः दोषः - ( ष.त. ), मेदकफदोषः च श्रमः च ( इ.द्व. ) मेदकफदोषश्रमौ अपहरति ( उप. त. ) सः )** મેદ અને કફના દોષને અને થાકને દૂર કરનાર **अपहन्ति ( अप + हन् व. अ. ए.व. )** હણે છે. દૂર કરે છે. **गुरुचरणाः** ગુરુજી (સંસ્કૃતમાં આદર બતાવવા માટે જે તે શબ્દની પાછળ चरण કે पाद શબ્દનો પ્રયોગ થાય છે. જેમકે - **पितृपादाः, मातृचरणाः**) **अनुगृहीतः ( अनु + ग्रह् + क्त > त कर्म.भू.कृ. )** આભારી થવું (ભૂ. કૃ.ના જેટલા પણ પ્રયોગો છે, તે બધામાં क्त > त ની પૂર્વે આવતો इ સર્વદા હ્રસ્વ હોય છે, (જેમકે - पठितः, लिखितः) પરંતુ એક માત્ર गृहीतः પ્રયોગમાં દીર્ઘ (ई ) છે.).

## સન્ધિ

चायमायाति (च अयम् आयाति)। केयम् (का इयम्)। प्रह्लादस्तु (प्रह्लादः तु)। एवातिष्ठत् (एव अतिष्ठत्)। प्राचीनकालादेव (प्राचीनकालात् एव)। यद्येवम् (यदि एवम्)। होलकोऽयम् (होलकः अयम्)। स्वास्थ्यायापि (स्वास्थ्याय अपि)। उपकारको भवतीति (उपकारकः भवति इति)। सत्यमेवास्ति (सत्यम् एव अस्ति)। होलकोऽल्पानलो मेदकफदोषश्रमापहः (होलकः अल्पानलः मेदकफदोषश्रमापहः)। अहमनुगृहीतोऽस्मि (अहम् अनुगृहीतः अस्मि)।

## વિશેષ

**1. होलिकोत्सवः** ફાગણની પૂનમે મનાવવામાં આવતા આ ઉત્સવના બે સ્વરૂપ છે - होलिकायाः उत्सवः। અને होलकानाम् उत्सवः। પ્રથમ વાક્ય મુજબ હિરણ્યકશિપુની બહેન હોલિકા દ્વારા ભક્ત પ્રહ્લાદને મારવાના ઉપક્રમરૂપ ઘટનાનું સૂચન થાય છે. જ્યારે દ્વિતીય વાક્ય પ્રમાણે હોલકનામના અન્ન દ્વારા કરવામાં આવતા નવસસ્યેષ્ટિ કર્મનું સૂચન થાય છે. દ્વિતીય વાક્ય જે કર્મનું સૂચન કરે છે, તે પ્રાચીન છે જ્યારે પ્રથમ વાક્યને લીધે જે ઘટનાનું સૂચન થાય છે, તે અપેક્ષાકૃત અર્વાચીન છે.

**2. नवसस्येष्टिः** (નવાં ધાન્યોથી થનારો યજ્ઞ.) આ એક પ્રકારનો યજ્ઞ છે. નવા પાકેલા અન્નનો પોતાના માટે ઉપયોગ કરવામાં આવે, તે પહેલાં દેવતાઓને તે નવું અન્ન સમર્પિત કરવા માટે આ યજ્ઞ કરાય છે. नवसस्यस्य निमित्ता इष्टिः - नवसस्येष्टिः। વર્ષ દરમિયાન આવા બે યજ્ઞોની પરંપરા છે. તેમાંનો એક શરદઋતુમાં અને બીજો વસંત ઋતુમાં થાય છે. શરદ ઋતુમાં થતા આ પ્રકારના નવસસ્યેષ્ટિને शारदीयनवसस्येष्टिः તરીકે ઓળખવામાં આવે છે. અત્યારે આ પર્વને દીપાવલી તરીકે ઉજવવામાં આવી રહ્યું છે. વસંતઋતુમાં થતા આ પ્રકારના નવસસ્યેષ્ટિને वासन्तिकनवसस्येष्टिः તરીકે ઓળખવામાં આવે છે. અત્યારે આ પર્વને આપણે હોળી તરીકે ઉજવીએ છીએ.

**3. होलकः** આ અન્નનો એક પ્રકાર છે. શમીધાન્ય અને શૂકધાન્યના તાજા તૈયાર થયેલા રસ ધરાવતા દાણાને હળવા અગ્નિમાં શેકવાથી જે તૈયાર થાય, તે અન્નને હોલક કહેવામાં આવે છે. ગુજરાતી ભાષામાં અત્યારે આપણે આ પ્રકારના અન્નને માટે પૌંક શબ્દનો પ્રયોગ કરીએ છીએ. વળી, જેને અત્યારે ધાણી કહીએ છીએ તેને પણ એક રીતે તો હોલક કહી શકાય. વસંતઋતુમાં કફજન્ય રોગોનો ઉપદ્રવ વધારે થાય છે. આ સ્થિતિમાં કફનું શમન કરવા માટે આ હોલક અન્ન ખાવાનું રહે છે.

**4. भावप्रकाशः** આયુર્વેદનો એક સુપ્રસિદ્ધ ગ્રંથ. તેના રચયિતા ભાવમિશ્ર છે. તેઓ ઈ.સ.ની સોળમી સદીમાં થઈ ગયા. આ ગ્રંથમાં આયુર્વેદના આઠેય અંગો (કાયચિકિત્સા, બાલચિકિત્સા, ગ્રહચિકિત્સા, ઉર્ધ્વાંગચિકિત્સા, શલ્યચિકિત્સા, દ્રૌંષ્ટચિકિત્સા (વિષતંત્ર), જરાચિકિત્સા (રસાયણ) અને વૃશચિકિત્સા (વાજીકરણ)ની ચર્ચા છે.

**5. अहमनुगृहीतोऽस्मि।** વાગ્વ્યવહાર દરમિયાન જ્યારે કોઈ આપણો સહયોગી બની રહે છે, ત્યારે તેનો આભાર માનવા માટે સંસ્કૃતભાષામાં આ વાક્યનો પ્રયોગ પ્રચલિત છે. આનો ભાવાર્થ આ રીતે છે - તમે મારા ઉપર અનુગ્રહ કર્યો છે, હું તેનો સ્વીકાર કરું છું અને તે માટે હું તમારો ઋણી છું.

## સ્વાધ્યાય

**1. अधोलिखितानां प्रश्नानां समुचितम् उत्तरं चित्वा लिखत ।**

(1) हिरण्यकशिपुनामकस्य दैत्यस्य पुत्रः कः आसीत् ?

(क) प्रह्लादः (ख) ध्रुवः (ग) कश्यपः (घ) वेनः

(2) प्रह्लादं मारयितुं हिरण्यकशिपुः कां प्रैरयत् ?

(क) पूर्णिमाम् (ख) होलिकाम् (ग) मातरम् (घ) देवीम्

(3) भारते जनाः प्रायः कतिवारं कृषिं कुर्वन्ति ?

(क) एकवारम् (ख) द्विवारम् (ग) त्रिवारम् (घ) चतुर्वारम्

(4) होलकं जनाः कस्मै समर्पयन्ति ?

(क) गणेशाय (ख) शिवाय (ग) अग्निदेवाय (घ) विष्णवे

**2. अधोलिखितानां प्रश्नानां संक्षेपतः उत्तरं लिखत ।**

(1) होलिकोत्सवः कदा आयाति ?

(2) होलिका नाम स्त्री कस्य भगिनी आसीत् ?

(3) प्रह्लादम् अङ्के स्थापयित्वा होलिका कदा अग्नौ प्राविशत् ?

(4) अस्माकं देशः कीदृशः वर्तते ?

(5) होलकं जनाः प्रथमं कस्मै समर्पयन्ति ?

**3. નીચેના પ્રશ્નોના ઉત્તર માતૃભાષામાં લખો :**

(1) હોલિકોત્સવ સાથે પ્રહ્‌લાદનું પાત્ર કેવી રીતે જોડાયેલું છે ?

(2) પ્રહ્‌લાદ કેવો વ્યવહાર કરતો હતો અને તે કોને ગમતો ન હતો ?

(3) ફાગણની પૂનમે હોલિકાએ કોની પ્રેરણાથી શું કર્યું ?

(4) હોલક સ્વાસ્થ્ય માટે કેવી રીતે ઉપયોગી છે ?

**4. વિવરણાત્મક નોંધ લખો :**

(1) નવસસ્યેષ્ટિ

(2) હોલક

(3) ભાવપ્રકાશ

**5. સમીક્ષાત્મક નોંધ લખો :**

(1) હોલિકોત્સવ

•

# 20. अग्र्याणां शतमुद्दिष्टम्

[**પ્રસ્તાવના :** આ ગદ્યાંશ ચરકસંહિતા (રચનાકાળ ઈ.સ.ની પ્રથમ શતાબ્દી)ના સૂત્રસ્થાનના પચ્ચીસમા અધ્યાયમાંથી લેવામાં આવ્યો છે. આ અધ્યાયમાં અગ્નિવેશ અને ભગવાન આત્રેયનો સંવાદ છે. પ્રસ્તુત સંવાદમાં જે તે બાબતમાં જે જે વસ્તુઓ અગ્રસ્થાને રહેલી છે, તેનો ઉપદેશ કરવામાં આવ્યો છે.

આમ, તો જગતમાં અનંત પદાર્થો છે અને અનંત ક્રિયાઓ છે. તેમાંથી વિવિધ ક્ષેત્રની કુલ એકસો બાબતોને દૃષ્ટિસમક્ષ રાખવામાં આવી છે. એ પછી આ એકસો બાબતોમાં જે જે અગ્રસ્થાને વિરાજી શકે છે, તેને અહીં રેખાંકિત કરી બતાવી છે. આ એકસોમાંથી અહીં જુદા જુદા પ્રકારની માત્ર ચોત્રીસ બાબતોને પસંદ કરી, તેમની રજૂઆતને સંપાદિત કરીને મૂકવામાં આવી છે.

જીવનને ટકાવી રાખવા માટેના દૈનંદિન વ્યવહારોમાં આહાર મહત્ત્વનો છે. આવા આહારમાં અગ્રસ્થાને રહેલા અન્ન-પદાર્થો, રોગાદિથી શરીરને સંરક્ષણ પૂરું પાડનારા પદાર્થોમાં અગ્રસ્થાને રહેલા મધુ, સર્પિ વગેરે ઔષધતત્ત્વો, માનવીય પ્રતિભાના વિકાસમાં ઉપયોગી અને અવરોધ ઊભો કરનારી બાબતોમાં સમાવેશ કરી શકાય, એવા ગુણો કે અવગુણોમાં અગ્રસ્થાને રહેલી તંદ્રા, ક્લેશ વગેરેને અંજામ આપનારી બાબતોમાં અને પ્રીણન, સ્નાન જેવી અનુકૂળ ક્રિયાઓમાં જે અગ્રસ્થાને વિરાજે છે, તેમનો ઉપદેશ કરવામાં આવ્યો છે. માણસ એક વાર આ અગ્રસ્થાને વિરાજતી બાબતોને જાણી લે, તો ગ્રહણ કરવા યોગ્ય બાબતોને ગ્રાહ્ય રાખી શકે છે અને જો તે ગ્રહણ કરવા યોગ્ય ન હોય, તો તેને ત્યજી દેવામાં તત્પર બની શકે છે.]

---

चरकसंहितायां सूत्रस्थाने पञ्चविंशतितमे अध्याये भगवान् आत्रेयः अग्निवेशाय अग्र्याणां शतमुपदिशति। तत्र शतमुद्दिष्टेषु किञ्चिद् अत्र सङ्गृह्यते। तद्यथा –

लोहितशालयः शूकधान्यानाम्, मुद्गाः शमीधान्यानाम्, आन्तरिक्षम् उदकानाम्, सैन्धवं लवणानाम्, गव्यं सर्पिः सर्पिषाम्, गोक्षीरं क्षीराणाम्, तिलतैलं स्थावरजातानां स्नेहानाम्, अन्नं वृत्तिकराणाम् श्रेष्ठम्, उदकम् आश्वासकराणाम्, क्षीरं जीवनीयानाम्, मधु श्लेष्मपित्तप्रशमनानाम्, सर्पिः वात-पित्त-प्रशमनानाम्, तैलं वातश्लेष्मप्रशमनानाम्, व्यायामः स्थैर्यकराणाम्, मदनफलं वमनास्थापानानुवासनोपयोगिनाम्, क्षीरघृताभ्यासः रसायनानाम्, चन्दनं दुर्गन्धिहरदाहनिर्वापणलोपानाम्, कालभोजनम् आरोग्यकराणाम्, तृप्तिः आहारगुणानाम्, वेगसन्धानम् अनारोग्यकराणाम्, विषादः रोगवर्धनानाम्, स्नानं श्रमहराणाम्, हर्षः प्रीणनानाम्, अतिस्वप्नः तन्द्राकराणाम्, सर्वरसाभ्यासः बलकराणाम्, एकरसाभ्यासः दौर्बल्यकराणाम्, लौल्यं क्लेशकराणाम्, सम्प्रतिपत्तिः कालज्ञानप्रयोजनानाम्, अध्यवसायः फलातिपत्तिहेतूनाम्, असमर्थता भयकराणाम्, तद्विद्यसम्भाषा बुद्धिवर्धनानाम्, आयुर्वेदः अमृतानाम्, सद्वचनम् अनुष्ठेयानाम्, सर्वसंन्यासः सुखानामिति।

## ટિપ્પણી

**चरकसंहितायाम्** ચરકસંહિતા નામના ગ્રંથમાં **सूत्रस्थाने** (ચરકસંહિતા નામના ગ્રંથની અંદર આવતાં) સૂત્રસ્થાન (નામના પ્રકરણ)માં **पञ्चविंशतितमे** પચ્ચીસમા (પ્રકરણ)માં **आत्रेयः** આત્રેય (અત્રિ ઋષિના પુત્ર, આયુર્વેદના જ્ઞાતા એક ઋષિ) **अग्निवेशाय** અગ્નિવેશને (આયુર્વેદના અધ્યેતા, આત્રેયના શિષ્ય એવા એક ઋષિ) **अग्र्याणाम् ( अग्रे भवम्, अग्र्यम्, तेषाम् – त.प्र. )** આગળના સ્થાનમાં રહેલી વસ્તુઓમાંથી, પ્રથમ ક્રમે રહેલી બાબતોમાંથી (અહીં સમગ્ર પાઠમાં જે જે ષષ્ઠી વિભક્તિ વપરાય છે, તે નિર્ધારણમાં છે. અનેક વસ્તુઓમાંથી જ્યારે કોઈ એક વસ્તુનું નિર્ધારણ કરી આપવાનું હોય, ત્યારે જે અનેક વસ્તુઓમાંથી અમુક વસ્તુને નિર્ધારિત કરી આપવાની હોય છે, તેમાં ષષ્ઠી અથવા સપ્તમી વિભક્તિ વપરાય છે. અહીં સર્વત્ર ષષ્ઠી વિભક્તિ વપરાય છે. આ કારણે ષષ્ઠી વિભક્તિમાં વપરાયેલા પદનો જ્યારે ગુજરાતી અનુવાદ કરવાનો થાય છે, ત્યારે માંથી - એવો અનુવાદ કરવાનો રહે છે. જેમકે - શૂકધાન્યાનામ્ ડૂંડાવાળા ધાન્યોમાંથી) **शतम्** એક સો **उपदिशति ( उप + दिश्** ઉપદેશવું **व. अ. ए.व. )** ઉપદેશ કરે છે **उद्दिष्टम् ( उद् + दिश् + क्त > त कर्म.भू.कृ. )** ઉપદેશ કર્યો હતો, શીખવ્યું હતું **किञ्चित्** થોડું **संगृह्यते ( सम् + गृह्** સંગ્રહ કરવો **( कर्म. ) व. अ.पु. ए.व. )** સંગ્રહ કરવામાં આવે છે, સંગ્રહ કરવામાં આવી રહ્યો છે **तद्यथा** જેમકે, ઉદાહરણ તરીકે, દા.ત. **लोहितशालयः ( लोहिता चासौ शालिः – कर्म. )** લાલ રંગના ચોખા, શાટીના

ચોખા **शूकधान्यानाम् ( शूकस्य धान्यम् - ष.त. )** ડૂંડાવાળાં ધાન્યોમાંથી **मुद्गाः** મગ **शमीधान्यानाम् ( शम्याः धान्यम् - ष.त. )** સીંગવાળાં ધાન્યોમાંથી, ફાડાવાળાં અનાજમાંથી **आन्तरिक्षम् ( अन्तरिक्षात् आगतम् - त.प्र. )** અંતરિક્ષમાંથી આવેલું (જળ) **उदकानाम्** અનેક જાતના પાણીમાંથી **सैन्धवम् ( सिन्धौ भवम् - त.प्र. )** સિંધાલૂણ, સૈંધવ **लवणानाम्** અનેક જાતના મીઠામાંથી **गव्यम् ( गावः विकारम् - त.प्र. )** ગાયનું વિકાર (સર્પિ-ઘીનું વિશેષણ) **सर्पिः** ઘી **सर्पिसाम्** અનેક જાતના ઘીમાંથી **गोक्षीरम् ( गवां क्षीरम् - ष.त. )** ગાયનું દૂધ **क्षीराणाम्** અનેક જાતના દૂધમાંથી **तिलतैलम् ( तिलानाम् तैलम् - ष.त. )** તલનું તેલ **स्थावरजातानाम् ( स्थावरात् जातः - तेषाम्, पं.त. )** વૃક્ષમાંથી ઉત્પન્ન થયેલી અનેક વસ્તુઓમાંથી **स्नेहानाम्** અનેક પ્રકારના તેલમાંથી **वृत्तिकराणाम् ( वृत्तिं करोति - वृत्तिकरः, तेषाम् - उप.तत्पु. )** શરીરને સ્થાયી બનાવનારા અનેક પદાર્થોમાં **आश्वासकराणाम् ( आश्वासं करोति - आश्वासकरः, तेषाम् - उप.तत्पु. )** - આશ્વાસન-શાંતિ આપનારા અને પદાર્થોમાં **जीवनीयानाम् ( जीव् + अनीय वि.कृ. )** શરીરને જીવનીય શક્તિ આપનારા અનેક પદાર્થોમાં **मधु** મધ **श्लेष्मपित्तप्रशमनानाम् ( श्लेष्म च पित्तः च श्लेष्मपित्तौ ( इ.द्व. ), श्लेष्मपित्तयोः प्रशमनम् - तेषाम् ( ष.त. )** શ્લેષ્મ-કફ અને પિત્તનું શમન કરનારા અનેક પદાર્થોમાં **वात-पित्त-प्रशमनानाम् ( वातस्य च पित्तस्य च प्रशमनम् - तेषाम्, ष.त. )** વાત અને પિત્તનું શમન કરનારા અનેક પદાર્થોમાં **वातश्लेष्मप्रशमनानाम् ( वातः च श्लेष्म च वातश्लेष्माणौ ( इ.द्व. ), वातश्लेष्मयोः प्रशमनम् - तेषाम् ( ष.त. )** વાત અને કફનું શમન કરનારા અનેક પદાર્થોમાંથી **स्थैर्यकराणाम्** શરીરને સ્થિરતા આપનારી બાબતોમાં **मदनफलम्** મીંઢળ **वमनास्थापनानुवासनोपयोगिनाम् ( वमनस्य आस्थापनम् - ( ष.त. ) वमनास्थापनम् च अनुवासनम् च - वमना...वासने ( इ.द्व. ), वमना...वासनयोः उपयोगिनः, तेषाम् - ष.त. )** વમનાસ્થાપન અર્થાત્ ઋક્ષબસ્તી (ઉલટી કર્મ) અને અનુવાસન અર્થાત્ સ્નિગ્ધબસ્તી કર્મમાં ઉપયોગી એવા પદાર્થોમાં **क्षीरघृताभ्यासः ( क्षीरं च घृतं च ( इ.द्व. ), क्षीरघृतयोः अभ्यासः - ष.त. )** દૂધ અને ઘી સતત (ખાવા)ની આદત **रसायनानाम्** સર્વ પ્રકારના રસાયણોમાં **दुर्गन्धहरदाहनिर्वापणलेपानाम् ( दुर्गन्धं हरति - दुर्गन्धहरः ( उप.त. ), दाहस्य निर्वापणम् - ( ष.त. ), दुर्गन्धहरस्य च दाहनिर्वापणस्य च लेपः, तेषाम् - इ.द्व. )** દુર્ગંધને દૂર કરનાર અને દાહ-ગરમીને દૂર કરનારા લેપનોમાં **कालभोजनम् ( काले भोजनम् - स.त. )** સમયે કરવામાં આવેલું ભોજન **आरोग्यकराणाम् ( आरोग्यं करोति, तेषाम् - उप.त. )** આરોગ્ય-સ્વાસ્થ્યને સાચવનારી અનેક વસ્તુઓમાં **आहारगुणानाम् ( आहाराणां गुणाः, तेषाम् - ष.त. )** આહાર-ખોરાકના જે અનેક ગુણો છે, તેમાં **वेगसन्धानम् ( वेगस्य सन्धानम् - ष.त. )** કુદરતી આવેગ-હાજતને રોકવાનું **अनारोग्यकराणाम् ( न आरोग्यकरम्, तेषाम् - नञ्त. )** અનારોગ્ય - માંદગી કરનારી અનેક બાબતોમાં **विषादः** દુઃખ **रोगवर्धनानाम् ( रोगस्य वर्धनम्, तेषाम् - ष.त. )** રોગોને વધારનારા અનેક પદાર્થોમાં **श्रमहराणाम् ( श्रमं हरति, तेषाम् - उप.त. )** શ્રમને હરી લેનારા પદાર્થોમાં **प्रीणनानाम्** ખુશ કરનારી અનેક બાબતોમાં **अतिस्वप्नः** વધારે પડતી ઊંઘ-નિદ્રા **तन्द्राकराणाम् ( तन्द्रां करोति, तेषाम् - ष.त. )** તંદ્રા-આળસ કરનારા પદાર્થોમાં **सर्वरसाभ्यासः ( सर्वेषां रसानाम् अभ्यासः - ष.त. )** બધા પ્રકારના રસો(ને ખાવા)નો અભ્યાસ (ભોજનના સંદર્ભે રસો છ છે - કટુ-તીખો, અમ્લ-ખાટો, મધુ-ગળ્યો, લવણ-ખારો, તિક્ત-કડવો અને કષાય-તૂરો) **बलकराणाम् ( बलं करोति, तेषाम् - ष.त. )** બલ આપનારા અનેક પદાર્થોમાં **एकरसाभ्यासः ( एकस्य रसस्य अभ्यासः - ष.त. )** એક જ રસ(ને સતત ખાવા)ની આદત **दौर्बल्यकराणाम् ( दुर्बलस्य भावः दौर्बल्यम्, दौर्बल्यं करोति, तेषाम् - उप.त. )** દુર્બળતા લાવનારા અનેક પદાર્થોમાં **लौल्यम् ( लोलायाः भावः - त.प्र. )** લોલુપતા, ચંચળતા **क्लेशकराणाम् ( क्लेशं करोति, तेषाम् - उप.त. )** ક્લેશ-દુઃખ આપનારા પદાર્થોમાં **सम्प्रतिपत्तिः** ઉચિત સમયે કાર્ય કરવું (સમય રહેતાં કાર્યનું અનુષ્ઠાન કરી લેવું) **कालज्ञानप्रयोजनानाम् ( कालस्य ज्ञानम् - कालज्ञानम् ( ष.त. ), कालज्ञानं प्रयोजनं येषाम्, तेषाम् - बहु. )** કાળ-જ્ઞાનના અનેક પ્રયોજનોમાં (સમયને ઓળખી લેવાનાં અનેક લાભોમાં) **अध्यवसायः** દૃઢ નિશ્ચય સાથે કાર્ય કરવાની વૃત્તિ **फलातिपत्तिहेतूनाम् ( फलस्य अतिपत्तिः ( ष.त. ), फलातिपत्तीनां हेतवः तेषाम् - ष.त. )** વધારે ફળની પ્રાપ્તિ થવાના અનેક કારણોમાં **असमर्थता ( समर्थस्य भावः - समर्थता, ( त.प्र. ), न समर्थता - नञ्त. )** સામર્થ્યનો અભાવ, કામ ન કરી શકવાની વૃત્તિ **भयकराणाम् ( भयं करोति, येषाम् - उप.त. )** ભય કરનારી અનેક બાબતોમાં **तद्विद्यसम्भाषा ( तस्य विद्यः - तद्विद्यः ( ष.त. ), तद्विद्यस्य सम्भाषा - ष.त. )** તે તે વિદ્યાને જાણનારી વ્યક્તિઓની સાથેનો સંવાદ-વાર્તાલાપ **बुद्धिवर्धनानाम् ( बुद्धेः वर्धनम्, तेषाम् - ष.त. )** જ્ઞાન વધારવાના અનેક ઉપાયોમાં **आयुर्वेदः** આયુર્વેદ, ચિકિત્સાશાસ્ત્ર **अमृतानाम्** (પૃથ્વી ઉપર ઉપલબ્ધ અનેક) અમૃતોમાં **सद्वचनम् ( सतां वचनम् - ष.त. )** સજ્જનોએ કહેલું વચન **अनुष्ठेयानाम्** કરવા જેવાં અનેક કાર્યોમાં **सर्वसंन्यासः ( सर्वस्मात् संन्यासः - ष.त. )** બધી બાબતોમાંથી સંન્યાસ, બધાં બંધનોનો ત્યાગ.

## વિશેષ

**1. मधु, सर्पिः तैलम् ।** આયુર્વેદશાસ્ત્રની માન્યતા પ્રમાણે માનવ શરીરમાં વાત, પિત્ત અને કફ એ ત્રણ ધાતુઓ રહેલી છે. જ્યાં સુધી આ ત્રણેય ધાતુ સમાન પ્રમાણમાં રહે છે, ત્યાં સુધી માનવશરીર સ્વસ્થ રહે છે. આ ત્રણ પૈકી કોઈ પણ દોષની માત્રા અસમાન બને છે, ત્યારે માનવશરીર રોગી બને છે.

માનવશરીરમાં રહેલા વાત, પિત્ત અને કફને સમ રાખવા માટે ક્રમશઃ तैलम् (તલના તેલની માલીશ), मधु (મધનું સેવન) અને सर्पिः (ઘીનું સેવન)નો ઉપયોગ કરવાનું સૂચન છે. આમ, આયુર્વેદશાસ્ત્રની દૃષ્ટિએ આ ઉપર્યુક્ત ત્રણેય પદાર્થો માનવ-માત્રને હંમેશાં ઉપયોગી રહ્યા છે, અત્યારે પણ છે અને ભવિષ્યમાં પણ રહેશે.

**2. सम्प्रतिपत्तिः कालज्ञानप्रयोजनानाम् ।** કુદરતે માણસને જે અનેક ભેટ આપી છે, તેમાંથી એક ભેટ કાળની છે. દરેક માણસ આ કાળનું જ્ઞાન ધરાવે છે. એટલું જ નહિ, કયા કાળે કયું કામ કરવાનું છે, તે પણ માણસ જાણતો હોય છે. આ રીતે માણસને કાળ અને એ કાળના અનેક પ્રયોજનોનું - બંનેનું જ્ઞાન છે. આ જ્ઞાનના આધારે માણસ પ્રત્યેક કાળમાં અનેકાનેક કાર્યોને સંપન્ન કરતો રહે છે; પરંતુ માનવ દ્વારા થતાં આ અનેક કાર્યોમાં અગ્ર એટલે કે સૌથી આગળના ક્રમાંકે મૂકી શકાય એવું કાર્ય કયું હોઈ શકે ? તેવો જો કોઈ પ્રશ્ન કરે, તો તેના ઉત્તરમાં અહીં જણાવવામાં આવ્યું છે કે - કાળ જ્ઞાનનાં બધાં પ્રયોજનોમાં સૌથી ઉત્તમ પ્રયોજન સમ્પ્રતિપત્તિ અર્થાત્ ઉચિત સમયે કાર્ય કરી લેવાનું છે.

તાત્પર્ય એ છે કે માણસ જો સમયસર કાર્ય સંપન્ન કરે, તો સારું છે, પણ સમયસર કાર્ય ન કરે અને સમય વીતી ગયા પછી, તે કાર્યને સંપન્ન કરવા માટે સમયનો પુષ્કળ વ્યય કરે, તો તે વ્યર્થ જ છે. તે પ્રકારે કરેલા કાર્યને અગ્રસ્થાને મૂકી શકાય નહિ. જે કાર્ય સમયસર સિદ્ધ કરવામાં આવ્યું હોય, તેને જ અગ્રસ્થાને, શ્રેષ્ઠસ્થાને મૂકી શકાય.

**3. अध्यवसायः फलातिपत्तिहेतूनाम् ।** માણસ કર્મ કરે એટલે તેને ફળ મળે જ. આ એક સર્વસંમત સિદ્ધાંત છે. કર્મ કરવા માટે અનેક સાધન-સામગ્રી અપેક્ષિત હોય છે. આ બધી સાધન-સામગ્રીના પ્રયોગ દ્વારા માણસ કર્મ કરે છે. માણસને એ વાતની ખબર છે કે કર્મ કરતી વખતે વાપરવામાં આવેલી સાધન-સામગ્રીને કારણે ફળની માત્રા ઓછી-વત્તી હોય છે.

આ સ્થિતિમાં કોઈને પ્રશ્ન થાય કે વધારે ફળની પ્રાપ્તિમાં સૌથી વધારે ઉપયોગી થાય, તેવું પરિબળ શું છે ? તો તેનો ઉત્તર આપતાં અહીં કહ્યું છે કે અધ્યવસાય એટલે કે અમુક કાર્ય કરવાનું જ છે, એ પ્રકારનો દૃઢનિશ્ચય વધારે ફળ અપાવનારાં સાધનોમાં સૌથી શ્રેષ્ઠ છે. ફલતઃ માણસે પોતાના દ્વારા કરવામાં આવતા કર્મના ફળની માત્રા વધારવી હોય, તો અધ્યવસાય કેળવવો જોઈએ. એટલે કે દૃઢનિશ્ચય સાથે કાર્ય કરવામાં પ્રવૃત્ત થવું જોઈએ.

**4. सद्वचनमनुष्ठेयानाम्** માણસની સામે કરવાનાં કાર્યો અર્થાત્ અનુષ્ઠાનો અનેક છે. આ અનેક અનુષ્ઠાનોમાં સૌથી શ્રેષ્ઠ અનુષ્ઠાન કયું હોઈ શકે ? એ જિજ્ઞાસા છે. આ જિજ્ઞાસા ધરાવતા અગ્નિવેશ નામના શિષ્યને ભગવાન્ આત્રેય ઉત્તર આપે છે કે - સત્પુરુષોએ ઉપદેશેલાં વચનો મુજબ અનુષ્ઠાન કરવું, વર્તવું એ જ સૌથી મોટું અનુષ્ઠાન છે. સામાન્ય માણસોએ કરેલી પ્રેરણા મુજબ કરેલાં કાર્યો અનેક હોઈ શકે, પણ તેમાં સૌથી શ્રેષ્ઠ અનુષ્ઠાન તો વિદ્વાનોએ ઉપદેશેલાં કાર્યોને કરવાં રૂપ અનુષ્ઠાન જ છે. માટે માણસે સદ્‌વચનોનું અનુષ્ઠાન કરવું જોઈએ, અસદ્‌વચનો પ્રમાણે વર્તવું જોઈએ નહિ.

## સ્વાધ્યાય

**1. अधोलिखितानां प्रश्नानां समुचितम् उत्तरं चित्वा लिखत ।**

(1) शूकधान्यानाम् किं श्रेष्ठं भवति ?

(क) गोधूमाः (ख) लोहितशालयः (ग) तिलाः (घ) मुद्गाः

(2) क्षीराणां किं क्षीरं श्रेष्ठं वर्तते ?

(क) गोक्षीरम् (ख) अजाक्षीरम् (ग) महिषीक्षीरम् (घ) उष्ट्रक्षीरम्

(3) दुर्गन्धहरं किं भवति ?

(क) कुङ्कुमम् (ख) सिन्दूरम् (ग) चन्दनम् (घ) मदनफलम्

(4) कालभोजनं केषांम् श्रेष्ठम् अस्ति ?

(क) आरोग्यकराणाम् (ख) तृप्तिकराणाम् (ग) शान्तिकराणाम् (घ) तन्द्राकराणाम्

(5) लौल्यं केषाम् अग्र्यम् अस्ति ?

(क) भयकराणाम् (ख) तन्द्राकराणाम् (ग) क्लेशकराणाम् (घ) दौर्बल्यकराणाम्

**2. एकवाक्येन उत्तरं लिखत ।**

(1) कीदृशं जलं श्रेष्ठं भवति ?

(2) मदनफलं किं किं करोति ?

(3) श्लेष्मणः पित्तस्य च प्रशमनं किं वस्तु करोति ?

(4) वेगसन्धानं नाम किमस्ति ?

(5) भयकराणाम् अग्र्यं किं वर्तते ?

**3. प्रदत्तैः पदैः रिक्तस्थानानि पूरयत ।**

(1) .......... शूकधान्यानाम्। (मुद्गाः, शालयः, सैन्धवम्, सर्पिः)

(2) जीवनीयानाम् .......... श्रेष्ठं भवति। (क्षीरम्, मधु, सर्पिः, जलम्)

(3) तद्विद्यसम्भाषा .......... श्रेष्ठा। (सर्पिषाम्, वृत्तिकराणाम्, आश्वासकराणाम्, बुद्धिवर्धनानाम्)

(4) प्रीणनानाम् .......... श्रेष्ठम् अस्ति । (हर्षः, लौल्यम्, अतिस्वप्नः, एकरसाभ्यासः)

(5) असमर्थता .......... श्रेष्ठा। (दौर्बल्यकराणाम्, क्लेशकराणाम्, भयकराणाम्, अनुष्ठेयानाम्)

**4. નીચેના પ્રશ્નોના ઉત્તર માતૃભાષામાં આપો :**

(1) જુદાં જુદાં ધાન્યમાં કયું કયું અન્ન શ્રેષ્ઠ છે ?

(2) પિત્તનું શમન કોના કોના દ્વારા થાય છે ?

(3) ચંદનની શ્રેષ્ઠતા કઈ કઈ બાબતમાં છે ?

(4) સર્વરસ એટલે શું ? તેમાં કયા કયા રસનો સમાવેશ થાય છે ?

(5) અનારોગ્ય કરનારી બાબતોમાં કઈ મુખ્ય છે ?

**5. ટૂંક નોંધ લખો :**

(1) ચરકસંહિતા (2) અધ્યવસાય

(3) સંપ્રતિપત્તિ (4) આહારગુણ

**6. સસંદર્ભ સમજૂતી આપો :**

(1) व्यायामः स्थैर्यकराणाम्।

(2) कालभोजनम् आरोग्यकराणाम्।

(3) तृप्तिः आहारगुणानाम्।

(4) आयुर्वेदः अमृतानाम्।

•

# 1 ન્યાય-પરિચય

'ન્યાય' શબ્દ સંસ્કૃતમાં અનેક અર્થમાં વપરાય છે. સંસ્કૃત વ્યાકરણશાસ્ત્રની વ્યુત્પત્તિપ્રક્રિયા મુજબ તેનો અર્થ વિચારવામાં આવે, તો नीयते प्राप्यते अनेन सः न्यायः। અર્થાત્ જેના દ્વારા અમુક વસ્તુ કે સ્થિતિ પ્રાપ્ત કરવામાં આવે, તે ન્યાય છે. સંસ્કૃત શબ્દકોષશાસ્ત્ર પ્રમાણે વિચારીએ તો આ ન્યાય શબ્દ જુદા જુદા પ્રસંગોમાં રીતિ, પદ્ધતિ, ધારો, વાજબીપણું, ફેંસલો-ચુકાદો વગેરે અર્થોમાં વપરાય છે. સંસ્કૃત સાહિત્યમાં ન્યાય નામનું એક સ્વતંત્ર શાસ્ત્ર પણ છે. (આ શાસ્ત્રને તર્કશાસ્ત્ર કે આન્વીક્ષિકી વિદ્યા પણ કહે છે.) प्रमाणैः अर्थपरीक्षणं न्यायः। અર્થાત્ પ્રત્યક્ષ વગેરે પ્રમાણો દ્વારા અર્થની પરીક્ષા કરવાની પ્રક્રિયાને ન્યાય કહે છે. આમ, આ ન્યાય શબ્દ અનેક અર્થોમાં વપરાય છે.

અહીં ન્યાય શબ્દ જે અર્થમાં વાપરવામાં આવી રહ્યો છે, તે વળી એક વિશેષ અર્થમાં છે. આ અર્થ કંઈક આ રીતનો છે : પોતે કહેવા ધારેલી વાતને સંક્ષેપમાં છતાં ખૂબ જ સચોટ રીતે રજૂ કરવાના આશયથી લોક કે શાસ્ત્રમાં પ્રસિદ્ધ એવાં જે દૃષ્ટાંત વાપરવામાં આવે છે તે (દૃષ્ટાન્ત) 'ન્યાય' છે - लोकशास्त्रप्रसिद्धदृष्टान्तविशेषः न्यायः।

જેમકે, એક પાત્રમાં દૂધ છે અને બીજા એક પાત્રમાં પાણી છે. કોઈ એક વ્યક્તિ એક ત્રીજા પાત્રમાં આ બન્નેને ભેગાં કરે છે. હવે, આ ત્રીજા પાત્રમાં ભેગાં થયેલાં દૂધ અને પાણીને છૂટાં પાડવાં એ ઘણું અઘરું કામ છે. આ અઘરું કામ હંસ નામનું પક્ષી કરી શકે છે. કુદરતે તેને આવી શક્તિ આપી છે. આથી દૂધ અને પાણીને છૂટા પાડનાર તરીકે હંસની લોકમાં પ્રસિદ્ધિ છે. આ ઉપરથી લોકમાં 'नीरक्षीरविवेक' એવો એક ન્યાય પ્રસિદ્ધ થયો છે.

હવે લોકવ્યવહારમાં જ્યારે કોઈ સારા-નરસાનો ભેદ પારખવાની વાત હોય કે એકબીજામાં ભળી ગયેલી સાચી અને ખોટી માહિતીને છૂટી પાડવાની વાત હોય, ત્યારે ત્યાં દૃષ્ટાંત આપવા માટે આ નીરક્ષીરવિવેકન્યાયનો પ્રયોગ કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે કોઈ વ્યાપારી અને ગ્રાહક વચ્ચે તકરાર થઈ. આ તકરારની ફરિયાદ કરવામાં આવી. બન્ને પોતાની વાતને સાચી કહે છે અને બીજાની ઉપર દોષારોપણ કરે છે. કોણ સાચો છે અને કોણ ખોટો છે, તેનો નિર્ણય કરવો અઘરો છે. આ નિર્ણય કરાવવા માટે બન્ને ન્યાયાલયમાં પહોંચે છે. અહીં વિદ્વાન ન્યાયાધીશની સામે બંનેનો ખટલો (ન્યાયપ્રક્રિયા) ચાલે છે. એ પછી પુરાવા અને બન્ને પક્ષોની દલીલ સાંભળીને ન્યાયાધીશ પોતાનો નિર્ણય જાહેર કરે છે કે ગ્રાહક ખોટો છે અને વ્યાપારી સાચો છે.

ન્યાયાધીશના આ નિર્ણયને વિશે સંક્ષેપમાં છતાં ખૂબ જ સચોટ રીતે પોતાનો અભિપ્રાય આપવા માટે નીરક્ષીરવિવેકન્યાય વાપરી શકાય છે. જેમકે - ''ન્યાયાધીશે નીરક્ષીરવિવેક ન્યાયે કામ કર્યું. પરિણામે સાચા અને ખોટાનો નિર્ણય થઈ ગયો. ગ્રાહક ખોટો હતો તે ખોટો ઠર્યો અને વ્યાપારી સાચો હતો, તે સાચો ઠર્યો અને મુક્ત થયો.'' આમ અહીં આ ન્યાય વાપરીને ન્યાયાધીશની બુદ્ધિમત્તાપૂર્ણ કાર્યવાહીને ટૂંકમાં છતાં સચોટ તથા સરસ રીતે વ્યક્ત કરી શકાય છે.

ભાષિક વ્યવહારમાં આ પ્રમાણે ન્યાયવાક્યોનો પ્રયોગ કરવાથી બે લાભ થઈ શકે છે. એક તો આપણા સંભાષણમાં સૌન્દર્ય આવે છે. બીજું આ ન્યાયવાક્યોમાં નિહિત તથ્યને સમજીને માણસ જીવનના જુદા જુદા ક્ષેત્રમાં પ્રેરણા અને માર્ગદર્શન પણ પ્રાપ્ત કરી શકે છે. આ પ્રેરણા અને માર્ગદર્શન માણસનો ઉત્કર્ષ સાધી આપે છે.

અહીં ઉપર્યુક્ત ન્યાયવાક્યના પ્રયોગનો સંદર્ભ મનમાં રાખીને થોડો વિચાર કરીશું. પ્રત્યેક માણસના જીવનમાં નિત્ય નવી નવી વ્યક્તિઓ સાથે કામ કરવાનો પ્રસંગ આવે છે. આ બધી વ્યક્તિઓ એક સરખી હોતી નથી. પેલા દૂધ અને પાણીની જેમ ક્યારેક આવી વ્યક્તિઓમાં પણ સજ્જન-દુર્જનનું મિશ્રણ હોઈ શકે છે. આવી સ્થિતિમાં નીરક્ષીરવિવેકન્યાય આપણું જે રીતે માર્ગદર્શન કરે છે, તે રીતે પ્રથમ તો સજ્જન અને દુર્જનનો ભેદ પારખવાનો રહે છે. એક વાર આ પ્રકારનો ભેદ પરખાય તે પછી સજ્જન સાથે સાથ-સહકારનો અને દુર્જન સાથે ઉપેક્ષાનો વર્તાવ કરવાનો છે. ટૂંકમાં નીરક્ષીરવિવેક કર્યા વગર સહુ કોઈની સાથે એકસરખો વ્યવહાર કરવો જોઈએ નહીં, એવું ઉપયોગી માર્ગદર્શન અહીંથી મળી રહે છે.

સંસ્કૃતમાં આવા અનેક ન્યાયો પ્રચલિત છે. તે પૈકી અહીં પસંદગીના માત્ર દસ ન્યાયનો પરિચય મેળવીશું :

**(1) सिंहावलोकनन्यायः।** સિંહ શબ્દ એક પ્રાણીનો વાચક છે. અવલોકન એટલે જોવું. જંગલના રાજા મનાતા સિંહ નામના પ્રાણીની એક વિશેષતા છે. તે જ્યારે ચાલતો હોય છે, ત્યારે થોડા થોડા અન્તરે પાછું વળીને જોઈ લેતો હોય છે. સિંહની આ વિશેષતાને ધ્યાનમાં રાખીને આ ન્યાયની પરિકલ્પના કરવામાં આવી છે.

આ ઉપરથી એવો બોધ મળે છે કે માણસે ચાલવાનું ભલે આગળ ને આગળ જ હોય, પણ ક્યારેક ક્યારેક પાછા વળીને પણ જોઈ લેવું જોઈએ. એક વિદ્યાર્થી તરીકે તમારે આગળ ને આગળ ઉપલા ધોરણમાં જવાનું છે અને તેથી તમારી નજર પણ ત્યાં જ હોવી ઘટે. તેમ છતાં આગળ વધવાની આ પ્રક્રિયામાં ક્યારેક ક્યારેક પાછળ વળીને પણ જોઈ લેવું જરૂરી છે. જો તમે અગિયારમામાં ભણતા હો તો ક્યારેક ક્યારેક દસમા ધોરણમાં ભણેલી વાતો તરફ પણ તમારે નજર કરી લેવી જોઈએ.

**(2) पङ्कप्रक्षालनन्यायः।** पङ्क એટલે કાદવ અને प्रक्षालन એટલે ધોવાની ક્રિયા. કાદવને ધોવાની ક્રિયાને पङ्कप्रक्षालन કહે છે. કાદવમાં પગ પડી જાય અને પગ ગંદો થાય, તો કોઈ ખાસ મુશ્કેલી થતી નથી. કેમકે કાદવથી બગડેલા પગને સ્વચ્છ પાણીથી ધોઈ શકાય છે. આમ જો કે કાદવને ધોવાની સગવડ ઉપલબ્ધ છે, છતાં પણ જો કાદવથી પગ બગડે જ નહિ, એવી તકેદારી રાખવામાં આવે, તો કાદવને ધોવાનો ઉપક્રમ કરવાનો રહેતો નથી. આ તથ્યને ધ્યાનમાં રાખીને પ્રસ્તુત ન્યાયની પરિકલ્પના કરવામાં આવી છે.

આ ન્યાય ડગલે ને પગલે બોધ આપનારો છે. ચોમાસાની ઋતુમાં આમ તેમ ભરાયેલાં પાણીમાં મચ્છરો જન્મ લે છે અને વધી પડેલા મચ્છરોથી માંદગીની મુશ્કેલી આવી પડે છે. સામાન્ય રીતે માણસો એવું વિચારે છે કે મચ્છરના નિવારણ માટે જાત જાતનાં સાધનો ઉપલબ્ધ છે અને માંદા થઈશું તો દવાખાનામાં સારવાર ઉપલબ્ધ છે. પરિણામે મચ્છરોથી ઊભી થનારી મુશ્કેલીનું નિવારણ કરી લઈશું. એમાં ચિંતા કરવાની શી જરૂર છે. પરંતુ આવા વિચારની સામે આ ન્યાય ઉપદેશ આપી સમજાવે છે કે ચોમાસાની ઋતુમાં આમ તેમ પાણી ભરાય નહિ, મચ્છરો જન્મે નહીં અને મચ્છરોને લીધે માંદગી ફેલાય જ નહીં, તેની પહેલાંથી જ તકેદારી રાખવી જોઈએ. જો આમ કરવામાં આવે, તો આવી પડેલી મુશ્કેલીના નિવારણ માટે કરવામાં આવનારા પ્રયત્નો કરવાના રહે નહિ, ખોટો ખર્ચ થાય નહિ અને માંદગીને લીધે ભોગવવાનું થતું દુઃખ ભોગવવાનો વખત આવે નહિ. આમ ચોમાસામાં મચ્છરોનો ત્રાસ વધે નહિ, તે માટે આપણે પહેલાંથી જ સાવધાન રહેવું જોઈએ.

જો કોઈ માણસ મુશ્કેલીના નિરાકરણનો ઉપાય ઉપલબ્ધ છે એમ માનીને પહેલાં તો મુશ્કેલી ઊભી કરે છે, એ પછી તેના નિરાકરણ માટે સમય અને શક્તિ ખર્ચે છે અને કષ્ટ વેઠે છે તેવા માણસની વર્તણૂકને સચોટ રીતે વ્યક્ત કરવા માટે પણ વ્યવહારમાં આ ન્યાયવચન વાપરી શકે છે.

**(3) वृद्धकुमारीवाक्यन्यायः।** वृद्धकुमारी વૃદ્ધ એવી કુમારી, वाक्य એટલે વચન. વૃદ્ધાવસ્થાએ પહોંચેલી કોઈ એક કુમારીના વચન ઉપરથી આ ન્યાય પ્રચલિત થયો છે. એક કથા છે - વૃદ્ધાવસ્થામાં પહોંચેલી એક કુમારિકાને માત્ર એક જ વરદાન માંગવાનું કહેવામાં આવે છે. તે વિચારીને વરદાન માગે છે કે - पुत्रा मे बहुक्षीरघृतमोदनं काञ्चनपात्रे भुञ्जीरन्। અર્થાત્ મારા પુત્રો સોનાના વાસણમાં ઘી અને દૂધથી યુક્ત ભાત ખાય. આમ આ એક જ વચનમાં વૃદ્ધ કુમારીએ પોતાના પતિ અને પુત્રને તો માંગી જ લીધા, તે સાથે ઘી, દૂધ, અન્ન વગેરે ખાદ્ય પદાર્થો તથા સુવર્ણાદિ ધન એમ બધું જ માગી લીધું. વૃદ્ધ કુમારીના આ વચન ઉપરથી આ ન્યાય કલ્પવામાં આવ્યો છે.

માનવજીવનના જુદા જુદા અનેક સંદર્ભોમાં આ ન્યાયથી પ્રેરણા અને ઉપદેશ મળી શકે એમ છે. અહીં ભોજનના સંદર્ભે આ ન્યાયથી મળતો ઉપદેશ વિચારીશું. આપણે જાણીએ છીએ કે શરીરને માટે અનેક પ્રકારનાં વિટામિન, ખનીજ, પ્રોટીન વગેરે તત્ત્વો અપેક્ષિત છે. તે બધાની જરૂરિયાત પ્રમાણેની પ્રાપ્તિ થાય તે માટે જુદાં-જુદાં શાકભાજી અને અન્ન ખાવાનાં હોય છે. પરન્તુ ક્યારેક જો કોઈ એક જ વસ્તુ ખાઈને આ બધાની પ્રાપ્તિ કરી લેવાનો અવસર આવે, તો માણસે ગાયનું દૂધ પીવા જેવું છે. વૃદ્ધકુમારીના પેલા વચનની જેમ આ એક માત્ર ગાયના દૂધના ભોજનથી બધાં જ જરૂરી તત્ત્વોની પ્રાપ્તિ થઈ જાય છે.

આ રીતે જ્યારે કોઈ વ્યક્તિ એક જ ઉપક્રમથી અનેકની પ્રાપ્તિ કરતી હોય છે, ત્યારે તેવી વ્યક્તિની ઉપલબ્ધિને સરસ રીતે વાચા આપવા માટે આ ન્યાયવાક્યનો પ્રયોગ કરી શકાય છે.

**(4) शुण्डासूचिन्यायः।** शुण्डा એટલે સૂંઢ અને सूचि એટલે સોય. સૂંઢ સ્થૂળ છે અને સોય સૂક્ષ્મ છે. ધૂળમાં ખોવાઈ ગયેલી સૂક્ષ્મ સોયને શોધવા માટે કોઈ સ્થૂળ એવી હાથીની સૂંઢનો ઉપયોગ કરે, તો માણસનો આ વ્યવહાર હાંસીને પાત્ર ઠરે છે. આ ઉપરથી આ ન્યાય આવ્યો છે.

આ ન્યાયમાંથી આપણને જે પ્રેરણા પ્રાપ્ત થાય છે, તેનું ક્ષેત્ર ઘણું વ્યાપક છે. અહીં વૈદકીય ક્ષેત્રની એક વાત કરીશું. માનો કે કોઈ એક રોગી છે. તેને સામાન્ય રોગ થયો છે. તે રોગની દવા પણ આસાનીથી ઉપલબ્ધ છે અને આ સામાન્ય એવી દવાથી રોગ મટી શકે એમ છે. આમ છતાં કોઈ વૈદ્ય પોતાની મૂર્ખતાથી મોટા ઑપરેશન (શલ્યક્રિયા)ની વાત કરે, તો તે વૈદકના જાણકારોની વચ્ચે હાંસીનું પાત્ર બની રહે છે.

આમ જ્યારે કોઈ કોઈક નાના કામને કરવા માટે મોટું સાધન વાપરે અને છતાં કાર્યસિદ્ધિ કરી શકે નહિ, ત્યારે તે વ્યક્તિની મૂર્ખતાને સચોટ શબ્દમાં રજૂ કરવા માટે આ ન્યાયવચનનો પોતાના વક્તવ્યમાં પ્રયોગ કરી શકાય છે.

**(5) सूचिकटाहन्यायः ।** सूचि એટલે સોય અને कटाह એટલે કઢાઈ. કોઈ કારીગરને સોય અને કઢાઈ બંને બનાવવાનું કાર્ય પ્રાપ્ત થયું હોય, તો સ્વાભાવિક છે કે તે સરળ અને નાનું હોવાથી કારીગર સોયને પહેલાં બનાવી દે છે અને તે પછી કઢાઈને બનાવવાનું રાખે છે. અનેક કારીગરોના આ પ્રકારના અનુભવને ધ્યાનમાં રાખીને આ ન્યાય વહેતો થયો છે.

પરીક્ષા પ્રસંગે પરીક્ષાર્થીના હાથમાં જ્યારે પ્રશ્નપત્ર આવી જાય છે, ત્યારે પ્રથમ તો પ્રશ્નપત્ર વાંચવાનું હોય છે. તે પછી ઉત્તરવહીમાં તેના ઉત્તરો લખવાના હોય છે. આ સમયે સ્વાભાવિક રીતે જે તે પરીક્ષાર્થી - ઉત્તરપુસ્તિકામાં પ્રથમ તો સરળ સરળ અને નાના નાના પ્રશ્નોના ઉત્તર લખી દે છે અને અઘરા અને મોટા પ્રશ્નોના ઉત્તરો બીજા ક્રમાંકે રાખે છે. પરીક્ષાર્થીને આ પ્રકારનો વ્યવહાર કરવા માટેની પ્રેરણા આ ન્યાય આપે છે.

જ્યારે કોઈ વ્યક્તિ સરળ કાર્યને પ્રથમ આટોપી લેતી હોય અને અઘરાં કાર્યને બીજા ક્રમે આટોપવાનું આયોજન કરી રહી હોય, ત્યારે તે વ્યક્તિની આવી વર્તણૂકને કહેવા માટે આ ન્યાયનો પ્રયોગ કરી શકાય એમ છે.

**(6) जलबिन्दुनिपातन्यायः ।** जल એટલે પાણી, बिन्दु એટલે ટીપું, निपात એટલે પડવું. ઘડા જેવા પાત્રમાં ભરેલા પાણીના ખાસ્સા એવા જથ્થામાંથી (ઘડામાં પડેલા કાણામાંથી) નાના નાના ટીપાના રૂપમાં પાણીના વહી જવારૂપી ક્રિયાને કારણે ખાલી થયેલા ઘડાને જોઈને કોઈકને આ ન્યાયની કલ્પના કરવાની ફરજ પડી છે.

માતાપિતાની પ્રચુર સંપત્તિને જોઈને કોઈ દીકરો એમ સમજે કે, ‘હું ગમે તેટલો ખર્ચ કરું મારા પિતાની સંપત્તિ ક્યાં ખૂટી જવાની છે.’ આમ વિચારીને તે પિતાની સંપત્તિને છૂટા હાથે વાપરવા માંડે અને તેમાં કોઈ ઉમેરો ન કરે, તો ક્યારેક ને ક્યારેક આવી પ્રચુર સંપત્તિ પણ સમાપ્ત થઈ જતી હોય છે. એવી જ રીતે કુદરતે આપેલા ખનીજના અખૂટ ભંડારો જોઈને માણસ કોઈ પણ જાતના સંયમ વગર વાપરતો જ રહે, તો આ ખનીજ સંપત્તિ પણ ખૂટી જવાની છે. પ્રસ્તુત ન્યાય આ વાસ્તવિકતાનું દર્શન કરાવીને ઉપદેશ આપે છે કે જેમ ભરેલા ઘડામાંથી માત્ર ટીપું ટીપું પાણી વહી જતું હોય, તો એક સમયે તે ખાલી થઈ જાય છે માટે વપરાતા જતા પદાર્થના જથ્થામાં કાં તો ઉમેરો કરતા રહેવાનું છે અથવા સંગ્રહનો નિપાત ન થાય, (પાણી ઢોળાય નહિ,) તેવી વ્યવસ્થા કરી રાખવાની છે.

અમુક વસ્તુના મોટા ભંડારને જોઈને કોઈ છૂટા હાથે વાપરાવા લાગી જાય, તો તેવી વ્યક્તિના એવા વ્યવહારને અભિવ્યક્ત કરવા માટે પોતાના વક્તવ્યમાં આ ન્યાય વાપરી શકાય એમ છે.

**(7) देहलीदीपकन्यायः ।** देहली એટલે ઘરનો ઉંબરો, दीपक એટલે દીવો. દીવાનું કાર્ય પ્રકાશ પાથરવાનું છે. તેને ઘરના કોઈ પણ ઓરડામાં મૂકવામાં આવે, તો તે માત્ર એ ઓરડામાં જ પ્રકાશ પાથરી શકે છે; પરંતુ જો તેને ઘરના ઉંબરા ઉપર મૂકવામાં આવે, તો તે ઉંબરાની બંને બાજુમાં એટલે કે ઘરની અંદર તેમજ બહાર પ્રકાશ પાથરી શકે છે. આમ, એક જગાએ રહીને બે જગાએ કામ કરતાં સાધનોના સંદર્ભે આ देहलीदीपक ન્યાય પ્રચલિત બન્યો છે.

આ ન્યાય આપણને પદાર્થોના ઉપયોગની રીત શીખવે છે. માણસ ધારે તો અમુક પદાર્થથી સીમિત લાભ લઈ શકે છે અને માણસ ધારે તો અસીમિત લાભ પણ લઈ શકે છે. આ માટે ક્યારેક પદાર્થના પ્રયોગનું સ્થાન અને ક્યારેક પદાર્થના પ્રયોગની રીત મહત્ત્વનાં બની રહે છે. જેમકે કોઈ વિદ્યાર્થી વિદ્યાલયમાં આવવા માટે સાઇકલનો ઉપયોગ કરે છે. જમ્યા પછી અમુક સમય વીતી જતાં કે પછી જમ્યા વગર ખાલી પેટે રહીને વિદ્યાર્થી દ્વારા કરાતા સાઈકલના ઉપયોગથી એક તરફ સમયની બચત થાય છે, તો બીજી બાજુ શારીરિક વ્યાયામ પણ થઈ જાય છે. આમ, વિદ્યાર્થી સાયકલના ઉપયોગથી એકી સાથે બે લાભ લઈ શકે છે.

વિદ્યાર્થી દ્વારા લેવાઈ રહેલા સાયકલના આ દ્વિવિધ લાભને કહેવાના સંદર્ભમાં આ ન્યાયનો પ્રયોગ કરી શકાય છે. આમ, જ્યારે જ્યારે કોઈ એક વ્યક્તિ કે વસ્તુ દ્વારા એકીસાથે બે પ્રયોજન સાધવામાં આવતાં હોય, ત્યારે તે પ્રસંગને સંક્ષેપમાં સચોટ રીતે વ્યક્ત કરવા માટે આ ન્યાયવાક્યનો પ્રયોગ કરી શકાય છે.

**(8) मात्स्यन्यायः ।** मत्स्य એટલે માછલી. मत्स्य નામ ઉપરથી मात्स्य શબ્દ બન્યો છે. मत्स्य ને લગતી વસ્તુ કે બાબતને मात्स्य કહે છે. નદી કે સમુદ્રમાં રહેતી મોટી માછલી પોતાનાથી નાની માછલીને ખાઈને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખે છે, જીવે છે. માછલીના આ વ્યવહાર ઉપરથી આ માત્સ્યન્યાય પ્રચલિત બન્યો છે.

આ ન્યાય ઉપરથી માણસે એ વાત સમજવાની છે કે જેમ સમુદ્રમાં માછલીઓનું સહઅસ્તિત્વ છે. તેમ માનવસમાજમાં માનવ-માનવનું સહઅસ્તિત્વ છે. માછલીઓના સહઅસ્તિત્વમાં જેમ નાનાને મોટાથી સતત ભય રહે છે અને પોતાની જાતને બચાવવાની રહે છે તેમ માનવસમાજમાં પણ નાની વ્યક્તિને મોટી વ્યક્તિથી સતત ભય રહ્યા કરે છે અને પોતાની જાતને બચાવવાની રહે છે. (જો કે માનવસમાજમાં આવું સતત બને નહિ, તે માટે રાજતંત્ર કે પ્રજાતંત્ર પ્રવર્તિત થયું છે. પરિણામે માનવસમાજમાં શક્તિસંપન્ન માણસોની વચ્ચે પણ શક્તિહીન માણસનું અસ્તિત્વ ટકી રહે છે.)

વાતચીત દરમ્યાન કોઈ એવો સંદર્ભ રચાય કે કોઈ બળવાન માણસ નિર્બળને પીડી રહ્યો હોય કે તેની નિર્બળના ભોગે પોતાનું સામ્રાજ્ય કે અસ્તિત્વ ટકાવી રાખવાની ચેષ્ટા કરતો હોય, તો તેવા સંદર્ભે તે વ્યક્તિની અમાનવીય વર્તુણૂકને સચોટ રીતે વ્યક્ત કરવા માટે આ मात्स्यन्याय વાપરી શકાય છે.

**(9) पिष्टपेषणन्यायः।** पिष्ट એટલે દળેલી કોઈ વસ્તુ અને પેષણ એટલે દળવું તે. પિષ્ટ એટલે કે દળેલી વસ્તુ (લોટ)ની પેષણ એટલે કે (ફરી કરાતી) દળવાની ક્રિયાને પિષ્ટપેષણ કહે છે. સામાન્ય રીતે કોઈ વસ્તુ પિષ્ટ-દળેલી જ હોય, તો તેને દળવાની જરૂર હોતી નથી. છતાં કોઈ તે દળેલી વસ્તુને દળવા રૂપ બિનજરૂરી પ્રયત્ન કરે, તો તે માત્ર સમય અને શક્તિની બરબાદી જ છે. આ વાસ્તવિકતાનો ઉપદેશ કરવા માટે આ ન્યાય પ્રચલિત બન્યો છે.

કાર્યના બે પ્રકાર કલ્પી શકાય છે. એક તો થઈ ગયેલું કાર્ય અને બીજું ન થયેલું કાર્ય. આ ન્યાય બોધ આપે છે કે માણસે આ બે પ્રકારનાં કાર્યોમાંથી થઈ ગયેલાં કાર્યને ફરી કરીને પોતાના સમયની અને શક્તિની બરબાદી કરવી જોઈએ નહિ પરંતુ ન થયેલાં કાર્યને કરવાનો ઉપક્રમ કરીને પોતાના સમય અને શક્તિનો સદુપયોગ કરવો જોઈએ. જેમકે - ઘર કે વિદ્યાલયને કોઈએ પહેલાંથી જ સ્વચ્છ કરી રાખ્યું હોય, તો તેને ફરી સ્વચ્છ કરવા માટે સમય અને શક્તિ વાપરવાં જોઈએ નહિ. તેને બદલે જે સ્થળ અસ્વચ્છ છે, તેને સ્વચ્છ કરવા માટેનો પ્રયત્ન આદરવો જોઈએ. આમ છતાં કેટલીક વાર એવું થતું હોય છે કે પ્રસિદ્ધિ કે દેખાડો કરવા માટે સ્વચ્છ સ્થાનને ફરી સ્વચ્છ કરવાનો ઉપક્રમ હાથ ધરાય છે. આ તો સમય તથા શક્તિની બરબાદી છે.

આ પ્રકારની સમય અને શક્તિની બરબાદીને સંભાષણ દરમ્યાન સચોટ રીતે વ્યક્ત કરવા માટે આ ન્યાયવાક્યને પ્રયોજી શકાય છે.

**(10) कूपमण्डूकन्यायः** – कूप એટલે કૂવો, मण्डूक એટલે દેડકો. કૂવો દેડકાનું જન્મસ્થાન અને નિવાસસ્થાન છે. કૂવામાં જન્મીને કૂવામાં જ નિવાસ કરતો મંડૂક કૂવામાં તો આમથી તેમ ફરતો રહે છે, પણ તેને કૂવા સિવાય બીજે ક્યાંય જવાનો અવસર મળતો નથી. પોતાના નિવાસસ્થાન સિવાયની બીજી કોઈ જગા તેણે જોઈ નથી કે તેને દેખાતી નથી. પરિણામે તે કૂવાને જ આખું જગત સમજે છે. કૂવાની બહાર રહેલા અતિવિશાળ જગતનો તેને જરા સરખોય પરિચય થઈ શકતો નથી. કૂવામાં રહેલા આ દેડકાની સ્થિતિ ઉપરથી આ ન્યાય પ્રચલિત બન્યો છે.

માનવમાત્ર કોઈ એક નાનકડા સ્થળમાં જન્મે છે અને મોટે ભાગે તે કોઈ એક નાનકડા સ્થાનમાં જ નિવાસ કરે છે. મોટા ભાગે માનવીનું જીવન પોતાના જન્મ અને નિવાસ સ્થળમાં જ વ્યતીત થાય છે. એ જરૂરી નથી કે બધા માણસોને દેશ-વિદેશને પ્રત્યક્ષ રીતે જોવાનો અવસર મળે જ; પરંતુ જો માણસ ઇચ્છે તો શિક્ષા પ્રાપ્ત કરીને આ શિક્ષાના માધ્યમથી જગતભરનો પરિચય કેળવી શકે છે. આમ થતાં માણસને જગતની વિશાળતાનો અને આ વિશાળ જગતની સામે પોતાની સ્થિતિનો અહેસાસ થાય છે. આ અહેસાસ માણસના મનને અને હૃદયને વિશાળ બનાવે છે. મન અને હૃદયની વિશાળતાથી માણસનો વ્યવહાર મૃદુ અને મન પરગજુ બની જતું હોય છે. આ રીતે વિશાળ જગતનો પરિચય માણસનો અનેક રીતે ઉત્કર્ષ સાધતો હોય છે. પણ જે માણસ શિક્ષણ ન મેળવીને કે પ્રવાસ ન ખેડીને માત્ર પોતાના નિવાસસ્થાનરૂપી નાનકડા ભાગમાં રહીને જીવન જીવે છે તેને વિશાળ જગતનો કોઈ ખ્યાલ જ આવતો નથી. એને મન તો પોતાનું ગામ કે શહેર  સમગ્ર જગત બની રહે છે. આવી વ્યક્તિની વિચારસરણી પણ સીમિત જ હોય છે. આ સીમિત વિચારસરણી માનવીના મન અને હૃદયને પણ સંકુચિત કરી મૂકે છે.

જેણે માત્ર પોતાનું ગામ જ જોયું છે અને પોતાના આ ગામને જ જગત માની લીધું છે તેવા માણસનો વ્યવહાર અને વિચાર બંને સંકુચિત બની જતા હોય છે. પોતાના અત્યંત સીમિત જ્ઞાનને સંપૂર્ણ માનનારા માણસના આવા સંકુચિત વલણને દર્શાવવા આ ન્યાય વાપરી શકાય છે.

# 2 અલંકાર-પરિચય

[પાઠ્યક્રમમાં નિર્ધારિત અલંકાર ચાર છે : (1) ઉપમા (2) ઉત્પ્રેક્ષા (3) રૂપક અને (4) અતિશયોક્તિ.]

અલંકાર શબ્દનો સામાન્ય અર્થ આભૂષણ કે ઘરેણું એવો થાય છે. આ એક એવું તત્ત્વ છે કે જેના સંયોગ કે ઉપસ્થિતિથી જે તે વસ્તુની શોભા વધી જતી હોય છે. જેમકે માનવનું શરીર. માનવના શરીરમાં સૌંદર્ય તો છે જ, છતાં જો તે શરીર ઉપર કંકણ (હાથે પહેરવાનું કડું) તથા કુંડળ (કાનમાં પહેરવાની બુટ્ટી) વગેરેને ધારણ કરવામાં આવે તો આ ઘરેણાંઓથી શરીરના સૌન્દર્યમાં વધારો થતો હોય છે. આવી જ રીતે કાવ્યને પણ શરીર હોય છે. (શબ્દ અને અર્થ - એ બંનેને કાવ્યનું શરીર કહ્યાં છે.) કાવ્યના આ શરીરમાં સૌન્દર્ય વધારવા માટેના તત્ત્વની કાવ્યશાસ્ત્રીઓએ વિચારણા કરી છે અને આવા તત્ત્વને અલંકાર એવું નામ આપ્યું છે.

માનવના શરીરની જેમ શબ્દાર્થરૂપ કાવ્યશરીરમાં પણ જોકે થોડું ઘણું સૌંદર્ય તો હોય જ છે, છતાં પણ જો શબ્દાર્થરૂપ શરીર ઉપમા વગેરે અલંકારોને ધારણ કરે, તો આ અલંકારોને કારણે કાવ્યના સૌંદર્યમાં વધારો થાય છે. (જુઓ - काव्यस्य शब्दार्थौ शरीरम्, अलङ्काराः कटककुण्डलादिवत्। - આચાર્ય વિશ્વનાથકૃત સાહિત્યદર્પણ, પ્રથમ પરિચ્છેદ)

સંસ્કૃત સાહિત્યમાં (એટલે કે સંસ્કૃતની કાવ્ય, નાટ્ય, કથા વગેરે કૃતિઓમાં) અને સંસ્કૃત સાહિત્યશાસ્ત્રમાં (એટલે કે સાહિત્યને લગતી તાત્ત્વિક વિચારણા કરનારું શાસ્ત્ર, કે જેને અલંકારશાસ્ત્ર પણ કહે છે, તેમાં) અલંકારોનું સ્થાન ઘણું મહત્ત્વનું છે.

અલંકાર બે પ્રકારના છે : (1) શબ્દાલંકાર અને (2) અર્થાલંકાર. આ બંને પ્રકારના અલંકારોનો અહીં પ્રાથમિક પરિચય કરીશું.

**(1) શબ્દાલંકાર :** શબ્દ અને વર્ણો થકી જ્યાં કાવ્યની શોભામાં વધારો થઈ રહ્યો હોય, તેને શબ્દાલંકાર તરીકે ઓળખવામાં આવે છે. જેમકે -

यदि हरिस्मरणे सरसं मनो यदि विलासकलासु कुतूहलम्।
मधुरकोमलकान्तपदावलीं श्रुणु तदा जयदेवसरस्वतीम्॥
विवादे विषादे प्रमादे प्रवासे
जले चानले पर्वते शत्रुमध्ये।
अरण्ये शरण्ये सदा मां प्रपाहि
गतिस्त्वं गतिस्त्वं त्वमेका भवानि॥

(શ્લોકાર્થ : જો હરિના સ્મરણમાં મનને રસ પડતો હોય, જો વિલાસ-કળાઓમાં કુતૂહલ હોય તો (તેની સંતુષ્ટિ માટે) મધુર, કોમલ અને કાન્ત (પ્રિય) પદાવલિ ધરાવતી કવિ જયદેવની સરસ્વતીને સાંભળો.)

આ ઉપર્યુક્ત પદ્ય = કવિતામાં વપરાયેલાં **स**र**स**म्, वि**ल**ा**स**, **क**ोम**ल**कान्त જેવા પદો-શબ્દોમાં અનુક્રમે स, ल, અને क વગેરે વર્ણોનો એકાધિકવાર પ્રયોગ થયો છે. પરિણામે પ્રસ્તુત પદ્યના - કવિતાના સૌંદર્યમાં વૃદ્ધિ થયેલી છે. (આ સૌન્દર્ય-વૃદ્ધિની અનુભૂતિ વક્તા જ્યારે આ પદ્યનો પાઠ કરે છે, ત્યારે થાય છે.) પાઠ દરમિયાન પુનઃ પુનઃ ઉચ્ચારાતા સ, લ, ક વગેરે એક જાતના વિશેષ લયને જન્મ આપે છે અને આ લય બોલનાર અને સાંભળનાર - બંનેને સૌંદર્યની અનુભૂતિ કરાવે છે. આમ, અહીં स, ल જેવા વર્ણ (કે શબ્દ)થી કાવ્યની શોભામાં વધારો થયો છે, તેથી આ પ્રકારના અલંકારને શબ્દાલંકાર કહે છે.

આ શબ્દાલંકારની એક મર્યાદા એ છે કે જે વર્ણો કે શબ્દને કારણે કાવ્યના શબ્દશરીરમાં શોભા વધતી હોય (અર્થાત્ અલંકારત્વ દેખાતું હોય), તે વર્ણ કે શબ્દને દૂર કરવામાં આવે, તો ત્યાં શોભા પણ જતી રહે છે. (અર્થાત્ અલંકારત્વ પણ જતું રહે છે.) જેમકે ઉપરના પદ્યમાં मधुरकोमलकान्तपदावलीम् એ રીતની શબ્દરચના કરવામાં આવી છે. ઉપર જોયું તેમ અહીં कोमल અને कान्त એ બે શબ્દોમાં ક-વર્ણ છે, એને કારણે અહીં અલંકારત્વ રહેલું છે. હવે જો અહીં कोमल શબ્દને બદલે એના જ અર્થવાળો પેશલ શબ્દ મૂકીએ, તો (ક-વર્ણને લીધે) પદ્યમાં રહેલું અલંકારત્વ પણ જતું રહે છે. અર્થાત્ कोमलના क તથા

कान्तना कने કારણે અહીં જે સૌન્દર્ય અનુભવાતું હતું, તે હવે कोमलને બદલે पेशल શબ્દ મૂકવાથી અનુભવાશે નહિ. આમ, શબ્દાલંકારમાં શબ્દ ખસી જાય, તો અલંકારત્વ પણ ખસી જતું હોય છે. આવી જ રીતે विवादे... પદ્યમાં પણ વ-વ, પ-પ વગેરેને લીધે સૌંદર્ય અનુભવાય છે.

આમ, જ્યાં શબ્દ દ્વારા કાવ્યની શોભા વધારવામાં આવી છે, તેવા શબ્દાલંકારમાં પર્યાય-પરિવર્તન એટલે કે એક શબ્દની જગ્યાએ બીજા શબ્દનો બદલો ચલાવી લેવાતો નથી.

**(2) અર્થાલંકાર :** શબ્દમાં રહેલા અર્થ થકી જ્યાં કાવ્યની શોભામાં વધારો થઈ રહ્યો હોય, તેને અર્થાલંકાર તરીકે ઓળખવામાં આવે છે. જેમકે -

वागर्थाविव संपृक्तौ वागर्थप्रतिपत्तये।
जगतः पितरौ वन्दे पार्वतीपरमेश्वरौ॥

(શ્લોકાર્થ - શબ્દ અને અર્થની જેમ હંમેશાં જોડાયેલાં રહેતાં સંસારનાં માતા-પિતા, ઉમા અને મહેશ્વરને હું વાક્ (શબ્દ) અને અર્થનું બરાબર જ્ઞાન પામવાને માટે વંદન કરું છું)

આ ઉપર્યુક્ત પદ્ય-શ્લોકમાં જે वागर्थौ પદ છે, તેનો અર્થ 'વાક્-શબ્દ અને અર્થ' છે. જે पार्वतीपरमेश्वरौ પદ છે, તેનો અર્થ 'પાર્વતી-ઉમા અને પરમેશ્વર-શિવ' છે. આ અર્થને ધ્યાનમાં રાખીને અહીં કહેવામાં આવી રહ્યું છે કે - શબ્દ અને અર્થની જેમ (वागर्थौ इव) પાર્વતી અને પરમેશ્વર પણ હંમેશા એક સાથે રહેનારાં છે. આ રીતે અહીં પાર્વતી-પરમેશ્વરની શબ્દ-અર્થની સાથે સરખામણી કરી હોવાથી उपमा નામનો અલંકાર છે. આપણે જોઈ શકીએ છીએ કે આ ઉપમા નામનો અલંકાર (કોઈ વર્ણ કે શબ્દને કારણે નથી, પરંતુ પદ્યમાં વપરાયેલાં પદોના) અર્થને કારણે છે. તેથી આ પ્રકારના અલંકારને અર્થાલંકાર કહે છે.

આ પ્રકારના અર્થાલંકારની એક વિશેષતા છે. ઉપર જોયું તેમ અહીં શબ્દમાં રહેલા અર્થને કારણે અલંકારત્વ હોય છે, એટલે તે અર્થને કહેનારો જે શબ્દ હતો, તે શબ્દને ખસેડી લેવામાં આવે અને તેને બદલે તેના અર્થ જેવો જ અર્થ આપનાર બીજો શબ્દ વાપરવામાં આવે, તો પણ અલંકાર અદૃશ્ય થઈ જતો નથી. જેમકે ઉપરના પદ્યમાં પાર્વતી-પરમેશ્વરની જેની સાથે સરખામણી કરવામાં આવી છે, તે वागर्थौ શબ્દને બદલે એના જ અર્થવાળો शब्दार्थौ (શબ્દ અને અર્થ) શબ્દ મૂકીએ, તો પણ અહીં (ઉપમા) અલંકાર અદૃશ્ય થઈ જતો નથી. અર્થાત્ वागर्थौ એ શબ્દ (અને તેના અર્થ)ના કારણે અહીં જે ઉપમા અલંકાર જન્માવ્યો છે, તે शब्दार्थौ એમ કહીને પણ જાળવી શકાય છે.

આમ, જ્યાં અર્થ દ્વારા કાવ્યની શોભા વધારવામાં આવી છે, તેવા અર્થાલંકારમાં પર્યાય-પરિવર્તન એટલે કે એક શબ્દની જગાએ બીજા શબ્દનો બદલો સહન કરી શકાય છે.

સંસ્કૃતમાં શબ્દાલંકારોની સંખ્યા ઓછી છે અને તેમનું મહત્ત્વ પણ પ્રમાણમાં ઓછું છે, જ્યારે અર્થાલંકારોની સંખ્યા ઘણી છે અને તેનું મહત્ત્વ પણ પ્રમાણમાં વધુ છે. (પાઠ્યક્રમમાં શબ્દાલંકારોનો સમાવેશ નથી. માત્ર ચાર અર્થાલંકારોનો જ સમાવેશ છે. તેથી અહીં એ ચાર અર્થાલંકારોનો જ વિચાર કરવામાં આવ્યો.)

**1. उपमा**

**साधर्म्यम् उपमा भेदे।** અર્થાત્ બે જુદી જુદી વસ્તુઓમાં રહેલા એકસમાન ધર્મને કારણે, જ્યારે એકને બીજાની સાથે સરખાવવામાં આવે છે, ત્યારે ત્યાં ઉપમા અલંકાર હોય છે.

જેમકે - वागर्थाविव संपृक्तौ वागर्थप्रतिपत्तये।
जगतः पितरौ वन्दे पार्वतीपरमेश्वरौ॥

(અર્થાત્ શબ્દ અને અર્થની જેમ કાયમી રીતે જોડાયેલાં જગતનાં માતા અને પિતા એવા પાર્વતી અને પરમેશ્વરને હું વાગર્થની પ્રાપ્તિ માટે વંદન કરું છું.)

અહીં वागर्थ (શબ્દ અને અર્થ) એ અને पार्वती–परमेश्वर (પાર્વતી અને પરમેશ્વર) એ બે જુદી જુદી વસ્તુઓમાં રહેલા संपृक्त(મળીને રહેવું) નામના એક સમાન ધર્મને કારણે पार्वती–परमेश्वरની वागर्थની સાથે સરખામણી કરવામાં આવી છે. માટે અહીં ઉપમા અલંકાર છે.

(વિશેષ : ઉપમાનાં ચાર અંગ છે : (1) ઉપમેય એટલે કે જેની સરખામણી કરવાની હોય તે, (2) ઉપમાન એટલે કે જેની સાથે (ઉપમેયની) સરખામણી કરાય છે તે, (3) ઉપમાવાચક શબ્દ, એટલે કે સરખામણીનો અર્થ આપતો શબ્દ. જેમકે इव, सम,

सदृश, तुल्य વગેરે, (આ બધા શબ્દોનો અર્થ 'ની જેવો' છે.) અને (4) સાધારણ ધર્મ એટલે કે ઉપમાન તથા ઉપમેય બંનેમાં રહેલો એક સમાન ધર્મ (કે એકસમાન ગુણ). ઉપરના ઉદાહરણમાં ઉપમેય पार्वती–परमेश्वर છે, ઉપમાન वागर्थ છે, ઉપમા-વાચક શબ્દ इव છે, જ્યારે ઉપમાન-ઉપમેયનો સાધારણ ધર્મ संपृक्त(હંમેશાં સાથે મળીને રહેવું) છે.)

**2. उत्प्रेक्षा**

**सम्भावनमथोत्प्रेक्षा प्रकृतस्य समेन यत्।** અર્થાત્ પ્રકૃત એટલે કે પ્રસ્તુત વર્ણનીય વસ્તુ (અર્થાત્ ઉપમેય)ની તેની સમાન વસ્તુ (અર્થાત્ ઉપમાન) સાથેની જ્યારે સંભાવના કરવામાં આવે છે, ત્યારે ત્યાં ઉત્પ્રેક્ષા અલંકાર હોય છે. જેમકે -

स्त्रीणां विरेजुः मुखपङ्कजानि सक्तानि हर्म्येषु इव पङ्कजानि।

(શ્લોકાર્થ - સ્ત્રીઓનાં મુખકમળ જાણે કે મહેલના ઝરૂખામાં જડાયેલાં કમળ હોય, તેમ શોભતાં હતાં.)

અહીં મુખ ઉપમેય છે અને કમળ ઉપમાન છે. અહીં (ઉપમેય) મુખની (ઉપમાન) કમળ તરીકે સંભાવના દર્શાવવાની ઈચ્છા છે. આથી અહીં ઉત્પ્રેક્ષા અલંકાર છે.

બીજા શબ્દોમાં કહીએ તો (ઉપમા અલંકારમાં इव એ ઉપમાવાચક અવ્યયનો અર્થ 'ના જેવું' લેવાય છે, જ્યારે) ઉત્પ્રેક્ષા અલંકારમાં इव અવ્યયનો અર્થ 'જાણે કે' એમ લેવાય છે. વળી, ઉત્પ્રેક્ષા અલંકારમાં આ इव અવ્યયનો સંબંધ ક્રિયાપદ સાથે વર્તાય છે કોઈ કારક પદ સાથે નહિ. (જ્યારે ઉપમા અલંકારમાં અર્થના સંદર્ભે તે મોટે ભાગે કોઈ કારક પદની સાથે સંબદ્ધ હોય છે. ટૂંકમાં ઉત્પ્રેક્ષામાં સંભાવના, ધારણા કે કલ્પનાનું તત્ત્વ હોય છે.)

(આગળના પાઠ 9 માં આવતા लिम्पतीव तमोऽङ्गानि वर्षतीवाञ्जनं नभः। (અર્થ - (શરીરનાં) અંગોને અંધારું જાણે કે લીંપી રહ્યું છે. આકાશ જાણે કે અંજન (કાજળ) વરસાવી રહ્યું છે.) માં પણ ઉત્પ્રેક્ષા અલંકાર છે.)

**3. रूपक**

**तद् रूपकम् अभेदो यः उपमानोपमेययोः।** અર્થાત્ એકબીજાની અત્યંત સમાનતાને કારણે ઉપમેય અને ઉપમાન વચ્ચે અભેદ એટલે કે - બંને એક જ છે, એવું દર્શાવવાનો જ્યાં ઉપક્રમ હોય, ત્યાં રૂપક અલંકાર હોય છે. જેમકે -

सोत्तीर्णा खलु पाण्डवैः रणनदी कैवर्तकः केशवः।

(શ્લોકાર્થ : પાંડવો તે યુદ્ધરૂપી નદી તરી ગયા, (કેમકે) કેશવ - કૃષ્ણ તેમના સુકાની હતા.)

અહીં યુદ્ધ અને નદી એમ બે વસ્તુ છે. આ બે વસ્તુઓમાંથી યુદ્ધને નદી સાથે સરખાવવામાં આવ્યું છે. એટલે કે યુદ્ધ (रण) ઉપમેય છે, જ્યારે નદી ઉપમાન છે. આ ઉપમાન-ઉપમેયમાં (એટલે કે નદી અને યુદ્ધમાં) અત્યંત સમાનતા છે એમ માનીને અહીં બંને વચ્ચે અભેદ (અર્થાત્ બંને એક જ છે એમ) માનવામાં આવેલ છે. આથી અહીં રૂપક અલંકાર છે.

(વિશેષ : ઉપમા અલંકારની માફક અહીં માત્ર સરખામણી જ નથી હોતી, પણ ઉપમેય અને ઉપમાન એક જ છે એવું માનવામાં આવે છે. જો કે ઉપમેય અને ઉપમાન બંને જુદાં જુદાં હોય છે, તેમની વચ્ચે ભેદ પણ પ્રગટ રૂપે રહેલો હોય છે, છતાં તેમની વચ્ચે અત્યંત સમાનતા માની લઈને વક્તા તેમની વચ્ચે અભેદ દર્શાવે છે. જેમકે અહીં ઉપમેય रण (યુદ્ધ) અને ઉપમાન नदी એ બંને જુદી જુદી વસ્તુઓ છે. તેમના જુદા હોવાનો ભેદ સ્પષ્ટ રૂપે છે, છતાં અહીં रण અને नदीની વચ્ચે અત્યંત સમાનતા (બંનેમાં તટ છે, જળ છે, મગર છે એ રૂપમાં) બતાવી હોવાથી रणनदीમાં રૂપક અલંકાર છે, એમ કહેવાય છે.)

**4. अतिशयोक्ति**

**विवक्षा या विशेषस्य लोकसीमातिवर्तिनी।**

**असावतिशयोक्तिः स्यात् अलंकारोत्तमा यथा॥**

અર્થાત્ જ્યાં લોકમર્યાદાનું અતિક્રમણ કરીને વર્ણન કરવામાં આવે છે, એટલે કે અલૌકિક કે અસામાન્ય વર્ણન કરવામાં આવે છે, ત્યાં અતિશયોક્તિ અલંકાર થાય છે. આ એક ઉત્તમ પ્રકારનો અલંકાર છે. જેમકે -

उदेति पूर्वं कुसुमं ततः फलं
घनोदयः प्राक् तदनन्तरं पयः।
निमित्तनैमित्तिकयोरयं क्रमः
तव प्रसादस्य पुरस्तु सम्पदः ॥

(શ્લોકાર્થ : પહેલાં ફૂલ ઉગે છે અને પછી ફળ (આવે છે), પહેલાં વાદળ આવે છે અને પછી (વર્ષારૂપ) જળ. આમ, નિમિત્ત (=કારણ) અને નૈમિત્તિક (=કાર્ય)નો ક્રમ હોય છે. (એટલે કે પહેલાં નિમિત્ત અર્થાત્ કારણ પ્રગટે છે અને તે પછી નૈમિત્તિક અર્થાત્ કાર્ય જન્મે છે.) પરંતુ હે રાજન્ ! તમારા કૃપા પ્રસાદની પહેલાં જ સંપત્તિ આવી જાય છે.)

અહીં કારણ પછી કાર્યનું અસ્તિત્વ પ્રગટે છે, એવી લોકમર્યાદાને સૂચવવા માટે (શ્લોકનાં પહેલાં બે ચરણમાં) ફૂલ એ નિમિત્ત (કારણ) પછી ફળ (નૈમિત્તિક, કાર્ય) આવવાની તથા વાદળ ચઢી આવ્યા પછી વર્ષાનું જળ આવવાની વાત કહી છે; પરંતુ એ પછી (ચોથા ચરણમાં) પ્રભુની-રાજાની કૃપા પહેલાં જ સંપત્તિ આવી જાય છે, એવી વાત કહી છે. ચોથા ચરણમાં કહેલી આ વાતમાં લોકમર્યાદાનું અતિક્રમણ થયું છે. કેમકે આ વાતમાં સંપત્તિરૂપ કાર્ય પહેલાં છે અને તે પછી કૃપારૂપ કારણને કહેવામાં આવ્યું છે. આમ, અહીં એક અસામાન્ય વાત કરવામાં આવી છે માટે અહીં અતિશયોક્તિ અલંકાર છે.

(વિશેષ : કોઈ વ્યક્તિ કે વસ્તુનું મહત્ત્વ સૂચવવાનો એક ઉપાય એ છે કે તેને સામાન્ય વ્યક્તિ કે વસ્તુ કરતાં જુદી જ બતાવી. આ માટે પહેલાં તો બધી વ્યક્તિ કે વસ્તુના સંદર્ભે રહેલી કોઈ એક ચોક્કસ લોકમર્યાદાને કહેવાની હોય છે. તે પછી જે-તે વ્યક્તિ કે વસ્તુનું મહત્ત્વ બતાવવાનું હોય છે. તેમાં બધે જોવા મળતી આ લોકમર્યાદા અહીં નથી એવું બતાવવાનો ઉપક્રમ કરવાનો હોય છે. આ ઉપરાંત (1) ઉપમેય-ઉપમાન વચ્ચે સમાનતાનો અતિરેક બતાવાય (2) ઉપમેયને બદલે ઉપમાનનું વર્ણન કરવામાં આવે, અને (3) સંબંધ વગરના પદાર્થો વચ્ચે સંબંધ દર્શાવવામાં આવે, તો પણ ત્યાં લોકમર્યાદાનું ઉલ્લંઘન થઈ જતું હોય છે, માટે ત્યાં પણ અતિશયોક્તિ અલંકાર થતો હોય છે. આવા ઉપક્રમથી તે વસ્તુ કે વ્યક્તિનું મહત્ત્વ અસરકારક રીતે વધી જતું હોય છે.)

# 3 છંદ-પરિચય

(પાઠ્યક્રમમાં નિર્ધારિત છંદ પાંચ છે : (1) અનુષ્ટુપ, (2) મન્દાક્રાન્તા, (3) માલિની (4) તોટક અને (5) ઇન્દ્રવજ્રા.)

સંસ્કૃત છંદ બે પ્રકારના છે : (1) વૈદિક અને (2) લૌકિક. જે છંદો વેદ-સંહિતાઓમાં વપરાયેલા છે તે વૈદિક છંદ કહેવાય છે. જ્યારે પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યમાં એટલે કે લૌકિક સાહિત્યમાં જે છંદો વપરાયેલા છે તેમને લૌકિક છંદ કહેવાય છે. અહીં લૌકિક છંદોનો પ્રાથમિક પરિચય કેળવીશું અને એ પછી અભ્યાસક્રમમાં નિયત એવા (1) અનુષ્ટુપ (2) મન્દાક્રાન્તા (3) માલિની (4) તોટક અને (5) ઇન્દ્રવજ્રા - એ પાંચ લૌકિક છંદો શીખીશું.

લૌકિક છંદ બે પ્રકારના છે : (1) જાતિ અને (2) વૃત્ત. જાતિ પ્રકારના છંદમાં માત્રાઓની ગણના કરવાની હોય છે. આથી, આ પ્રકારના છંદોને માત્રામેળ છંદ તરીકે પણ ઓળખવામાં આવે છે. વૃત્ત પ્રકારના છંદમાં લઘુ-ગુરુના ચોક્કસ ક્રમ પ્રમાણે પાદ કે ચરણના અક્ષરોની ગણના કરવાની હોય છે. આ પ્રકારના છંદોને અક્ષરમેળ છંદ તરીકે પણ ઓળખવામાં આવે છે કેમકે અહીં અક્ષરના ગુરુ અને લઘુ એવા રૂપની ગણના કરવાની હોય છે.

વૃત્ત નામે ઓળખાતા છંદોના ત્રણ ભેદ છે : સમ, અર્ધસમ, અને વિષમ. જે છંદનાં ચારેય પાદ સરખા ગણમાપવાળાં અને સરખી અક્ષરસંખ્યાવાળાં હોય, તેને 'સમવૃત્ત' કહે છે. જે છંદના પ્રથમ અને તૃતીય પાદ સરખા ગણ-માપવાળાં અને દ્વિતીય અને ચતુર્થ પાદ સરખા ગણ-માપવાળાં હોય, તેને 'અર્ધસમવૃત્ત' કહે છે. જ્યારે, ચારેય પાદનું ગણમાપ અલગ અલગ હોય, તેને 'વિષમવૃત્ત' કહે છે.

આટલી વિગતો જાણી લીધા પછી સંસ્કૃત છંદોનો અભ્યાસ કરતાં પહેલાં છંદશાસ્ત્રને લગતી નીચેની કેટલીક સંજ્ઞાઓ જાણી લેવી પણ ખૂબ જ જરૂરી છે. જેમકે -

**(1) લઘુ અને ગુરુ :**

હ્રસ્વ સ્વર લઘુ છે. આ હ્રસ્વ સ્વર પોતે અને જે વ્યંજનમાં આવો હ્રસ્વ સ્વર રહેલો હોય, તે વ્યંજનને लघु કહે છે. જેમકે अ. આ વર્ણ હ્રસ્વ સ્વર છે, એટલે તે लघु કહેવાય છે. એવી જ રીતે क ને પણ लघु કહેવાય છે. કેમકે અહીં क् વ્યંજનમાં રહેલો अ હ્રસ્વ સ્વર છે. સંસ્કૃતમાં अ, इ, उ, ऋ અને ऌ એ પાંચ સ્વરો હ્રસ્વ સ્વર છે.

દીર્ઘ સ્વર પોતે અને જે વ્યંજનમાં આવો દીર્ઘ સ્વર રહેલો હોય, તે વ્યંજનને गुरु કહે છે. જેમકે आ. આ વર્ણ દીર્ઘ સ્વર છે. એટલે તે गुरु કહેવાય છે. એવી જ રીતે का ને પણ गुरु કહેવાય છે. કેમ કે અહીં क् વ્યંજનમાં રહેલો आ દીર્ઘ સ્વર છે. સંસ્કૃતમાં आ, ई, ऊ, ॠ , ए, ऐ, ओ અને औ આ આઠ સ્વર દીર્ઘ છે.

અહીં એ પણ ધ્યાનપાત્ર બાબત છે કે જો હ્રસ્વ કે લઘુ પછી જોડાક્ષર, વિસર્ગ કે અનુસ્વાર આવતો હોય તો તે હ્રસ્વ કે લઘુ વર્ણ ગુરુ બની જાય છે. જેમ કે - अग्नि. અહીં अ એ હ્રસ્વ સ્વર હોવાથી લઘુ છે. પણ તે પછી ग्निમાં ग् न् એવા જોડાક્ષર આવતા હોવાથી આ હ્રસ્વ વર્ણ ગુરુ બની જાય છે. એવી જ રીતે પાદ કે ચરણને અંતે આવનારો લઘુવર્ણ પણ ગુરુ માનવામાં આવે છે.

છંદશાસ્ત્રમાં લઘુ માટે ल અને ગુરુ માટે ग એમ લખવામાં આવે છે.

લઘુ અને ગુરુ વર્ણની ઓળખ આપવા માટે ચિહ્નો પણ વપરાય છે, જે નિમ્નાનુસાર છે -

લઘુ વર્ણની ઓળખ આપવા માટે જે તે વર્ણના ઉપરના ભાગે અર્ધચંદ્રાકાર (⌣)નું ચિહ્ન વપરાય છે. અને ગુરુ વર્ણની ઓળખ આપવા માટે જે તે વર્ણના ઉપરના ભાગે આડી લીટી (-) નું ચિહ્ન વપરાય છે. જેમકે - भा̄षा̄ मॅ धुॅ रा̄ અહીં भा, षा અને रा એ ત્રણેય વર્ણ ગુરુવર્ણ છે, તે બતાવવા તેમની ઉપર આડી લીટીનું ચિહ્ન વાપર્યું છે. म અને धु એ બે વર્ણ લઘુવર્ણ છે, તે બતાવવા તેમની ઉપરના ભાગે અર્ધચંદ્રાકારનું ચિહ્ન વાપર્યું છે.

**(2) યતિ :**

કોઈ પણ શ્લોકોનું ગાન કે પઠન કરતી વેળાએ અમુક સ્થળે વિરામ કરવાનો (રોકાવાનું) હોય છે. આ વિરામ-સ્થળને યતિ કહે છે. શ્લોકનું ચરણ પૂરું થાય, એટલે યતિ અનિવાર્ય હોય છે. આ ઉપરાંત ગાન કે પઠનની સુવિધા અને વૈવિધ્ય માટે શ્લોકના ચરણમાં વચ્ચે પણ યતિ આવે છે. છંદનું લક્ષણ આપતી વખતે આવા યતિના સ્થાનનો ઉલ્લેખ કરેલો જ હોય છે. જેમકે - अपूर्वः कोऽपि कोशोऽयं विद्यते तव भारती। આ શ્લોકમાં આઠ અક્ષર પૂરા થતાં શ્લોકનું ચરણ પૂરું થાય છે, એટલે ત્યાં યતિ આવે છે. આના પરિણામે આ શ્લોક બોલતી વખતે ત્યાં વિરામ કરવાનો (રોકાવાનું) હોય છે. अपूर्वः कोऽपि कोशोऽयम् (થોડું રોકાઈને) એ પછી विद्यते तव भारती। ઇત્યાદિ (આનાં બીજાં ઉદાહરણ આગળ જોઈશું.)

**(3) ગણ :**

ગણ એટલે સમૂહ (અમુક પ્રકારનો સમુદાય). છંદશાસ્ત્રમાં, શ્લોકના ચરણમાં આવતા અનેક અક્ષરો-વર્ણોને ત્રણ-ત્રણના સમૂહમાં વહેંચીને, ત્રણ-ત્રણ અક્ષરોના એ ત્રિકને (ત્રણ અક્ષરોના સમૂહને) ગણ તરીકે ઓળખવામાં આવે છે. જેમકે तदपि तव गुणानामीश पारं न याति। આ એક શ્લોકનું છેલ્લું ચરણ છે. અહીં પંદર અક્ષરો - વર્ણો છે. તેમને ત્રણ-ત્રણના સમૂહમાં વહેંચી દેવામાં આવે છે : तदपि – तवगु – णानामी – श पारं – न याति। અહીં જે પાંચ ત્રિક થયા, તેમને (દરેકને એક એક) ગણ તરીકે ઓળખવામાં આવે છે. ટૂંકમાં ત્રણ અક્ષરો-વર્ણોનો જે સમુદાય, તે ગણ તરીકે ઓળખાય છે.

ગણ આઠ છે અને તેમને આ રીતે જુદા જુદા વર્ણોથી ઓળખવામાં આવે છે : य, म, त, र, ज, भ, न અને स અર્થાત્ અહીં य એટલે य ગણ, म એટલે म ગણ એમ સમજવાનું છે.)

આ બધા ગણોના સ્વરૂપને સમજવા માટે એક આ પંક્તિ યાદ રાખવા જેવી છે - य मा ता रा ज भा न स ल ग म्। આ પંક્તિનો કોઈ શાબ્દિક અર્થ નથી; પરંતુ આ પંક્તિમાં य ગણ વગેરે આઠેય ગણોની સ્વરૂપગત ઓળખ આપવામાં આવી છે.

આને સમજવા માટે સર્વપ્રથમ આ પંક્તિનાં આઠ ત્રિક બનાવવાનાં છે. તેની રીતિ આ પ્રમાણે છે - સર્વ પ્રથમ એક ત્રિક (ત્રણ વર્ણોનો સમુદાય) બનાવવાનો છે. જેમકે - यमाता. એ પછી, બીજું ત્રિક બનાવતી વખતે આ પ્રથમ ત્રિકનો માત્ર એક વર્ણ અર્થાત્ પ્રથમ વર્ણ બાદ કરવાનો છે. આમ કરતાં माता એમ બે વર્ણ શેષ રહે છે અને હવે નવો ત્રિક બનાવવા માટે આ બે વર્ણોની સાથે ઉપર્યુક્ત પંક્તિમાંનો આગળનો એક વર્ણ - रा ઉમેરીને (मातारा) એવું એક બીજું ત્રિક બનાવવાનું રહે છે. આવી જ રીતે ક્રમશઃ ताराज, राजभा, जभान, भानस, नसल અને सलगम् એ રૂપમાં ગણ બની રહે છે. આ રીતે કુલ મળીને આઠ ત્રિકો બને છે.

આ આઠ ત્રિક પોતાના પ્રથમ વર્ણ ઉપરથી તે તે ગણની સંજ્ઞા બની જાય છે. દા.ત. यमाता એ ત્રિકની य ગણ એવી સંજ્ઞા છે. मातारा એ ત્રિકની म ગણ, વગેરે.

હવે જે આ य ગણ, म ગણ વગેરે આઠ ગણ તૈયાર થયા, તેમનું સ્વરૂપ નક્કી કરવા માટે દરેક ત્રિકમાં આવતા અક્ષરના લઘુ-ગુરુને જોઈ લેવાનો છે. દા.ત. - य ગણનો ત્રિક છે यमाता. અહીં य હ્રસ્વ હોઈને લઘુ વર્ણ છે, જ્યારે मा અને ता દીર્ઘ હોઈને ગુરુ વર્ણ છે. આથી જે ત્રિકમાં પહેલો વર્ણ લઘુ અને બાકીના બે વર્ણો ગુરુ હોય, તે ગણને य-ગણ કહેવાય. એ જ રીતે

म–ગણનો ત્રિક मातारा છે. અહીં मा, ता અને रा એ ત્રણેય વર્ણો દીર્ઘ હોવાથી ગુરુ વર્ણો છે. આથી જે ત્રિકમાં ત્રણેય વર્ણો ગુરુ હોય, તે ગણને म–ગણ કહેવાય. આવું જ બાકીના છ ગણો માટે પણ વિચારી લેવાનું છે.

આટલી સમજ કેળવાયા પછી હવે આપણે (1) અનુષ્ટુપ (2) મન્દાક્રાન્તા (3) માલિની (4) તોટક અને (5) ઇન્દ્રવજ્રા એ પાંચ છંદો શીખીશું.

## 1. अनुष्टुप् (અનુષ્ટુપ)

સંસ્કૃતમાં આ છંદનું નામ अनुष्टुभ् પણ છે. પણ ગુજરાતી ભાષામાં તે અનુષ્ટુપ તરીકે જ લખવા-વાંચવામાં આવે છે. (તેથી આપણે પણ ગુજરાતી ભાષાને અનુરૂપ અનુષ્ટુપ શબ્દ જ વાપરીશું.) આનું લક્ષણ છે –

पञ्चमं लघु सर्वत्र सप्तमं द्विचतुर्थयो:।

गुरु षष्ठं च पादानां शेषेष्वनियमो मत:॥

અર્થાત્ અનુષ્ટુપમાં ચાર ચરણ હોય છે. તે ચારેય ચરણમાં પાંચમો અક્ષર લઘુ હોય છે. બીજા અને ચોથા એમ બે ચરણમાં સાતમો અક્ષર લઘુ હોય છે. જ્યારે ચારેય ચરણમાં છઠ્ઠો અક્ષર ગુરુ હોય છે. બાકીના અક્ષરો માટે લઘુ-ગુરુનો કોઈ નિયમ નક્કી કરેલો નથી.

**ઉદાહરણ -**

उद्यम: साहसं धैर्यं बुद्धि: शक्ति: पराक्रम:।

षडेते यत्र वर्तन्ते तत्र देव: सहायकृत्॥

(અર્થાત્ ઉદ્યમ, સાહસ, ધૈર્ય, બુદ્ધિ, શક્તિ અને પરાક્રમ - જ્યાં આ છ હોય છે, ત્યાં દેવ સહાય કરે છે.)

અહીં ચાર ચરણ છે. દરેકમાં આઠ-આઠ અક્ષર છે. પ્રથમ ચરણનો પાંચમો અક્ષર ह અને છઠ્ઠો અક્ષર सं અનુક્રમે લઘુ અને ગુરુ છે. એ જ રીતે બાકીનાં ત્રણેય ચરણમાં પાંચમો અને છઠ્ઠો અક્ષર ક્રમશઃ લઘુ અને ગુરુ છે. બીજા અને ચોથા ચરણમાં સાતમો અક્ષર (क्र અને य) લઘુ છે. આમ ઉપર્યુક્ત શ્લોકમાં અનુષ્ટુપનાં બધાં જ લક્ષણો બંધ બેસે છે. આથી આને અનુષ્ટુપ છંદ તરીકે ઓળખવામાં આવે છે.

## 2. मन्दाक्रान्ता

આ છંદનું લક્ષણ છે : मन्दाक्रान्ताम्बुधिरसनगैर्मो भनौ तौ त्र्–युग्मम्। અર્થાત્ જે શ્લોકના દરેક ચરણમાં અનુક્રમે म ગણ, भ ગણ, न ગણ, त ગણ બે વખત અને છેલ્લે બે ગુરુ અક્ષરો હોય, તેને મન્દાક્રાન્તા કહે છે. આમાં સત્તર અક્ષરનું પ્રત્યેક ચરણ હોય છે. દરેક ચરણમાં ચોથા, છઠ્ઠા અને સાતમા અક્ષર પછી યતિ આવે છે. લક્ષણમાં પ્રયક્ત अम्बुधि, रस અને नग દ્વારા અનુક્રમે ચાર, છ અને સાતનો નિર્દેશ થાય છે.

**ઉદાહરણ :**

नन्वात्मानं बहुविगणयन्नात्मनैवावलम्बे

तत्कल्याणि त्वमपि नितरां मा गम: कातरत्वम्।

कस्यात्यन्तं सुखमुपनतं दु:खमेकान्ततो वा

नीचैर्गच्छत्युपरि च दशा चक्रनेमिक्रमेण॥

(હે પ્રિયે ! હું અહીં મારી જાતને જાતે સંભાળી રહ્યો છું, એટલે હે કલ્યાણિ ! તમે પણ વધારે કાતર (ડરપોક) થતાં નહિ. કોણ એવું છે કે જેને સતત સુખ જ મળતું રહ્યું છે કે સતત દુઃખ જ મળતું રહ્યું છે. સુખ અને દુઃખ તો ચક્રની માફક ફર્યા કરે છે.)

અહીં દરેક ચરણમાં સત્તર-સત્તર અક્ષરો છે. આ સત્તર અક્ષરોના પાંચ ત્રિક બને છે અને બાકીના છેલ્લા બે અક્ષરો સ્વતંત્ર રહે છે. આ પાંચ ત્રિકોમાં પ્રથમ ત્રિક (न न्वा त्मा) સર્વગુરુ અર્થાત્ म ગણ છે. બીજો ત્રિક (नं ब हु) આદિ ગુરુ અર્થાત્ भ ગણ છે. ત્રીજો ત્રિક (वि ग ण) સર્વલઘુ અર્થાત્ न ગણ છે. ચોથો ત્રિક (य न्ना त्म) અન્તલઘુ અર્થાત્ त ગણ છે અને પાંચમો (नै वा व) પણ અન્તલઘુ અર્થાત્ त ગણ છે. બાકી રહેલા બે સ્વતંત્ર અક્ષરો (ल म्बे) ગુરુ છે.

આથી અહીં જે છંદ યોજાયો છે, તે मन्दाक्रान्ता છે.

આ શ્લોકના ગાન વખતે દરેક ચરણમાં પ્રથમ ચોથા અક્ષરે, ત્યાર બાદ તે પછીના છઠ્ઠા અક્ષરે અને છેવટે ત્યાર પછીના સાતમા અક્ષરે યતિ આવે છે. (મહાકવિ કાલિદાસનું मेघदूतम् આ છંદમાં લખાયેલું છે. ઉપરનો શ્લોક તેમાંથી લેવામાં આવ્યો છે.)

### 3. मालिनी

આ છંદનું લક્ષણ છે : न न म य य युतेयं मालिनी भोगिलोकैः। અર્થાત્ જે શ્લોકના દરેક ચરણમાં પ્રથમ બે न ગણ અને તે પછી અનુક્રમે म ગણ, य ગણ અને य ગણ હોય, તેને માલિની કહે છે. આમાં પંદર અક્ષરનું પ્રત્યેક ચરણ હોય છે. भोगिन् અર્થાત્ આઠ અક્ષરે, અને लोक અર્થાત્ સાત અક્ષરે યતિ આવે છે.

**ઉદાહરણ :**

असितगिरिसमं स्यात्कज्जलं सिन्धुपात्रे

सुरतरुवरशाखा लेखनी पत्रमुर्वी।

लिखति यदि गृहीत्वा शारदा सर्वकालं

तदपि तव गुणानामीश पारं न याति॥

(સિંધુ - સાગરરૂપી પાત્રમાં પર્વત જેટલું કાજલ (સ્યાહી તરીકે) હોય, કલ્પવૃક્ષની ડાળી લેખની અને આખી પૃથ્વીના રૂપમાં કાગળ હોય અને વળી શારદા પોતે લખનારાં હોય, તો પણ હે પ્રભુ ! તમારા ગુણો (એટલા બધા છે કે તે)નો પાર પામી શકાય એમ નથી.)

અહીં દરેક ચરણમાં પંદર-પંદર અક્ષર છે. આ પંદર અક્ષરના જે પાંચ ત્રિક (જેમ કે अ सि त, गि रि स ઇત્યાદિ) છે, તેમાં પ્રથમ બે ત્રિક (अ सि त અને गि रि स) સર્વલઘુ અર્થાત્ न ગણ છે. તૃતીય ત્રિક (मं स्यात्क) સર્વગુરુ અર્થાત્ म - ગણ છે, જ્યારે ચતુર્થ અને પંચમ એવા છેલ્લા બે ત્રિક (ज्जलंसि, न्धुपात्रे) આદિ લઘુ અર્થાત્ य ગણ છે. આથી અહીં જે છંદ યોજાયો છે, તે માલિની છે, એમ કહી શકાય.

આ શ્લોકના ગાન વખતે દરેક ચરણમાં બે યતિ આવે છે. પ્રથમ યતિ આઠ અક્ષરે આવે છે. તે પછી બીજો યતિ એ પ્રથમ યતિ પછીના સાત અક્ષરે એટલે કે, ચરણના અંતે આવે છે.

### 4. तोटकम् :

આ છંદનું લક્ષણ છે : वद तोटकमब्धिसकारयुतम्। અર્થાત્ જે શ્લોકના દરેક ચરણમાં અબ્ધિ એટલે કે (અબ્ધિ અર્થાત્ સમુદ્ર. સમુદ્ર ચાર છે એવી માન્યતાના આધારે આ અબ્ધિ શબ્દ ચારની સંખ્યાનો અર્થ આપે છે, તેથી) ચારની સંખ્યામાં स ગણ (सलगम् = લઘુ, લઘુ, ગુરુ) હોય, તેને તોટક કહે છે. આમાં બાર અક્ષરનું પ્રત્યેક ચરણ હોય છે. ચરણને અંતે યતિ આવે છે.

**ઉદાહરણ :**

अधरं मधुरं वदनं मधुरं

नयनं मधुरं हसितं मधुरम्।

हृदयं मधुरं गमनं मधुरं

मधुराधिपतेरखिलं मधुरम्॥

(અર્થાત્ અધર-હોઠ મધુર છે, વદન-મુખ મધુર છે, નયન-આંખ મધુર છે, હસિત એટલે હસવું મધુર છે, હૃદય મધુર છે, ગમન એટલે જવાની ક્રિયા મધુર છે, આમ, માધુર્યના અધિપતિ - કૃષ્ણનું અખિલ (સમસ્ત વસ્તુ) મધુર છે.)

અહીં દરેક ચરણમાં બાર-બાર અક્ષરોના જે ચાર ત્રિક (ત્રણ-ત્રણના સમુદાય, જેમ કે अधरं मधुरं वदनं मधुरम्) છે, તે દરેકમાં પ્રથમ બે અક્ષરો લઘુ છે તથા ત્રીજો અક્ષર ગુરુ છે. આથી ચારેય ત્રિક स ગણ છે. આથી આ તોટક છંદ છે.

**5. इन्द्रवज्रा**

આ છંદનું લક્ષણ છે - स्यादिन्द्रवज्रा यदि तौ जगौ गः। અર્થાત્ જે શ્લોકના ચારેય ચરણમાં ક્રમશઃ બે त ગણ, એ પછી ज ગણ અને છેલ્લે ग તથા ग અર્થાત્ બે ગુરુવર્ણ આવે, તો તેને ઇન્દ્રવજ્રા કહે છે.

**ઉદાહરણ :**

जामातृयज्ञेन वयं निरुद्धाः

त्वं बाल एवासि नवं च राज्यम्।

युक्तः प्रजानामनुरञ्जने स्याः

तस्माद्यशो यत् परमं धनं वः॥

(અર્થાત્ અમે જમાઈના યજ્ઞમાં રોકાયેલા છીએ અને તું હજી બાળક (અહીં બીનઅનુભવી - એવો અર્થ લેવાનો છે.) છે, વળી, રાજ્ય પણ (તારા હાથમાં) નવું નવું જ આવ્યું છે. માટે તું પ્રજાને રાજી રાખવામાં જ જોડાયેલો રહે, તેના થકી તને જે યશ મળશે, તે જ તારું પરમ ધન બની રહેશે.)

અહીં પ્રત્યેક ચરણમાં અગિયાર અક્ષર છે. તેમાં ત્રણ ત્રિક છે અને તે પછી બે અક્ષર છે. હવે, દરેક ચરણમાં જોઈશું તો જણાશે કે પ્રથમ (જેમકે - जा मा तृ, य ज्ञे न એમ) બે ત્રિક છે, તે બંને त ગણ (મધ્યગુરુ) છે. એ પછી (व यं नि) ज ગણ (આદિગુરુ) છે અને છેલ્લે रु द्धाः એમ બન્ને અક્ષર ગુરુ છે. આવું ચારેય ચરણમાં છે, તેથી આને ઇન્દ્રવજ્રા છંદ કહે છે.

પાંચમા પાઠમાં રહેલો શ્લોક क्रोधं प्रभो संहर....। એ ઇન્દ્રવજ્રાનું ઉદાહરણ છે.

# 4 સંસ્કૃત સાહિત્યનો પરિચય

**પ્રસ્તાવના :**

સંસ્કૃત સાહિત્યના મુખ્ય બે વિભાગ છે. (1) વૈદિક સાહિત્ય અને (2) પ્રશિષ્ટ સાહિત્ય.

વૈદિક સાહિત્યના આદ્ય ગ્રંથ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ - એ ચાર વેદ છે. તેમને સંહિતા ગ્રંથ તરીકે ઓળખવામાં આવે છે. એ પછી બીજા ક્રમાંકે વેદની આ સંહિતાઓની વિશેષ સમજૂતી આપવા માટે રચાયેલા શતપથ વગેરે બ્રાહ્મણગ્રંથો આવે છે. ત્યાર બાદ વૈદિક સાહિત્યમાં ઐતરેય વગેરે આરણ્યકગ્રન્થો, ઈશાવાસ્ય વગેરે ઉપનિષદો તથા વેદોની જાળવણી માટે રચાયેલાં શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છન્દ અને જ્યોતિષ - એ છ વેદાંગોનો ક્રમ છે. છેલ્લે સાંખ્ય-યોગ, ન્યાય-વૈશેષિક અને પૂર્વમીમાંસા-ઉત્તરમીમાંસા (વેદાન્ત) એ છ વેદનાં ઉપાંગોને પણ આ વૈદિક સાહિત્યમાં સમાવવામાં આવ્યાં છે.

ઉપર જોયું તેમ વૈદિક સાહિત્યનો પ્રારંભ વેદની સંહિતાઓથી થાય છે. વેદની આ સંહિતાઓ ચાર છે- ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ. ભારતીય પરંપરા અનુસાર આ વેદસંહિતાઓ અપૌરુષેય છે. અર્થાત્ તે કોઈ વ્યક્તિવિશેષની રચના નથી. ઈશ્વરે પોતે જ તપથી પવિત્ર થયેલા ઋષિઓના હૃદયમાં વેદોને પ્રકાશિત કર્યા છે. ઈશ્વર જેમ અનાદિ, અનંત અને અવિનાશી છે, તેમ ઈશ્વરનું જ્ઞાન એવા આ વેદો પણ અનાદિ, અનંત અને અવિનાશી છે. જેમના હૃદયમાં વેદોનો પ્રકાશ થયો તે ઋષિઓ મંત્રદ્રષ્ટા કે વેદના દ્રષ્ટા કહેવાય છે. ऋषयः मन्त्रद्रष्टारः। આવા ઋષિઓનાં નામ આજે પણ જે તે મંત્રની સાથે ઉલ્લેખ પામે છે.

વેદોના આવિર્ભાવનો સમય સૃષ્ટિનો પ્રારંભકાળ છે, એવું ભારતીય પરંપરા માને છે. વિશ્વના વિદ્વાનોના મત મુજબ ઋગ્વેદ વિશ્વનો પ્રાચીનતમ ગ્રંથ છે. આ ઉપરથી એ સ્પષ્ટ છે કે વેદસાહિત્ય સૌથી પ્રાચીન છે.

**वेद શબ્દનો અર્થ -**

वेद શબ્દ विद् ધાતુ પરથી બન્યો છે. विद् ધાતુના અનેક અર્થો છે. જેમકે, જાણવું, પામવું, વિચારવું અને હોવું વગેરે. આ બધા ધાત્વર્થોને જોતાં વેદ શબ્દ વિવિધ અર્થોનો વાચક હોવાનું જણાય છે. જેમકે, જેનાથી બધા જ માણસો સત્ય કે ઈશ્વરને

જાણી શકે, પ્રાપ્ત કરી શકે, વિચારી શકે અને વિદ્વાન બની શકે તેને 'વેદ' કહે છે.

**વેદનાં પર્યાયપદો :**

જુદાં જુદાં કારણે આ વેદનાં નામાન્તરો પણ થયાં છે. જેમકે, વિવિધ શાસ્ત્રોનો મૂળસ્રોત આ વેદોમાં રહેલો હોવાથી, એમને આમ્નાય કે આગમ કહેવામાં આવે છે. એક ઋષિ પાસેથી બીજા ઋષિ પાસેથી સાંભળીને, કંઠસ્થ કરીને સાચવવામાં આવ્યા હોવાથી વેદને શ્રુતિ કહેવાય છે. આરંભમાં ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ આ ત્રણ જ વેદો મુખ્ય હતા, તેથી તે 'ત્રયી' અથવા 'વેદત્રયી' તરીકે ઓળખાય છે. આમ આ વેદો જુદા જુદા પ્રસંગે જુદા જુદા નામથી ઉલ્લેખ પામે છે.

**1. ऋग्वेदः**

**ઋગ્વેદનો વિષય :** ચારેય વેદસંહિતાઓમાં ઋગ્વેદનો ક્રમ પ્રથમ છે. ઋગ્વેદ પ્રાચીનતમ વેદ છે. ऋच् ધાતુ ઉપરથી ऋक् કે ऋचा શબ્દ બન્યો છે. વૈદિક પરંપરા પ્રમાણે જેમાં સ્તુતિ કરવામાં આવી હોય, તેવા મંત્રને ऋक् કે ऋचा કહે છે. ઋગ્વેદના મંત્રોમાં અગ્નિ, ઈન્દ્ર, વરુણ, પર્જન્ય, ઉષા વગેરે દેવોની સ્તુતિ કરવામાં આવી છે.

**ઋગ્વેદનો આકાર :** ઋગ્વેદમાં દસ હજારથી વધારે મંત્રો છે અને તે મંત્રો દસ મંડળોમાં વિભાજિત છે. દરેક મંડળમાં અનેક સૂક્તો આવેલાં છે. ઋગ્વેદનાં કુલ સૂક્તોની સંખ્યા 1028 છે. તેમાં રહેલા મંત્રોની કુલ સંખ્યા 10552 છે. દરેક સૂક્તમાં એક કરતાં વધારે મંત્રો આવેલા છે. ઋગ્વેદની પાંચ શાખાઓ હતી. આજે તેમાંની બે શાખાઓ પ્રાપ્ત થાય છે - શાકલ અને બાષ્કલ.

**ઋગ્વેદનો મહિમા :** ઋગ્વેદમાં આવતાં पुरुषसूक्त, नासदीयसूक्त, हिरण्यगर्भसूक्त જેવાં દાર્શનિક સૂક્તો, संज्ञानसूक्त, दानस्तुतिसूक्त, विवाहसूक्त જેવાં પારિવારિક-સામાજિક સૂક્તો તથા पुरूरवा–उर्वशीसंवादसूक्त, सरमापणिसंवादसूक्त જેવાં સંવાદસૂક્તો ખૂબ જ મહત્ત્વનાં છે અને તે પ્રસિદ્ધિ પામ્યાં છે. અહીં આવેલાં સંવાદસૂક્તો ઉપરથી સંસ્કૃત નાટકનો વિકાસ થયો હોવાનું વિદ્વાનો માને છે.

**ઋગ્વેદની સૂક્તિઓ :**

एकं सद्विप्रा बहुधा वदन्ति। - ऋग्वेद (ऋ..), मण्डल १, सूक्त १६८, ऋचा ४६

એક સત્યને-ઈશ્વરને વિદ્વાનો અનેક રીતે કહે છે.

सा मा सत्योक्तिः परि पातु विश्वतः। ऋ.. १०. ३७. २

તે સત્યવચન-સત્યજ્ઞાન મારી સર્વ તરફથી રક્ષા કરો.

संगच्छध्वं संवदध्वं सं वो मनांसि जानताम्। ऋ. १०. १९१. २

સાથે ચાલો, સાથે બોલો, તમારાં સૌનાં મનમાં એકસરખા વિચારો જન્મે.

**2. यजुर्वेदः**

**યજુર્વેદનો વિષય :** દેવપૂજા, સંગતિકરણ અને દાન - એમ ત્રણ અર્થ ધરાવતા यज् ધાતુ ઉપરથી यजुस् શબ્દ બન્યો છે. આથી દેવપૂજન કે યજન કરવા માટેના મંત્રોને यजुस् કહે છે. આમ આ વેદમાં આવતા यजुस् - મંત્રો અનેક પ્રકારના યજ્ઞ-

યાગાદિ વિધિવિધાન સાથે સંબંધ ધરાવતા હોવાથી આ સંહિતાગ્રંથને યજુર્વેદ કહેવામાં આવ્યો છે.

**યજુર્વેદનો આકાર :** યજુર્વેદમાં 1975 જેટલા મંત્રો છે. આ બધા મંત્રો ચાલીસ અધ્યાયોમાં વહેંચાયેલા છે. દરેક અધ્યાયમાં જુદી જુદી સંખ્યામાં મંત્રો આવે છે. કેટલાક મંત્રો પદ્યાત્મક છે, તો કેટલાક મંત્રો ગદ્યાત્મક પણ છે.

યજુર્વેદની મુખ્ય બે શાખાઓ છે : (1) શુક્લ યજુર્વેદ અને (2) કૃષ્ણ યજુર્વેદ. યાજ્ઞવલ્ક્યે સૂર્યોપાસના કરીને તેની કૃપાથી યજુર્વેદનું જ્ઞાન મેળવ્યું હતું તે શુક્લ યજુર્વેદ કહેવાય છે. શુક્લ યજુર્વેદની બે શાખાઓ પ્રચલિત છે : (1) કાણ્વ અને (2) માધ્યંદિન. જ્યારે કૃષ્ણ યજુર્વેદની ચાર શાખાઓ પ્રચલિત છે : (1) તૈત્તિરીય, (2) મૈત્રાયણી, (3) કાઠક અને (4) કપિષ્ઠલ કઠ.

**યજુર્વેદની સૂક્તિઓ**

अनृतात्सत्यमुपैमि। – यजुर्वेद, अध्याय १. मन्त्र ५

હું અસત્યથી દૂર થઈને સત્યને પ્રાપ્ત થાઉં.

मित्रस्याहं चक्षुषा सर्वाणि भूतानि समीक्षे। – यजु. १६. १८

હું મિત્રની દૃષ્ટિએ સર્વ પ્રાણીઓને જોઉં.

**3. सामवेदः**

**સામવેદનો વિષય :** 'સામ'નો અર્થ છે ગીતિ-ગાન. તેથી સામવેદ ગાનના મંત્રોનો સંગ્રહ છે. યજ્ઞના અવસરે ઉદ્‌ગાતા ઋત્વિજ દેવતાઓનું સ્તુતિગાન આ મંત્રોથી કરે છે. वेदानां सामवेदोऽस्मि। (વેદોમાં હું સામવેદ છું) એમ કહીને શ્રીકૃષ્ણે ભગવદ્‌ગીતામાં સામવેદનો મહિમા બતાવ્યો છે.

**સામવેદનો આકાર :** સામવેદમાં કુલ 1875 મંત્રો છે. આ બધા પૂર્વાર્ચિક અને ઉત્તરાર્ચિક એમ બે ભાગમાં વહેંચાયેલા છે. પૂર્વાર્ચિકમાં અગ્નિ, ઇન્દ્ર, સોમ વગેરે દેવોનાં સ્તુતિગાન છે અને તેમાં કુલ 650 મંત્રો છે, જ્યારે ઉત્તરાર્ચિકમાં 1225 મંત્રો છે. જેમાં, દશરાજ, સંવત્સર, એકાહ વગેરે વૈદિક અનુષ્ઠાનનાં મંત્રગીતો છે.

સામવેદની અસંખ્ય શાખાઓ હોવાનો ઉલ્લેખ મળે છે. આજે તો માત્ર ત્રણ જ શાખાઓ ઉપલબ્ધ છે. 1. કૌથુમીય, 2. રાણાયણીય, 3. જૈમિનીય.

**સામવેદની વિશેષતા :**

સંગીતશાસ્ત્રનો ઉદ્ગમ સામવેદથી મનાયો છે. સામના ચાર પ્રકારનાં ગાન પ્રસિદ્ધ છે. ગ્રામગાન, અરણ્યગાન, ઉદ્‌ગાન અને ઊહ્યગાન.

**4. अथर्ववेदः**

**અથર્વવેદનો પરિચય :** अथर्व શબ્દ એ ગતિ કે ચેષ્ટાનો અર્થ ધરાવતા थर्व् ધાતુ ઉપરથી બન્યો છે. તેથી ગતિ કે ચેષ્ટાના (न = अ) અભાવવાળી સ્થિતિને अथर्व કહે છે. આનો આશય એવો લેવાય છે કે સ્થિરતા કે ચિત્તની વૃત્તિઓના નિરોધરૂપ યોગ વગેરેનો ઉપદેશ હોવાથી આ अथर्ववेद કહેવાય છે. કેટલાક લોકો अथर्व એ ઋષિનું નામ છે એમ માને છે. અથર્વ નામના ઋષિએ આ મંત્રોનું દર્શન કર્યું હોવાથી આ વેદને 'અથર્વાઙ્ગિરસ' પણ કહે છે. જોકે આરંભમાં 'વેદત્રયી'માં તેને સ્થાન મળ્યું ન હતું, પરંતુ તેની મહત્તા અને ઉપયોગિતાનો ખ્યાલ આવતાં અન્ય ત્રણ વેદો જેવું જ ગૌરવ પ્રાપ્ત થયું.

**અથર્વવેદનો આકાર :** અથર્વવેદમાં 20 કાંડ છે. દરેક કાંડમાં ઓછા-વત્તા પ્રમાણમાં સૂક્તો છે. આ સૂક્તોની કુલ સંખ્યા 736 જેટલી છે. કુલ મળીને લગભગ 6000 જેટલા મંત્રો આ વેદમાં આવેલા છે. અથર્વવેદની નવ શાખાઓ હતી. આજે તો માત્ર બે જ શાખાઓ ઉપલબ્ધ છે : (1) શૌનક અને (2) પિપ્પલાદ.

**અથર્વવેદનો વિષય :** અથર્વવેદમાં વિવિધ રોગોની નિવૃત્તિના ઉપાયો, કૃષિ અને પશુપાલન, રાજશાસન, બ્રહ્મવિદ્યા, માતૃભૂમિ-ગૌરવ, પિતૃમેધ તથા યજ્ઞાદિનાં વિધાનોની બાબતો મુખ્ય છે. पृथ्वीसूक्त, कालसूक्त, ब्रह्मचर्यसूक्त, विवाहसूक्त, मधुविद्यासूक्त, વગેરે મહત્ત્વનાં સૂક્તો આ વેદમાં છે. અથર્વવેદના વિષયો સામાન્ય જનજીવન સાથે ગાઢ સંબંધ ધરાવે છે. તેથી આ વેદ ‘સામાન્ય જનતાના વેદ’ તરીકે પણ ઓળખાય છે.

### અથર્વવેદની સૂક્તિઓ

अनुव्रतः पितुः पुत्रो मात्रा भवतु संमनाः। अथर्ववेद, काण्ड 3, सूक्त ३०, मन्त्र 2

પુત્ર તે કે જે પિતાનાં વ્રતોનું પાલન કરે અને માતાના મનને અનુકૂળ થાય.

शतहस्त समाहर सहस्रहस्त सं किर। अथर्व. ३. २४. ५

હે માનવ, તું સેંકડો હાથથી ભેગું કર અને હજારો હાથથી વહેંચ.

माता भूमिः पुत्रोऽहं पृथिव्याः। अथर्व. १२. १. १२

પૃથ્વી મારી માતા છે અને હું પૃથ્વીનો પુત્ર છું.

### <u>ઉપનિષદ</u>

उपनिषद् (સ્ત્રીલિંગ) શબ્દ उप + नि + सद् ધાતુમાંથી બનેલો છે. એથી તેનો અર્થ ‘ગુરુની પાસે નિષ્ઠાપૂર્વક બેસીને-રહીને પ્રાપ્ત કરવામાં આવતું પરમ તત્ત્વનું જ્ઞાન’ એવો થાય છે. વૈદિક સાહિત્યમાં સૌથી છેલ્લે-અંતે આવતું હોવાથી આ ઉપનિષદ્-સાહિત્ય ‘વેદાંત’ તરીકે પણ ઓળખાય છે. ઉપનિષદોનું ચિંતન મુખ્યત્વે જીવ, જગત અને જગદીશ (ઈશ્વર)ને આવરી લે છે. તેમાં પણ મહત્ત્વનું ચિંતન ઈશ્વર કે બ્રહ્મ વિશેનું છે. આથી આ ઉપનિષદોને ‘બ્રહ્મવિદ્યા’ પણ કહે છે.

ઉપનિષદોની સંખ્યા 200થી પણ વધારે છે. આમ છતાં આમાંથી 108 ઉપનિષદોને સારભૂત ઉપનિષદો માનવામાં આવે છે. આ સારભૂત ઉપનિષદોમાં પણ મહત્ત્વનાં અને અતિપ્રસિદ્ધ ઉપનિષદો તો માત્ર દસ જ છે, જે નીચે મુજબ છે :

ईश-केन-कठ-प्रश्न-मुण्ड-माण्डूक्य-तित्तिरिः।

ऐतरेयं च छान्दोग्यं बृहदारण्यकं दश॥

અર્થાત્ ઈશાવાસ્ય, કેન, કઠ, પ્રશ્ન, મુંડક, માંડૂક્ય, તૈત્તિરીય, ઐતરેય, છાન્દોગ્ય અને બૃહદારણ્યક - આ દસ ઉપનિષદો (મુખ્ય) છે.

આ મુખ્ય ઉપનિષદોમાં બીજા એક શ્વેતાશ્વતર ઉપનિષદનો પણ કેટલાક વિદ્વાનો સમાવેશ કરે છે. આ રીતે પ્રમુખ ઉપનિષદોની સંખ્યા અગિયાર છે. આદિ શંકરાચાર્ય સહિત અનેક આચાર્યોએ તેમના ઉપર સુંદર ભાષ્ય લખ્યાં છે.

અતિપ્રાચીન ગણાતાં આ ઉપનિષદોનો રચનાકાળ ઈ.સ. પૂર્વે 1500થી શરૂ કરીને ભગવાન બુદ્ધના જન્મ પહેલાંનો એટલે કે ઈ.સ. પૂર્વે 700 સુધીનો માનવામાં આવે છે.

યમ-નચિકેતા, યાજ્ઞવલ્ક્ય-મૈત્રેયી, ઉદ્દાલક આરુણિ-શ્વેતકેતુ વગેરેના સંવાદના માધ્યમથી ઉપનિષદો ગહનતમ સત્યોને સરળતમ રીતે રજૂ કરે છે. ઉપનિષદના વિષયોમાં પરમાત્મા, જીવાત્મા, જગતનું સ્વરૂપ, મોક્ષની સ્થિતિ અને તેની પ્રાપ્તિનાં સાધનો, સૃષ્ટિની ઉત્પત્તિ વગેરેનો સમાવેશ થાય છે. ઉપનિષદોનો કેન્દ્રવર્તી સિદ્ધાન્ત ‘एकेन विज्ञातेन सर्वमिदं विज्ञातं भवति।’ (અર્થાત્ ‘એક બ્રહ્મને જાણી લેવાથી આ બધું જ જાણી લેવાય છે’) - એ છે.

વિશ્વના તત્ત્વચિંતનમાં ઉપનિષદો સર્વશ્રેષ્ઠ છે. આખાય વિશ્વને શાંતિને માર્ગે દોરી જનારું આ સાહિત્ય છે. વિશ્વની

તમામ સમસ્યાઓનાં વાસ્તવિક સમાધાન ઉપનિષદે આપેલા તત્ત્વજ્ઞાનમાં રહેલાં છે.

**કઠોપનિષદ**

આ ઉપનિષદમાં કૃષ્ણ યજુર્વેદની કઠ શાખાનો જ સમાવેશ થાય છે. નચિકેતા તથા યમરાજના સંવાદ દ્વારા બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આ ઉપનિષદનું વિષયવસ્તુ છે. યમરાજ નચિકેતાને ત્રણ વરદાન માગવાનું કહે છે. નચિકેતા બાળક છે છતાં મહાજ્ઞાની છે. ઘરડી ગાયોનું દાન આપીને પુણ્ય કમાવાની કામના કરનાર તેના પિતા 'સંસારી જીવાત્મા'નું પ્રતીક છે, જ્યારે નચિકેતા મોહથી મુક્ત છે. પિતાના ક્રોધથી યમરાજા પાસે ગયેલ નચિકેતા, યમરાજાને પ્રસન્ન કરીને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરે છે.

કઠોપનિષદની આ કથા અત્યંત પ્રભાવક છે. તેના મંત્રોમાં પણ બાળકના જેવી મુગ્ધતા, મધુરતા અને સરલતા-તરલતા છે.

**મહાકવિ ભાસ**

**પ્રસ્તાવના**

કવિકુલગુરુ કાલિદાસે પોતાના પ્રથમ નાટક 'માલવિકાગ્નિમિત્ર'માં 'प्रथितयशसां भास-कविपुत्र-सौमिल्लकादीनाम्...।' એમ કહીને પ્રસિદ્ધ યશવાળા નાટ્યકાર તરીકે ભાસનો ઉલ્લેખ કર્યો છે. એ પછી લગભગ ઈ.સ.ની ચૌદમી સદી સુધીના સંસ્કૃત સાહિત્યમાં અનેક ગ્રંથોમાં ભાસ અને તેમના દ્વારા રચિત स्वप्नवासवदत्तम्નો ઉલ્લેખ થતો રહ્યો છે પરંતુ કોઈક કારણથી તેમની આ સંપૂર્ણ કૃતિ પ્રચલનમાંથી બહાર જતી રહી હતી. પરિણામે ભાસનાં રૂપકોનો નામથી તો પરિચય હતો, પણ તેમના ગ્રંથોનો પરિચય સંસ્કૃતજગતને ન હતો. ઈ.સ. 1912માં પ્રો. ટી. ગણપતિશાસ્ત્રીને મલયાલમ લિપિમાં તાડપત્ર ઉપર હાથથી લખાયેલાં ભાસનાં રૂપકોની હસ્તપ્રતો પ્રાપ્ત થઈ. તે ઉપરથી દેવનાગરીમાં સંપાદન કરીને તેમણે એ ગ્રંથો ભાસનાટકચક્રના નામથી પ્રકાશિત કરાવ્યાં. ત્યારથી લુપ્ત થયેલાં ભાસનાં આ તેર રૂપકો સંસ્કૃતજગતમાં પુનઃ પ્રચલિત બન્યાં છે.

ભાસ અત્યંત પ્રાચીન નાટ્યકાર છે. તેમનો જીવનકાળ ઈ.સ. પૂર્વે ત્રીજી કે ચોથી સદી મનાય છે. નાટકોના આંતરિક મૂલ્યાંકન પરથી જણાય છે કે તે વિષ્ણુભક્ત હશે, વેદ, ઈતિહાસ, પુરાણો તથા શાસ્ત્રના જ્ઞાતા હશે, નિસર્ગના સૂક્ષ્મ નિરીક્ષક અને માનવસ્વભાવના અભ્યાસુ હશે.

**ભાસની કૃતિઓ :**

નીચેનાં 13 રૂપકોને ભાસની કૃતિઓ તરીકે સ્વીકારવામાં આવ્યાં છે. આ બધી કૃતિઓ તેમાનાં વિષયવસ્તુની રીતે પાંચ વિભાગોમાં વર્ગીકૃત કરવામાં આવી છે, જે નીચે મુજબ છે :

(ક) મહાભારતના કથાનક પર આધારિત રૂપકો

(1) દૂતવાક્ય (2) દૂતઘટોત્કચ (3) ઊરુભંગ (4) પંચરાત્ર (5) કર્ણભાર અને (6) મધ્યમવ્યાયોગ.

(ખ) રામાયણના કથાનક પર આધારિત રૂપકો

(7) પ્રતિમાનાટક અને (8) અભિષેકનાટક

(ગ) ઉદયનકથા પર આધારિક રૂપકો

(9) પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ (10) સ્વપ્નવાસવદત્ત

(ઘ) લોકકથા પર આધારિત રૂપકો

(11) અવિમારક (12) ચારુદત્ત

(ચ) કૃષ્ણચરિત પર આધારિત રૂપક

(13) બાલચરિત

આ તેર કૃતિઓનો અહીં સંક્ષેપમાં પરિચય મેળવીશું.

**(1) दूतवाक्यम् :**

આ મહાભારતના કથાનક પર આધારિત એકાંકી છે. એમાં શ્રીકૃષ્ણ પોતે પાંડવોના દૂત તરીકે કૌરવો પાસે જાય છે. દૂતની સલાહનાં વાક્યો-વચનો પરથી આ નાટકને દૂતવાક્ય નામ મળ્યું છે.

પાંડવોના દૂત તરીકે શ્રીકૃષ્ણ દુર્યોધન પાસે આવે છે. કંચુકી શ્રીકૃષ્ણને પુરુષોત્તમ નારાયણ તરીકે ઓળખાવે છે. તેથી ગુસ્સે થયેલો દુર્યોધન સભાને ઊભા ન થઈને કૃષ્ણનું અપમાન કરવાનું સૂચન કરે છે. કૃષ્ણના આગમન સાથે જ બધા રાજાઓ ઊભા થઈ જાય છે. દુર્યોધન થોડો વ્યગ્ર થઈ જાય છે. શ્રીકૃષ્ણ પાંડવોને વારસાઈ હક પ્રમાણેનો ભાગ આપવા પ્રસ્તાવ મૂકે છે. શ્રીકૃષ્ણ અને દુર્યોધન વચ્ચે ઉગ્ર વાગ્યુદ્ધ થાય છે. દુર્યોધનને શિક્ષા કરવાના હેતુથી શ્રીકૃષ્ણ વિરાટ સ્વરૂપ લઈ સુદર્શન ચક્ર ધારણ કરે છે. છેવટે ક્ષમાભાવથી શ્રીકૃષ્ણ સભાનો ત્યાગ કરે છે.

આ એકાંકીમાં રાજનીતિની ચર્ચા છે. આ નાટકમાં દુર્યોધનનો એકપાત્રીય અભિનય ધ્યાનાકર્ષક છે. દ્રૌપદીના વસ્ત્રાહરણનું ચિત્રપટ રજૂ કરવાનો પ્રયોગ મૌલિક છે. આકાશભાષિત વાણીનો પ્રયોગ નાટ્યકલાની વિશિષ્ટતા દર્શાવે છે. રંગભૂમિ પર શસ્ત્રોને સદેહે રજૂ કરી કવિએ સુંદર ચિત્રાત્મક દશ્ય સર્જ્યું છે.

**(2) दूतघटोत्कचम् :**

આ એકાંકીમાં કવિકલ્પના અનુસાર ભીમ અને હિડિમ્બાનો પુત્ર ઘટોત્કચ શ્રીકૃષ્ણનો દૂત બની એમનો સંદેશો કૌરવોને આપે છે. તેથી આ નાટકનું નામ 'દૂતઘટોત્કચ' છે.

એકાંકીના આરંભમાં એક સૈનિક આવીને ધૃતરાષ્ટ્રને જણાવે છે કે, કૌરવો દ્વારા અભિમન્યુની નિર્દય હત્યા થઈ છે. ધૃતરાષ્ટ્રને આઘાત લાગે છે અને એના માટે નિમિત્ત બનેલા જયદ્રથના અંતની તે આગાહી કરે છે. જયદ્રથની પત્ની દુઃશલા વિલાપ કરે છે.

અભિમન્યુના મૃત્યુથી આનંદિત થયેલા દુર્યોધન, દુઃશાસન અને શકુનિ ધૃતરાષ્ટ્રને પ્રણામ કરવા જાય છે પણ ધૃતરાષ્ટ્ર આશીર્વચન આપતા નથી. દુર્યોધન પિતા સાથે વિવાદ કરે છે. એટલામાં અર્જુન જયદ્રથના વધની પ્રતિજ્ઞા કરે છે એવું સાંભળવા મળે છે. એની વિરુદ્ધ દુર્યોધન જયદ્રથના રક્ષણનો નિશ્ચય કરે છે.

શ્રીકૃષ્ણ તરફથી દૂત રૂપે આવેલો ઘટોત્કચ પિતામહને એમનો સંદેશો સંભળાવે છે કે અર્જુન એના એક પુત્રના મૃત્યુથી વિલાપ કરે છે તો સો પુત્રોના મૃત્યુથી એમની (ધૃતરાષ્ટ્રની) કેવી સ્થિતિ થશે ? વળી, ઘટોત્કચ કહે છે કે સૂર્યના આગમન સાથે જ આવતી કાલે અર્જુન કાળ બનીને એમના ઉપર ત્રાટકશે.

આ એકાંકી સ્વયંકલ્પિત નવસર્જન છે. મહાભારતના અલ્પ પ્રચલિત એવા ઘટોત્કચના પાત્રને અહીં ઉપસાવ્યું છે. ઘટોત્કચની વીરતા સામે દુર્યોધનનો અહંકાર અને રાજા તરીકેની તેની ખુમારીનું સચોટ નિરૂપણ થયું છે. અહીં વીરરસની જમાવટ ભાવકને સ્પર્શી જાય તેવી છે.

**(3) ऊरुभङ्गम् :**

આ એકાંકીમાં ભીમ ગદાયુદ્ધમાં દુર્યોધનની સાથળ ભાંગે છે. કથાવસ્તુ તરીકે આ પ્રસંગ કેન્દ્રમાં હોવાથી કૃતિનું નામ 'ઊરુભંગ' રાખ્યું છે. કથામાં મુખ્ય પાત્ર દુર્યોધન છે. મહાભારતના પ્રસંગ પર આધારિત આ દુઃખાન્ત એકાંકી છે. મહાભારતનું યુદ્ધ અઢાર દિવસ ચાલ્યું હતું. તેમાં ૯૯ કૌરવોનો નાશ થયો હતો. એક માત્ર દુર્યોધન જીવતો રહ્યો હતો. દુર્યોધન અને ભીમ વચ્ચે ગદાયુદ્ધનો પ્રારંભ થાય છે. શ્રીકૃષ્ણ ભીમને દુર્યોધનની સાથળ ઉપર પ્રહાર કરવાનો સંકેત કરે છે. તે મુજબ ભીમ ગદાથી દુર્યોધનની સાથળ પર મરણતોલ પ્રહાર કરે છે. જેમાં ભીમ ગદાયુદ્ધના નિયમોનું ઉલ્લંઘન કરે છે. દુર્યોધનના ઊરુનો ભંગ થાય છે અને નીચે પડે છે. અંધ રાજા ધૃતરાષ્ટ્ર, આંખે પાટા બાંધેલી રાણી ગાંધારી, દુર્યોધનની પત્નીઓ અને પુત્ર દુર્જય રણભૂમિ પર આવે છે. તેઓ બધા વિલાપ કરે છે. વીર દુર્યોધનના મૃત્યુ સાથે એકાંકી કરુણાંતિકામાં પરિણમે છે.

ઊરુભંગમાં મુખ્ય રસ કરુણ છે. જે વીરરસના નિરૂપણથી વધુ ગાઢ બને છે. રંગભૂમિ પર નાટકમાં મૃત્યુ બતાવવામાં આવ્યું છે. ભરતના નાટ્યશાસ્ત્રના નિયમનું અહીં ઉલ્લંઘન થયું છે. આ નાટક સંસ્કૃત સાહિત્યમાં 'કરુણાંતિકા' (Tragedy)નું

વિરલ ઉદાહરણ છે. કુટુંબ સાથેના મિલનનું અહીં હૃદય હચમચાવી મૂકે તેવું નિરૂપણ છે. દુર્યોધનના પાત્રનું આ એકાંકીમાં ઊર્ધ્વીકરણ કર્યું છે.

**(4) पञ्चरात्रम् :**

મહાભારત ઉપર આધારિત આ ત્રિઅંકી નાટકમાં દુર્યોધન દ્વારા દ્રોણને પાંચ રાત્રિઓની મુદત આપવામાં આવે છે. આ દરમિયાન તેઓ પાંડવો અંગેના સમાચાર લાવશે તો પાંડવોને દુર્યોધન રાજ્યમાંનો એમનો હિસ્સો-ભાગ આપશે. એટલે જ નાટકને 'પંચરાત્ર' નામ મળ્યું છે. શરૂઆતમાં દુર્યોધને કરેલા ભવ્ય યજ્ઞની પ્રશંસા છે. દ્રોણ દક્ષિણારૂપે રાજ્યનો અડધો ભાગ પાંડવોને આપવાનું કહે છે. દુર્યોધન પાંચ રાત્રિઓમાં (પંચરાત્રમાં) પાંડવોના સમાચાર લાવવાની શરત સાથે આ વાતનો સ્વીકાર કરે છે.

પાંચ રાતમાં પાંડવોની માહિતી મળે છે. દુર્યોધન અડધું રાજ્ય પાંડવોને આપવાની દ્રોણની આજ્ઞા સ્વીકારે છે. આ વિગત મૂળ મહાભારતની કથાવસ્તુમાં નથી. મૂળ કથાવસ્તુથી અહીં વિપરીત નિરૂપણ નાટ્યકારે કર્યું છે.

નાટ્યકારે પોતાની કલ્પનાથી નવીન પ્રસંગો ઉમેરીને પ્રભાવક કૃતિનું સર્જન કર્યું છે. આ નાટકમાં દુર્યોધનના પાત્રનું ઊર્ધ્વીકરણ કર્યું છે. મૂળ મહાભારતમાં યુદ્ધ વગર તસુભાર જમીન પણ નહિ આપવાનું કહેનાર દુર્યોધન અહીં ગુરુની આજ્ઞાથી અડધું રાજ્ય આપી દે છે. ભાસની આ રૂપકરચના અત્યંત સુંદર છે.

**(5) कर्णभारम् :**

આ એકાંકી મહાભારતના કથાનક પર આધારિત છે. કર્ણને કેન્દ્રમાં રાખીને તેની દાનવીરતાને ઉપસાવતું આ સુંદર એકાંકી છે. કર્ણભાર શીર્ષકને જુદી જુદી રીતે સમજી શકાય છે. કેટલાકના મતે તેનાં કવચ-કુંડળ એ કર્ણનો ભાર બની રહે છે. તો કર્ણને સોંપાયેલી સેનાપતિની જવાબદારીને પણ તેનો ભાર માનવામાં આવે છે.

કૃતિના આરંભે શલ્યરાજ સાથે રથમાં બેસીને કર્ણ યુદ્ધના મેદાનમાં પ્રવેશ કરે છે ત્યારે તેનું મન નિરાશાથી ભરેલું છે. પોતે બ્રાહ્મણ ન હોવા છતાં 'બ્રાહ્મણ છું' એમ કહીને પરશુરામ પાસેથી વિદ્યા શીખ્યો હતો અને એમના શાપને કારણે પોતાની શસ્ત્રવિદ્યા નિષ્ફળ જવાની છે તેનું તેને સ્મરણ થાય છે. એટલામાં બ્રાહ્મણના વેશમાં ઇન્દ્ર આવે છે અને મોટા દાનની માગણી કરે છે. કર્ણ તેને ગાયો, ઘોડા, હાથી, સોનું એમ અનેક પ્રકારનું દાન આપવા તૈયાર થાય છે. પણ બ્રાહ્મણના વેશમાં રહેલો ઇન્દ્ર તે લેવાની ના કહે છે. અંતે કર્ણ પોતાના શરીર સાથે જોડાયેલા કવચ-કુંડળ આપવાનું કહે છે. બ્રાહ્મણ તે તરત સ્વીકારી લે છે. શલ્ય કર્ણને રોકે છે. આ ઇન્દ્રની ચાલ હોવાનું કર્ણ પણ સમજે છે. છતાં તે કવચ-કુંડળનું દાન કરી દે છે. પશ્ચાત્તાપદગ્ધ ઇન્દ્ર દેવદૂત દ્વારા વિમલા નામની શક્તિ મોકલે છે. પાંડવોમાંથી કોઈ પણ એક પુરુષનો વધ આ શક્તિ દ્વારા કર્ણ કરી શકે છે. આટલું થયા પછી પણ કર્ણ હાર માનતો નથી પણ યુદ્ધ માટે તૈયાર થાય છે. નાટકમાં કર્ણના પાત્રનું ખૂબ જ સુંદર નિરૂપણ થયું છે. તે માત્ર શલ્યની જ નહિ પણ આપણા સૌની સહાનુભૂતિનો અધિકારી બની રહે છે.

**(6) मध्यमव्यायोगः :**

મહાભારતના કથાનક પર આધારિત આ વ્યાયોગ પ્રકારનું એકાંકી છે. ભીમ પાંડવોમાં મધ્યમ છે. અહીં તેનો હિડિમ્બા સાથે સંયોગ થતો હોઈ 'મધ્યમવ્યાયોગ' શીર્ષક ઉચિત છે. અથવા ભીમ અને બ્રાહ્મણનો વચેટ પુત્ર - એમ બે મધ્યમોનો મેળાપ હોઈ આ શીર્ષક આપવામાં આવ્યું છે.

નાટકના મુખ્ય દૃશ્યમાં ઘટોત્કચના ત્રાસથી ભયભીત થયેલા બ્રાહ્મણનું વર્ણન છે. ઘટોત્કચ જરા દ્વિધામાં છે. એક બાજુ માતાના ભોજન માટે એક વ્યક્તિને લઈ જવાની માતાની આજ્ઞા અને બીજી બાજુ બ્રાહ્મણો પ્રત્યેનો એનો આદરભાવ. છેવટે તે માતાની આજ્ઞા પાળવાનું નક્કી કરે છે. બ્રાહ્મણ કુટુંબમાંથી તે કોઈ પણ એકને સાથે આવવાનું કહે છે. ચર્ચા બાદ મધ્યમ પુત્રને મોકલવાનું નક્કી થાય છે. પાણી પીવા ગયેલા મધ્યમને ઘટોત્કચ મોટા અવાજથી બોલાવે છે. તે સાંભળી ભીમસેન પોતે મધ્યમ

તરીકે ઉપસ્થિત થાય છે. કુટુંબને બચાવવા માટે બ્રાહ્મણ ભીમસેનને વિનંતી કરે છે. ભીમ ઘટોત્કચને પોતાના પુત્ર તરીકે ઓળખે છે અને બળપ્રયોગથી પોતાને લઈ જવા કહે છે. બળ અને માયાવી શક્તિનો પ્રયોગ નિષ્ફળ નીવડે છે. અંતે ભીમસેન સ્વયં ઘટોત્કચની માતા પાસે જાય છે. હિડિમ્બા ભીમસેનને ઓળખી જાય છે. આમ, હિડિમ્બા અને ભીમસેનનું મિલન થાય છે. બ્રાહ્મણ કુટુંબ સુખેથી પ્રસ્થાન કરે છે.

ભીમ અને હિડિમ્બાના મિલનની વાત મહાભારતમાં નથી. પણ ભાસે પોતાની કવિપ્રતિભાથી આ મૌલિક રૂપકનું સર્જન કર્યું છે. અહીં ઘટોત્કચના પાત્રના માધ્યમથી માતૃભક્તિનો મહિમા કરવામાં આવ્યો છે અને હિડિમ્બા રાક્ષસી હોવા છતાં તેનામાં માનવીય ગુણોનું આલેખન કર્યું છે.

**(7) प्रतिमानाटकम् :**

રામાયણની કથા ઉપર આધારિત આ સાત અંકનું નાટક છે. મોસાળથી પાછા ફરતાં ભરત નગરની બહાર પ્રતિમાગૃહમાં સ્વર્ગીય પૂર્વજોની સાથે મહારાજ દશરથની પ્રતિમા જુએ છે. ત્યારે પિતાના મૃત્યુની એને જાણ થાય છે. તેથી નાટકનું નામ 'પ્રતિમાનાટક' રાખવામાં આવ્યું છે.

આ નાટકમાં રામના વનગમનથી રાજ્યાભિષેક સુધીનું નિરૂપણ છે. રામના રાજ્યભિષેકના સ્થાને સીતા અને લક્ષ્મણ સાથે રામ વનગમનની તૈયારી કરે છે અને દશરથનું મરણ થાય છે. દશરથ અસ્વસ્થ છે એવા સમાચાર આપીને ભરતને મોસાળમાંથી પાછો બોલાવવામાં આવે છે. ભરત નગરની બહાર રહેલા પ્રતિમાગૃહમાં પૂર્વજો સાથે પિતાની પ્રતિમા જોઈને ચિંતાતુર ભરત પિતાના મૃત્યુ માટે કારણભૂત કૈકેયી માતાને મળવાનું માંડી વાળે છે. રામને તેમની ગાદી પાછી સોંપવા ભરત વનમાં જાય છે અને રામ-ભરતનું મિલન થાય છે. રામની આજ્ઞાને અનુસરીને તેમની પાદુકાઓ લઈને ભરત અયોધ્યા પાછો ફરે છે.

વનમાં રહેલા રામ પિતાના શ્રાદ્ધ અંગે ચિંતિત છે. બ્રાહ્મણવેશધારી રાવણ કાંચનપાર્શ્વમૃગથી ઉત્તમ શ્રાદ્ધ થાય છે એમ રામને સમજાવે છે. એટલામાં ઉપસ્થિત થયેલા કાંચનપાર્શ્વમૃગને લેવા માટે રામ તેનો પીછો કરે છે. લક્ષ્મણ કુલપતિને લેવા માટે બહાર ગયેલ હોવાથી એકલી પડેલી સીતાનું રાવણ અપહરણ કરે છે. અયોધ્યામાં રહેલા ભરતને સીતાના અપહરણની જાણ થાય છે. આ સઘળા માટે કૈકેયીને દોષિત માનતા ભરતને કૈકેયી શ્રવણના માતાપિતાએ આપેલા શાપની વાત કરે છે. તદનુસાર પુત્રવિયોગથી દશરથનું મૃત્યુ નિશ્ચિત જ હતું. ભરત તો દૂર જ હતો. રામનો વિયોગ, રામના મૃત્યુથી અથવા લાંબા સમય માટે દૂર જવાથી પણ થાય. તેથી જ દશરથ પાસે રામના વનગમનની માગણી કરી. ગભરાટમાં ચૌદ દિવસના બદલે ચૌદ વરસ બોલાઈ ગયું. કૈકેયીના આવા ખુલાસાથી ભરત તેને માફ કરે છે. બે તપસ્વીઓના સંવાદ દ્વારા રાવણવધ, વિભીષણને લંકાની સોંપણી, સીતાની અગ્નિપરીક્ષા વગેરે ઘટનાઓનો નિર્દેશ થાય છે. રામના રાજ્યાભિષેક સાથે આ નાટક સમાપ્ત થાય છે.

આ નાટકમાં આવતો પ્રતિમાગૃહનો પ્રસંગ ભાસનું મૌલિક સર્જન છે. અહીં કૈકેયીના પાત્રનું ઉદાત્તીકરણ કરવામાં આવ્યું છે. કૈકેયીનાં વચન પાછળનું રહસ્ય એ ભાસની કલ્પના છે.

**(8) अभिषेकनाटकम् :**

રામાયણ પર આધારિત આ નાટકમાં કુલ છ અંકો છે. અહીં સુગ્રીવ, વિભીષણ અને રામ - એમ કુલ ત્રણ વ્યક્તિના રાજ્યાભિષેકની વાત હોવાથી તેને 'અભિષેકનાટક' શીર્ષક અપાયું છે.

નાટકના કથાવસ્તુ અનુસાર સુગ્રીવ અને રામ એકબીજાને સહાય કરવાની સંધિ કરે છે. સુગ્રીવ વાલીને યુદ્ધ માટે લલકારે છે. બંને વચ્ચે ગદાયુદ્ધ થાય છે. દરમિયાનમાં રામના બાણથી વાલીનું મૃત્યુ થાય છે. સુગ્રીવનો રાજ્યાભિષેક થાય છે.

હનુમાન સીતાને શોધવા માટે લંકા તરફ પ્રયાણ કરે છે. તેઓ લંકાના ઉપવનમાં રાવણની વાતો પરથી સીતાને ઓળખે છે. સીતાનું રાવણ દ્વારા થતું અપમાન જોઈને હનુમાન ગુસ્સે થાય છે. તેઓ સીતાને મળે છે અને સીતાની અવસ્થાનું નિવેદન

કરે છે. સીતા પણ પોતાની વેદના રામને જણાવવા તેમને કહે છે. રામ અને વાનરો લંકા તરફ પ્રયાણ કરે છે. સમુદ્ર વિભાજિત થઈ માર્ગ આપે છે. ઇન્દ્રજિત સહિત અનેક રાક્ષસોનો યુદ્ધમાં વિનાશ થયો હોવાથી અંતે રાવણ પોતે યુદ્ધ માટે પ્રયાણ કરે છે. રામ અને રાવણનું ભયંકર યુદ્ધ થાય છે. રામ રાવણને હણી નાખે છે અને વિભીષણને રાજ્ય સોંપે છે.

રાવણના વધ પછી સીતાની અગ્નિશુદ્ધિ અને અંતે રામનો રાજ્યાભિષેક થાય છે.

**(9) प्रतिज्ञायौगन्धरायणम् :**

ઉદયનકથા ઉપર આધારિત ચાર અંકના આ નાટકમાં વત્સરાજ ઉદયનનો મંત્રી યૌગન્ધરાયણ ઉદયનને ઉજ્જયિનીની કેદમાંથી છોડાવવાની બે વાર પ્રતિજ્ઞા કરે છે.

ઉજ્જયિનીનો રાજા પ્રદ્યોત મહાસેન પોતાની દીકરી વાસવદત્તા ઉદયનને પરણાવવા માગતો હતો તેથી તેને કોઈ પણ રીતે નગરમાં પકડી લાવવા ઇચ્છતો હતો. દરમિયાન રાજા ઉદયન પાસેથી એનો સંદેશ લઈને આવેલો એમનો અંગત સેવક જણાવે છે કે ઉદયન હાથીના કાવતરામાં ફસાયા છે અને તેમને રાજબંદી બનાવવામાં આવ્યા છે. પ્રદ્યોતના કપટનો બદલો લેવાની યૌગન્ધરાયણ પ્રતિજ્ઞા લે છે. ઉદયન પાસેથી લઈ લેવામાં આવેલી ઘોષવતી વીણા વાસવદત્તાને ભેટ આપવામાં આવે છે. ઉદયનને છોડાવવા માટે યૌગન્ધરાયણ ઉજ્જયિની આવે છે. હાથીને ગાંડો કરી, એને વશ કરવાના બહાને ઉદયનને મુક્ત કરવામાં આવે ત્યારે તેને ભગાડી મૂકવાની યોજના યૌગંધરાયણે ઘડી હતી. રાજાની સાથે વાસવદત્તાને પણ લઈ જવાની યોજના તેણે વિચારી છે. રાજા ઉદયન ભદ્રવતી હાથણી ઉપર નાસી છૂટ્યાના સમાચાર ફેલાય છે. યૌગન્ધરાણ ઉદયનનની પાછળ પડેલા પ્રદ્યોત મહાસેનના સૈન્યને ખાળે છે. અંતે તે પકડાય છે. પ્રદ્યોત મહાસેન અને અંગારવતી ઉદયન તથા વાસવદત્તાનાં ગાંધર્વ લગ્નને અનુમતિ આપે છે.

**(10) स्वप्नवासवदत्तम् :**

સ્વપ્નનાટકના પાંચમા અંકમાં રાજા ઉદયનને વાસવદત્તાનું સ્વપ્ન આવે છે. આ દૃશ્યના આધારે નાટકનું શીર્ષક स्वप्नवासवदत्तम् રાખવામાં આવ્યું છે.

આ નાટક ભાસનું સર્વોતમ સર્જન હોઈ એના પર વિદ્વાનોએ પ્રશંસાનાં પુષ્પો વેર્યાં છે.

વાસવદત્તા અને યૌગન્ધરાયણ વેશપરિવર્તન કરી તપોવનમાંથી પસાર થતાં હતાં ત્યાં પદ્માવતી આવે છે. તપસ્વીના વેશમાં રહેલા યૌગન્ધરાયણ વાસવદત્તાને પોતાની આવંતિકા નામની બહેન તરીકે ઓળખાવી એને પદ્માવતી પાસે થાપણ તરીકે મૂકવાની ઇચ્છા વ્યક્ત કરે છે. પદ્માવતી એને સ્વીકારે છે. તપોવનમાં એક બ્રહ્મચારી લાવાણકદહનનો પ્રસંગ વર્ણવે છે. વાસવદત્તાના મહેલમાં બળી જવાની વાતથી રાજા દુઃખી થાય છે. પદ્માવતીનાં લગ્નની વાત છેડાય છે અને ઉદયન સાથે તે નક્કી થાય છે. પદ્માવતીના લગ્નની માળા ગૂંથવાનું કામ પણ વાસવદત્તાને માથે આવે છે. ચોથા અંકમાં રાજા અને વિદૂષક વચ્ચેની વાતચીતમાં રાજાનો વાસવદત્તા પ્રત્યેનો પ્રેમ વ્યક્ત થાય છે. છુપાઈને વાતો સાંભળતી વાસવદત્તાને ખૂબ જ આનંદ થાય છે. પાંચમા અંકમાં ઉદયનને વાસવદત્તાનું સ્વપ્ન આવે છે, તેમાં ઉદયન એને મનાવવા પ્રયત્ન કરે છે. તે દરમિયાન રાજાના પલંગ પરથી નીચે લટકતા હાથને વાસવદત્તા ધીમેથી પલંગ પર મૂકીને ચાલી જાય છે. એના સ્પર્શથી રાજા જાગી જાય છે, વાસવદત્તાને પકડવા દોડે છે, પણ તેનો પુરુષાર્થ વ્યર્થ રહે છે. રાજા વાસવદત્તા જીવતી હોવાની શંકા વિદૂષક સમક્ષ વ્યક્ત કરે છે પણ તે એ માનવા તૈયાર નથી. ઘોષવતી વીણાનો પ્રસંગ પુનઃ વાસવદત્તાની યાદ તાજી કરે છે. કંચુકી ચિત્રફલક લાવે છે, જેમાં વાસવદત્તા છે. તેને જોઈને પદ્માવતી આશ્ચર્ય અનુભવે છે. તે આવા જ ચહેરાવાળી એક સ્ત્રી અંતઃપુરમાં હોવાની વાત કરે છે. વાસવદત્તા રાજદરબારમાં હાજર થાય છે. યૌગન્ધરાયણ પોતાની થાપણ પદ્માવતી પાસે પાછી માગે છે. છેવટે યૌગન્ધરાયણ પોતાનું ખરું સ્વરૂપ જાહેર કરીને આખી યોજના રાજાને સમજાવે છે. વાસવદત્તા પણ મૂળ સ્વરૂપમાં જાહેર થાય છે. આમ નાટક સુખાંતમાં પરિણમે છે.

**(11) अविमारकम् :**

લોકકથા પર આધારિત સાત અંકના આ નાટકમાં વિષ્ણુસેન અને કુરંગીની પ્રણયકથા છે.

આ નાટકમાં ઘેટાનું (अविनुं) રૂપ ધારણ કરનાર રાક્ષસને વિષ્ણુસેન નામનો સૌવીર રાજકુમાર મારી નાખે છે તેના પરથી નાટકને શીર્ષક આપવામાં આવ્યું છે.

રાજા કુન્તીભોજની પુત્રી કુરંગીને તેના ઉદ્યાનવિહાર દરમિયાન એક યુવાન અંજનગિરિ નામના હાથીના હુમલામાંથી બચાવે છે. આ સંજોગોમાં બંને જણ પરસ્પર આકર્ષાય છે. આ પરિત્રાણના સમાચાર રાજાને પહોંચે છે. તે પોતાની પ્રાપ્તવયસ્ક આ કન્યાના વિવાહ વિશે વિચારતો થઈ જાય છે. દરમિયાન પોતાની ધાત્રીની મદદથી કુરંગી અને યુવાન મળતાં રહે છે.

અવિમારક અને કુરંગીનો વધતો જતો પ્રેમ રાજાના ધ્યાનમાં આવે છે. નાયક પકડાઈ જવાના ભયથી ભાગી જાય છે અને આપઘાત કરવા પ્રયત્ન કરે છે. ત્યાં એક વિદ્યાધરની મદદથી ચમત્કારી વીંટી મેળવીને તેના પ્રભાવથી અંતઃપુરમાં પ્રવેશવા માટે વિશ્વાસ પ્રાપ્ત કરે છે. વિયોગથી પીડાતી કુરંગી ગળાફાંસો ખાઈને જીવન ટુંકાવવા પ્રયત્ન કરે છે તે જ વખતે ત્યાં અવિમારક પ્રગટ થાય છે અને કુરંગીને બચાવે છે. છેવટે બંનેનું મિલન થાય છે.

**(12) चारुदत्तम् :**

ચાર અંકનું આ રૂપક લોકકથા ઉપર આધારિત છે. તેમાં વણિક ચારુદત્ત અને ગણિકા વસંતસેનાના પ્રણયની કથા છે. નાયકના નામ ઉપરથી આ નાટકનું શીર્ષક ચારુદત્ત આપવામાં આવ્યું છે.

નાટકનો મુખ્ય રસ શૃંગાર છે. નાયક જન્મથી બ્રાહ્મણ પણ કર્મથી વણિક છે. તે પૂર્વે પૈસાદાર હતો, પણ હવે પૈસાનું દાન કરી કરીને નિર્ધન થઈ ગયો છે. વસંતસેના નાયિકા ઉજ્જયિનીની પ્રખ્યાત ગણિકા છે. તે પૈસાને કારણે નહિ, પરન્તુ ગુણોને કારણે ચારુદત્તને પ્રેમ કરે છે. અહીં દરિદ્રતાના ચિત્રણમાં કરુણરસની યોજના કરવામાં આવી છે. લોકરંજનમાં આ નાટક બધી રીતે સફળ રહ્યું છે. આમાં વિદૂષકના હાસ્યપ્રેરક સંવાદો પ્રેક્ષકને આનંદ આપે છે તો કથાવસ્તુને આગળ વધારવામાં પણ સહાયક બને છે. સંવાદો હૃદયંગમ છે. આ નાટકમાં એક મહત્ત્વની વાત એ છે કે અહીં નાયિકા પોતાના પ્રેમનો એકરાર કરે છે અને તે નાયકનો પ્રેમ પામવા જાતે અગ્રેસર થાય છે.

**(13) बालचरितम् :**

હરિવંશ તથા પુરાણોમાં વર્ણિત શ્રીકૃષ્ણની બાળલીલાઓનો આધાર લઈને આની કથાવસ્તુ ગૂંથવામાં આવી છે. અહીં કૃષ્ણના જન્મથી લઈને કૃષ્ણે મથુરામાં કરેલા કંસવધ સુધીનું કથાનક આવરી લેવામાં આવ્યું છે.

અહીં નંદની પુત્રીને મૃત બતાવી છે અને એ દ્વારા કથાનકને નાટ્યાત્મકતા તરફ વાળ્યું છે. અહીં નંદ તથા વસુદેવનો સંવાદ પણ કવિની પોતાની કલ્પનાનો અંશ છે. કૃષ્ણને વસુદેવનો સાતમો પુત્ર કહ્યો છે.

આ નાટકમાં વીરરસની પ્રધાનતા છે. દૂતવાક્યની જેમ અહીં પણ નિર્જીવ શસ્ત્રો રંગમંચ ઉપર આવે છે. આ નાટકમાં કુલ મળીને 26 પુરુષ પાત્રો અને 10 કરતાંય વધુ સ્ત્રી પાત્રો છે. અહીં કૃષ્ણ નાયક, બલરામ ઉપનાયક છે અને ખલનાયક તરીકે કંસ છે. હવે વૃષ્ણિરાજ્ય પ્રતિષ્ઠા પામ્યું છે. (प्रतिष्ठितम् इदानीं वृष्णिराज्यम्।) એવા સંવાદ સાથે નાટકની પૂર્ણાહુતિ કરવામાં આવી છે.

**<u>મહાકવિ કાલિદાસ</u>**

पुरा कवीनां गणनाप्रसङ्गे कनिष्ठिकाधिष्ठितकालिदासा।

अद्यापि तत्तुल्यकवेरभावात् अनामिका सार्थवती बभूव॥

અર્થાત્ પ્રાચીનકાળમાં કવિઓની ગણના કરવાના પ્રસંગમાં કાલિદાસનું નામ (હાથમાં આવેલી પાંચ આંગળીઓ પૈકી સૌથી નાની) કનિષ્ઠિકા ઉપર મૂકાયું. એ પછી આજ સુધી તે કવિના જેવો બીજો કોઈ કવિ ન મળતો હોવાથી (બીજા નંબરે આવેલી) અનામિકા આંગળીનું નામ (અ-નામિકા અર્થાત્ નામ વગરની એમ) સાર્થક બન્યું છે.

આ રીતે અનેક કાવ્યરસિકોએ જેમનાં વખાણ કર્યાં છે, તે મહાકવિ કાલિદાસ સંસ્કૃત સાહિત્યમાં 'કવિકુલગુરુ' તરીકે જાણીતા છે. તેમની કુલ સાત કૃતિઓ છે. જેમાં (ક) બે ખંડકાવ્યો કે ગીતકાવ્યો : (1) ऋतुसंहारम्, (2) मेघदूतम्। એ પછી (ખ) બે મહાકાવ્યો (3) रघुवंशम् અને (4) कुमारसम्भवम्। અને (ગ) ત્રણ નાટ્યકૃતિઓ : (5) मालविकाग्निमित्रम् (6) विक्रमोर्वशीयम् અને (7) अभिज्ञानशाकुन्तलम्। (આ પૈકી અહીં ધોરણ 11માં કાલિદાસની કેવળ નાટ્યકૃતિઓનો જ પરિચય કરવાનો છે. તેથી ઉપર્યુક્ત ત્રણ નાટકોનો જ પરિચય કરાવવામાં આવી રહ્યો છે.)

**કાલિદાસનાં નાટકો**

**(1) मालविकाग्निमित्रम् :**

મહાકવિ કાલિદાસનું આ પ્રથમ નાટક છે. તેના પાંચ અંક છે. મુખ્ય કથાવસ્તુ અંતઃપુરની દાસી માલવિકા અને શૃંગવંશના રાજા અગ્નિમિત્રના પ્રણયનું છે.

માલવિકા અને અગ્નિમિત્રનો વિવાહ થાય છે; પરંતુ માલવિકાના ભાઈનો યુદ્ધમાં પરાજય થતાં તેને ભાગવું પડે છે. એ પછી તે અન્ય વેષમાં અગ્નિમિત્રની રાણી ધારિણીની દાસી તરીકે અંતઃપુરમાં પ્રવેશે છે જેમાં ઉતાર ચઢાવના કેટલાક પ્રસંગો બાદ વિદૂષક બંને પ્રેમીઓનું મિલન કરાવવામાં સફળ થાય છે. ધારિણી માલવિકાને તેની સખી સાથે કેદ કરે છે. સર્પદંશનું બહાનું બનાવીને વિદૂષક માલવિકા અને અગ્નિમિત્રનો પુનઃ મેળાપ કરાવવામાં સફળ થાય છે. નાટકના અંતમાં અગ્નિમિત્રનો યુદ્ધમાં વિજય, તેના પુત્રનો યવનોની સામે વિજય, માલવિકાનો રાજકન્યા તરીકે ઓળખ-પરિચય વગેરે ઘટનાઓ વર્ણવાઈ છે. છેવટે રાણી ધારિણી પોતે અગ્નિમિત્ર અને માલવિકાના લગ્નની અનુકૂળતા કરી આપે છે.

અહીં માલવિકા અને અગ્નિમિત્રની પ્રણયકથાને આગવી શૈલીમાં રજૂ કરવામાં આવી છે. કવિએ નાટકને અનોખા પ્રસંગો, ચટકીલા સંવાદો અને વિનોદથી સુશોભિત કર્યું છે. પ્રસ્તુત નાટકમાં નૃત્ય, સંગીત, અભિનય ઉપરાંત મનોરંજકતાનું પ્રાચુર્ય હોવાથી દર્શકોને માટે સ્પૃહણીય બની રહેવા સક્ષમ છે. અલબત્ત, કાલિદાસની પ્રથમ કૃતિ હોવાથી પાછળની કૃતિઓ જેવી પ્રૌઢતા અને ગાંભીર્ય આમાં ન હોય એ સહજ વાત છે.

**(2) विक्रमोर्वशीयम् :**

કાલિદાસનું બીજું નાટક વિક્રમોર્વશીય છે. તેમાં રાજા પુરૂરવા નાયક છે અને અપ્સરા ઉર્વશી નાયિકા છે. પાંચ અંકના આ નાટકમાં એમના મિલન, વિયોગ અને પુનર્મિલનનું કથાનક ગૂંથવામાં આવ્યું છે.

કેશી દાનવ દ્વારા અપહરણ કરાયેલી ઉર્વશી અને તેની સખી ચિત્રલેખાને પરાક્રમી પુરૂરવા બચાવીને પાછી લાવે છે. પુરૂરવા અને ઉર્વશી પરસ્પર આકર્ષાય છે. સ્વર્ગમાં પરત ફરેલી ઉર્વશી એક નાટ્યપ્રસંગે લક્ષ્મીનું પાત્ર ભજવી રહી હતી ત્યારે નાટકના સંવાદમાં 'પુરુષોત્તમ' બોલવાના બદલે તે 'પુરૂરવા' બોલે છે. આથી ગુસ્સે થયેલા ભરતમુનિના શાપથી ઉર્વશીને પૃથ્વી પર આવવું પડે છે અને પૃથ્વી પર પુરૂરવા અને ઉર્વશીનું મિલન થાય છે. પુરૂરવાની પત્ની મહારાણી ઔશીનરી બંનેના પ્રેમને સંમતિ આપે છે અને તેમનો વિવાહ શક્ય બને છે. એકવાર પુરૂરવા અને ઉર્વશી કુમારવનમાં વિહાર કરતાં હતાં ત્યારે ઉર્વશી પુરૂરવા પ્રત્યે ગુસ્સે ભરાઈને ચાલી જાય છે અને વેલીના રૂપમાં ફેરવાઈ જાય છે. ઉર્વશીના વિયોગમાં રાજા ઉન્મત્ત બનીને તેની શોધખોળ કરે છે. પૂછપરછ કરે છે. અંતે સંગમનીય મણિના પ્રતાપે ઉર્વશીને પાછી મેળવે છે. ઉર્વશી પુરૂરવાથી પ્રાપ્ત આયુ નામના પરાક્રમી પુત્રની માતા બને છે. પૃથ્વી પર પોતાના પતિ પુરૂરવા સાથે આજીવન રહેવા માટે ઈન્દ્રની કૃપા તેને પ્રાપ્ત થાય છે. છેવટે તેના પુત્ર આયુનો યુવરાજપદે અભિષેક થાય છે.

મહાકવિ કાલિદાસનું આ નાટક પૌરાણિક કથા પર આધારિત છે, જેમાં સંયોગ અને વિપ્રલંભ શૃંગારનું મર્મસ્પર્શી નિરૂપણ છે. તેના ચોથા અંકમાં કવિની પ્રકૃતિપ્રિયતા સોળે કળાએ મહોરી ઊઠી છે. અહીં પ્રકૃતિમાં માનવીય મનોભાવોનું સુંદર ચિત્રણ થયું છે. એવું કહેવાય છે કે સ્વર્ગ અને ધરતી વચ્ચે ઝોલાં ખાતું આ નાટક મૂળ ત્રણ અંકનું હશે, પછી પુનર્મિલન કરવા ચોથો અંક ઉમેરાયો હશે. એ પછી કોઈ રાજકુમારના પટ્ટાભિષેક પ્રસંગે પાંચમો અંક કવિએ ઉમેર્યો હશે.

### (3) अभिज्ञानशाकुन्तलम् :

સાત અંકના આ નાટકમાં દુષ્યન્ત અને શકુન્તલાનો પ્રણય નિરૂપાયો છે. મૃગયા (શિકાર) માટે નીકળેલો દુષ્યન્ત કણ્વમુનિના આશ્રમમાં પહોંચે છે, જ્યાં બાળતરુઓને જળસિંચન કરતી આશ્રમકન્યાઓને તે જુએ છે. દુષ્યન્તનું આર્ય મન કણ્વકન્યા શકુન્તલા પ્રત્યે આકર્ષાય છે અને તે તેની સ્પૃહા કરવા લાગે છે. કણ્વ ઋષિની અનુપસ્થિતિમાં આશ્રમના અતિથિસત્કારની જવાબદારી શકુન્તલાને સોંપવામાં આવી હતી. યજ્ઞના રક્ષણકાર્ય માટે દુષ્યન્તને આશ્રમમાં રોકાઈ જવાનો પ્રસંગ ઉપસ્થિત થયો અને શકુન્તલા અને દુષ્યન્ત વચ્ચે પ્રણયના વિકાસની ભૂમિકા રચાય છે. ત્યારબાદ બંને પ્રેમીઓ ગાન્ધર્વવિવાહથી જોડાય છે. દુષ્યન્ત પોતાની રાજધાનીમાં પાછો ફરે છે ત્યારે તેનામાં જ એકાગ્રચિત્ત શકુન્તલા દુર્વાસામુનિનો શાપ પામે છે અને શાપના પરિણામે દુષ્યન્તને તેનું વિસ્મરણ થઈ જાય છે.

કણ્વમુનિને દુષ્યન્ત અને શકુન્તલાના ગાન્ધર્વવિવાહની જાણ દિવ્યવાણી દ્વારા થતાં તેઓ પુત્રીને પતિગૃહે વળાવે છે. શાપગ્રસ્ત દુષ્યન્ત શકુન્તલાને ભૂલી ગયો હોઈ તેને ઓળખી શકતો જ નથી અને તેનો અસ્વીકાર કરે છે. શકુન્તલાને તેની માતા મેનકા મરીચિ મુનિના આશ્રમમાં લઈ જાય છે. શકુન્તલાની આંગળી પરથી સરકી ગયેલી વીંટી માછીમારને મળી હતી જે રક્ષકો દ્વારા દુષ્યન્તને પહોંચાડાય છે. વીંટી મળતાં જ તેને શકુન્તલાનું સ્મરણ થાય છે અને શકુન્તલાનો ત્યાગ કરવા બદલ તે પશ્ચાત્તાપ અનુભવે છે. એકવાર દેવોની સહાય કરીને પરત ફરતો દુષ્યન્ત મરીચિ મુનિના આશ્રમમાં પહોંચે છે. અહીં સિંહબાળ સાથે ક્રીડા કરી રહેલા અને તે સિંહના દાંત ગણી રહેલા બાળક સર્વદમન સાથે ભેટો થાય છે. આ સર્વદમન શકુન્તલાનો પુત્ર છે, એવું દુષ્યન્તને જ્ઞાન થાય છે. એ પછી દુષ્યન્ત, શકુન્તલા અને પુત્ર સર્વદમન(ભરત)નું મિલન થાય છે. છેવટે મુનિના આશીર્વાદ લઈને દુષ્યન્ત સપત્નીક અને સપુત્ર પાછો ફરે છે.

સંસ્કૃત સાહિત્યના આ લલામભૂત નાટકની રચનાની પ્રેરણા મહાભારતના શુષ્ક મનાતા સંભવપર્વમાંથી મળી છે. પણ કાલિદાસ કવિએ તે હાડપિંજરમાંથી ચેતનવંતી સુડોળ અને મનોહર રચનાનું સર્જન કર્યું છે. આ માટે કહેવાયું છે કે काव्येषु नाटकं रम्यं तत्र रम्या शकुन्तला। અર્થાત્ ''સાહિત્યમાં નાટક રમ્ય છે અને નાટકોમાં શકુન્તલા રમ્ય છે.'' આ રીતે જેનાં ગુણગાન ગાવામાં આવ્યાં છે, તેવું આ નાટક માત્ર ભારતના જ નહિ; પરંતુ સમગ્ર વિશ્વનાં નાટકોમાં પ્રથમ હરોળમાં સ્થાન પામ્યું છે. જર્મન મહાકવિ ગેટે તો આને વાંચીને એટલા બધા ખુશ થઈ ગયા હતા કે શાકુન્તલના પુસ્તકને માથે મૂકીને નાચ્યા હતા !

આ નાટકના ચોથા અંકમાં કન્યાવિદાયનું નિરૂપણ થયું છે. શકુન્તલાના વિદાય-પ્રસંગે સમગ્ર તપોવન, કણ્વમુનિ, ગૌતમી, શકુન્તલાની સખીઓ, પશુ-પક્ષીઓ, વૃક્ષો અને વેલીઓ પણ ભાવવિભોર બની જાય છે. પ્રસંગોની ગૂંથણી, મહાભારતની મૂળ કથાનું નવીનીકરણ, વસ્તુગુંફન અને પાત્રનિરૂપણ વગેરે વિશેષતાઓથી આ નાટક સાદ્યન્ત માણવા યોગ્ય બની રહ્યું છે.

### <u>પંચતંત્ર</u>

સંસ્કૃત સાહિત્યની અનેક વિશેષતાઓમાં પ્રાણીકથા કે નીતિકથાનું સાહિત્ય પણ એક વિશેષતા છે. આ કથાઓ ઘણા પ્રાચીન સમયથી રચાતી-કહેવાતી આવી છે. તેનાં મૂળ વેદોમાં અને ઉપનિષદોમાં જોવાં મળે છે. આ જ પરંપરામાં પ્રાણીકથાઓનો પણ સમાવેશ થાય છે. પશુ-પક્ષીઓના સ્વભાવ અને તેમની ખાસિયતો-ખામીઓના આધારે આ કથાઓની રચના કરવામાં આવે છે. તેમાં માનવસમાજને રોજબરોજના જીવનમાં ઉપયોગી થાય તેવો ઉપદેશ આપવામાં આવેલો છે. પંચતંત્ર અને હિતોપદેશ એ પ્રાણીકથાના મુખ્ય સંગ્રહો છે.

પંચતત્રના રચયિતા પંડિત વિષ્ણુશર્મા છે. ગ્રંથના આરંભમાં તેની રચનાની પૃષ્ઠભૂમિ આ રીતે મળે છે. દક્ષિણ ભારતના મહિલારોપ્ય નામના નગરમાં અમરશક્તિ નામે રાજા હતો. તેને ત્રણ મૂર્ખ પુત્રો હતા. આ પુત્રોને રાજનીતિમાં પારંગત બનાવવાની રાજાને ચિંતા રહેતી હતી. તેમને શિક્ષિત કરવા તેણે અનેક પ્રયત્નો કર્યા પણ સફળતા મળી નહિ. રાજાએ પોતાના પુત્રોને રાજનીતિ-કુશળ બનાવવા વિદ્વાનો સમક્ષ નિવેદન કર્યું ત્યારે વિષ્ણુશર્માએ આ કામ સ્વીકાર્યું. ''છ માસમાં તમારા પુત્રોને રાજનીતિમાં પારંગત બનાવીશ'', એવી પ્રતિજ્ઞા સાથે વિષ્ણુશર્માએ તે બાળકોને શિક્ષણ આપવાનું શરૂ કર્યું. પંડિત વિષ્ણુશર્માએ પેલા રાજપુત્રોને અનેક નીતિસભર રોચક વાર્તાઓ કહી, જે પંચતંત્રના નામે પ્રસિદ્ધિ પામી.

'પંચતંત્ર' શીર્ષક પરથી સમજાય છે કે આ ગ્રંથમાં પાંચ તંત્રો છે. તંત્ર એટલે વિભાગ. પંચતંત્ર પાંચ વિભાગમાં વહેંચાયેલું છે. (1) મિત્રભેદ (2) મિત્રપ્રાપ્તિ (3) સંધિવિગ્રહ (4) લબ્ધપ્રણાશ અને (5) અપરીક્ષિતકારક.

**(1) મિત્રભેદ** - આ વિભાગમાં મિત્રોમાં ભેદ - ફાટફૂટ પડાવી પોતાનો સ્વાર્થ સાધતાં તત્ત્વો સામે ચેતતા રહેવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. તેમાં મુખ્ય કથા વૃષભ અને સિંહની છે. વનમાં રહેતાં બે શિયાળ તે બંનેનો પરિચય કરાવે છે. વૃષભ અને સિંહ વચ્ચે ગાઢ મિત્રતા બંધાય છે. બે શિયાળ પૈકીનું એક શિયાળ આ મિત્રતાની ઈર્ષ્યા કરે છે અને બન્ને ઘનિષ્ઠ મિત્ર વૃષભ અને સિંહને અનેક પ્રકારની યુક્તિ-પ્રયુક્તિથી લડાવી મારે છે. છેવટે વૃષભ માર્યો જાય છે અને શિયાળ સિંહ સમક્ષ ઊંચું સ્થાન મેળવે છે.

**(2) મિત્રપ્રાપ્તિ** - આ વિભાગમાં ઉત્તમ મિત્રો કરવાથી થતા લાભને લગતી કથાઓ આપવામાં આવી છે. અહીં કાચબો, હરણ, ઉંદર અને કાગડો - એમ ચાર પ્રાણીઓની મૈત્રી અને તેમનાં પરાક્રમની વાત છે. વિચારપૂર્વક સજ્જનો સાથે કરેલી મૈત્રીના લીધે આ ચારેય પ્રાણીઓ ખૂબ મોટાં સંકટોમાંથી પાર ઊતરે છે અને પરસ્પરને સહાયક બની રહે છે.

**(3) સંધિવિગ્રહ** - આ તંત્રમાં કાગડા (काक) અને ઘુવડ (उलूक) વચ્ચેની લડાઈની વાત છે. તેથી તેનું અન્ય નામ 'કાકોલૂકીયમ્' પણ છે. અગાઉ જે શત્રુ રહી ચૂક્યો હોય તેની સાથે કરવામાં આવેલી મિત્રતા કેટલી જોખમકારક બની રહે છે તે આ તંત્રમાં દર્શાવ્યું છે.

**(4) લબ્ધપ્રણાશ** - 'લબ્ધ' એટલે મેળવેલું અને 'પ્રણાશ' એટલે વિનાશ. જે મેળવેલું છે તેનો વિનાશ એ આ તંત્રનો મુખ્ય વિષય છે. અહીં મુખ્ય કથા એક વાનર અને મગરની છે. મૂર્ખાઓ પાસેની વસ્તુઓ ખુશામત કરીને કઈ રીતે પડાવી લેવાય એ આ તંત્રની કથાઓમાં દર્શાવ્યું છે.

**(5) અપરીક્ષિતકારક** - વિચાર કર્યા વિના કામ કરવાથી કેવું ફળ પ્રાપ્ત થાય છે તેને લગતી વાર્તાઓ આ તંત્રમાં છે. અહીં એક હજામને વગર વિચાર્યે કામ કરવાથી થયેલા વિવિધ અનુભવો વર્ણવાયા છે. વસ્તુસ્થિતિનો પૂરેપૂરો વિચાર કરીને જ કોઈ પણ કાર્ય કરવું જોઈએ, એવો બોધ આ તંત્રમાંથી મળે છે.

પંચતંત્રમાં નાની-મોટી વાર્તાઓ સાદી, સરળ અને તરત જ સમજાય તેવી ભાષામાં લખાયેલી છે. વાર્તાઓ ટૂંકી હોવા છતાં અસરકારક બની રહે છે. એક વાર્તામાંથી બીજી વાર્તા નીકળે છે. આ વાર્તાઓમાં ગદ્ય સાથે પદ્યનો વિશિષ્ટ સમન્વય જોવા મળે છે. વાર્તામાં આવતાં પાત્રો પોતાના મંતવ્યના સમર્થનમાં સુંદર શ્લોકો રજૂ કરતાં જાય છે. મનુષ્યના સ્વભાવમાં રહેલ દંભ અને લોભવૃત્તિ, દરબારી માણસોનો ખટપટિયો સ્વભાવ, સ્ત્રીઓના સ્વભાવની વિશેષતાઓ વગેરે વિશે પુષ્કળ હાસ્યરસ સાથે સખત ટીકા કરવામાં આવી છે. અતિશયોક્તિ કર્યા વિના જીવન વિશે વધારે સંગીન અને સુખકર વિચારો આ ગ્રંથ દ્વારા પ્રગટ થયેલા જોઈ શકાય છે.

પંચતંત્ર એ વિશ્વસાહિત્યને ભારતની મોટી ભેટ છે. ભારતની અને વિશ્વની લગભગ તમામ ભાષાઓમાં આ પંચતંત્રનાં અનુવાદો અને ભાષાંતરો થયાં છે. અનેક વિશેષતાઓને કારણે પંચતંત્ર એક અજોડ ગ્રંથ છે.

## સંસ્કૃતની શાસ્ત્રીય કૃતિઓ

સંસ્કૃત ભારતની અને સમગ્ર વિશ્વની પ્રાચીનતમ ભાષા છે. આ ભાષામાં ભારતીય સંસ્કૃતિનો સ્રોત સચવાયેલો છે. આ સંસ્કૃત ભાષામાં એક બાજુ ઉત્તમ સાહિત્યિક અને તાત્ત્વિક ચિંતન કરનારી કૃતિઓ રચાઈ, સચવાઈ અને આખાય વિશ્વમાં પ્રખ્યાત બની છે, ત્યાં બીજી બાજુ કેટલીક ઉત્તમ શાસ્ત્રીય કૃતિઓ પણ રચાઈ છે. જ્ઞાન-વિજ્ઞાનની એટલી બધી શાખાઓમાં જેટલા ગ્રન્થો લખાયા છે, તે વિશ્વની બીજી કોઈ પણ પ્રાચીન ભાષામાં લખાયા નથી.

આ બધા શાસ્ત્રીય ગ્રંથોનું મૂળ વેદ છે. આ વેદ અને તે પછી રચાયેલા વૈદિક સાહિત્યમાં અહીં-તહીં પ્રયોગાત્મક વિજ્ઞાનના કેટલાક અંશો મળી આવે છે. એ પછી મહાભારતકાળ સુધીમાં તો ખગોળશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર,

ચિકિત્સાશાસ્ત્ર, વાસ્તુશાસ્ત્ર, ભૂગર્ભશાસ્ત્ર, માનવશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, વાણિજ્યશાસ્ત્ર વગેરે અનેક શાસ્ત્રીય વિદ્યાઓનો વિમર્શ કરનારા સ્વતંત્ર ગ્રંથો અસ્તિત્વમાં આવી ચૂક્યા હતા. તેમની વ્યાપક પ્રસિદ્ધિ પણ હતી. વરાહમિહિર, આર્યભટ્ટ, ભાસ્કરાચાર્ય, ચરક, માધવ, સુશ્રુત, કૌટિલ્ય વગેરે શતશઃ વિજ્ઞાન વિષયોના વિશ્વવિખ્યાત વિદ્વાનો હતા. એક હજાર વર્ષના સંઘર્ષ અને આપત્તિના સમયમાં આમાંથી ઘણું લુપ્ત થયું છે, છતાં આજેય જે શાસ્ત્રીય ધરોહર ઉપલબ્ધ છે, તે પણ અતિમૂલ્યવાન છે અને તે સમયના વૈજ્ઞાનિકોની ઉપલબ્ધિઓની જાણકારી આપી રહ્યું છે.

એ વાત સર્વવિદિત છે કે અંકોનો જન્મ ભારતમાં થયો છે. શૂન્યની શોધ પણ ભારતમાં થઈ છે. આ વાત જગત આખુંય સ્વીકારે છે. આ અંકોમાં મહત્ત્વનું સ્થાન ધરાવનાર અંકોના પગલે અંકગણિત અને તે સાથે બીજગણિત, જ્યામિતિ, ત્રિકોણમિતિ, કોલ્કુલસ, વેક્ટર ગણિત અને આવી અનેક ગણિતની પદ્ધતિઓ પણ ભારતમાં જન્મી અને વિકસી છે.

આજથી આશરે ત્રણ હજાર વર્ષ પૂર્વ શુલ્વસૂત્રોની રચના થઈ. કલ્પશાસ્ત્રના ભાગ ગણાતા આ ગ્રન્થોમાં અંકગણિત, બીજગણિત, રેખાગણિતના મહત્ત્વપૂર્ણ સિદ્ધાન્તો જોવા મળે છે. આ સૂત્રોના રચયિતા બોધાયન, આપસ્તમ્બ, કાત્યાયન, માનવ, મૈત્રાયન, વરાહ તથા હિરણ્યકેશી વગેરે આચાર્યો હતા.

આ રીતે વૈદિક કાળથી વિકાસ પામતા ગણિતને ત્યાર પછી આર્યભટ્ટ (પહેલા), ભાસ્કરાચાર્ય (પહેલા), બ્રહ્મગુપ્ત, મહાવીર, આર્યભટ્ટ (બીજા), શ્રીધરાચાર્ય, શ્રીપતિ, ભાસ્કરાચાર્ય (બીજા) તથા નારાયણ જેવા અન્ય અનેક ગણિતજ્ઞોએ આગળ વિકસાવ્યું.

પ્રાચીનકાળમાં ગણિતશાસ્ત્ર સૂત્રાત્મક શૈલીમા રચાયું. પાછળથી તે વિવરણ સાથેના ગદ્યમાં રૂપાંતર પામ્યું. આવા ગ્રંથોમાં આજે આર્યભટ્ટ (પ્રથમ)નું आर्यभट्टीयम् પુસ્તક મળી આવે છે. આની પૂર્વે બ્રાહ્મ, વસિષ્ઠ, પિતામહ વગેરેના પાંચ સિદ્ધાન્તો પ્રચલિત હતા; પરંતુ પરંપરામાં તેમને અપૌરુષેય માનવામાં આવે છે. પરિણામે, અત્યારે ઉપલબ્ધ પૌરુષેય ગણિત ગ્રંથોમાં आर्यभट्टीयम् નામનો ગ્રંથ સૌથી વધારે પ્રાચીન છે. આના કરતાં પ્રાચીન કોઈ બીજો ગ્રંથ ઉપલબ્ધ નથી.

આ ગ્રંથમાં કુલ ચાર પ્રકરણો છે. કુલ મળીને એક સો વીસ જેટલાં પદ્યો-શ્લોકો છે. પ્રથમ દસ શ્લોકો ગીતિછંદમાં છે, માટે તે પ્રથમ વિભાગને 'દશગીતિક' કહે છે. જ્યારે બીજા ભાગમાં એક સો આઠ શ્લોકો આર્યા છંદમાં છે, માટે તેને 'આર્યાષ્ટશત' કહે છે. એક શ્લોકમાં મંગલાચરણ તથા બીજા એક શ્લોકમાં સંખ્યાની પરિભાષા આપવામાં આવી છે. આમ, આ એક સો વીસ શ્લોકોનો ગ્રંથ છે.

એમ કહેવાય છે કે ગણિતશાસ્ત્રી આર્યભટ્ટે પોતાની 23 વર્ષની ઉંમરે આ ગ્રંથ રચ્યો હતો.

આર્યભટ્ટના આ ગ્રંથમાં, પ્રારંભમાં જ્યોતિષવિદ્યાને ઉપયોગી ગણિતમાન કહેલ છે. એ પછી ત્રણ પાદ છે. જેમાં અનુક્રમે ગણિત, કાલક્રિયા અને ગોલનો સમાવેશ થાય છે. ગણિતપાદમાં શુદ્ધ ગણિતના અંકગણિત, બીજગણિત, ભૂમિતિ, ત્રિકોણમિતિ જેવા વિષયો છે. જ્યારે બાકીનામાં જ્યોતિષશાસ્ત્રના વિષયો છે.

ગણિતશાસ્ત્રના બીજા પ્રાચીન ગ્રંથોમાં બ્રહ્મગુપ્તનો ब्रह्मस्फुटसिद्धान्त નામનો ગ્રંથ આવે છે. આ બ્રહ્મગુપ્ત ગુર્જર શ્રીમાળી-બ્રાહ્મણ હતા અને ભીનમાલના નિવાસી હતા.

એ પછી ભાસ્કરાચાર્ય (દ્વિતીય)નો सिद्धान्तशिरोमणि નામનો ગ્રંથ આવે છે. આ અતિપ્રસિદ્ધ ગ્રંથના ચાર ભાગ છે : લીલાવતી, બીજગણિત, ગોલાધ્યાય અને ગ્રહગણિત. લીલાવતીમાં પૃથ્વીના ગુરુત્વાકર્ષણ સિદ્ધાંતનો નિર્દેશ મળી આવે છે.

વેદનું અંગ ગણાતા જ્યોતિષશાસ્ત્રના પ્રવાહરૂપે આ રીતે એક બાજુ ગણિત વગેરે શાસ્ત્રોના ગ્રંથો રચાયા, તો બીજી બાજુ માનવજીવનના ચાર પુરુષાર્થો પૈકીના એક એવા અર્થનો વિમર્શ કરનાર અર્થશાસ્ત્રના ગ્રંથો પણ રચાયા.

જો કે આજે જે અર્થમાં 'અર્થશાસ્ત્ર' શબ્દનો પ્રયોગ થાય છે, તે અર્થ આ અર્થશાસ્ત્રનો નથી. સંસ્કૃતનું અર્થશાસ્ત્ર તો કૃષિ, પશુપાલન, વાણિજ્ય, (એટલે કે આજે જે અર્થમાં અર્થશાસ્ત્ર પ્રસિદ્ધ છે, તે) વાર્તા વગેરે વિષયોને આવરી લેનારું શાસ્ત્ર છે. વળી, આ જ શાસ્ત્રમાં રાજનીતિનો વિષય પણ સમાવિષ્ટ થાય છે.

સંસ્કૃતના અર્થશાસ્ત્રનો પ્રસિદ્ધ અને સીમારૂપ ગ્રંથ તે આચાર્ય કૌટિલ્યનો કૌટિલ્ય-અર્થશાસ્ત્ર છે. આ આચાર્ય કૌટિલ્યનાં જ ચાણક્ય, વિષ્ણુગુપ્ત વગેરે નામો પ્રસિદ્ધ છે. સંસ્કૃતના ઉપલબ્ધ અર્થશાસ્ત્રમાં આ સર્વોપરિ સર્વપ્રસિદ્ધ ગ્રંથ છે.

આ પ્રસિદ્ધ ગ્રંથમાં પંદર અધિકરણ છે. આ બધાં અધિકરણો ત્રણ ભાગમાં વહેંચાયેલાં છે. પ્રથમ ભાગમાં બે અધિકરણો છે - વિનયાધિકારિક અને અધ્યક્ષપ્રચાર. આ વિભાગમાં મુખ્યત્વે રાજ્યના કર્તાહર્તા અધિકારીઓની વિચારણા છે.

બીજા ભાગમાં ત્રીજા અધિકરણથી સાતમા અધિકરણ સુધીનાં પાંચ અધિકરણો આવેલાં છે. આ બધામાં રાજ્યના સંચાલન માટે ઉપયોગી બાબતોની વિચારણા છે.

ત્રીજા ભાગમાં બાકીનાં આઠ અધિકરણો આવેલાં છે. આમાં રાજ્યકક્ષા તથા શત્રુ-વિજય માટેની યુક્તિ-પ્રયુક્તિઓનો વિચાર કરવામાં આવ્યો છે.

આચાર્ય કૌટિલ્યના આ અર્થશાસ્ત્ર પૂર્વે મનુ, બૃહસ્પતિ, શુક્ર, વિશાલાક્ષ, પરાશર, નારદ, ભીષ્મ, ઉદ્ધવ અને ઇન્દ્ર વગેરે આચાર્યોના અર્થશાસ્ત્રવિષયક ગ્રંથો રચાયા હતા.

●●●